મેનકાઈન્ડ માસિકના
અવારનવારના નિબંધો, મણકો : ૭

# કલાનો સર્વસામાન્ય સામાજીક ઉદભવ, ઉપભોગ અને ઉપયોગ

વિનાયક પુરોહિત

પ્રકાશક :
૫, હંસાલી, દામલે પથ,
લો કોલેજ રોડની વાટે,
પુણે - ૪૧૧ ૦૦૪.
ફોન : ૨૫૪૬ ૬૫૫૭

જુલૈ ૨૦૦૬
કિંમત : રૂ. ૩૦

મેનકાઈન્ડ માસિકના અવારનવાર નિબંધો : ૭

કલાનો સર્વસામાન્ય સામાજીક ઉદભવ, ઉપભોગ અને ઉપયોગ.

## અનુક્રમણિકા


૧. કલાનો મૂળભૂત સામાજીક ઉદ્ભવ, ઉપભોગ અને ઉપયોગ ૧

૨. કલાસર્જનની ત્રણ ઐતિહાસિક પળો ૨

૩. આજનું વૈચારિક નિયમન તંત્ર અથવા મગજની ધુલાઈનો ૧૪ પ્રકારો. ૫

૪. ધોળા યુરોપ અને કાળા ભારતની ઐતિહાસિક સરખામણી : ૧૯
ઈ. સ. પૂર્વે ૮૦૦૦ થી ઈ. સ. બાદ ૨૦૦૦ સુધીની સંક્ષિપ્ત સરખામણી

૫. ઉપનિવેદશવાદી અને પુંજીવાદી હિન્દુસ્તાનના વિગતવાર તબક્કાઓ. ૨૮

૬. ભારતીય વિચાર પરંપરાની સિદ્ધિઓ અને તેવી પરંપરાની વિશિષ્ટતાઓ.



ડિટીપી :
અભીજીત ગ્રાફિક્સ,
૫૯૭, નારાયણ પેઠ, પૂના ૩૦.

પ્રિંટીગ :
શ્રી નાકાડા પ્રિંટર્સ,
૫૯૭, નારાયણ પેઠ, પૂના ૩૦, ફોન : ૨૪૪૮૫૮૯૯

# કલાનો સામાજીક ઉદ્‌ભવ, ઉપભોગ અને ઉપયોગ


## વિનાયક પુરોહિત


પુરાતત્વ વિજ્ઞાન અને માનવવંશ વિજ્ઞાનના આધારે આપણે એમ નક્કી પ્રતિપાદન કરી શકીએ, કે ઈતિહાસમાં આજ સુધી એવો કોઈ સમાજ આવિષ્કાર પામ્યો નથી, જ્યાં કલાપ્રવૃત્તિને ચાલના ન મળી હાયે. એટલે કે સામાજીક જીવન અને કલાસર્જન બંને એકરૂપ, એકજીવ, રહ્યાં છે. માનવ સમાજ રચે છે, તેની સાથે સાથે જ કલાનું સર્જન અથવા કલાની રજૂઆત કરતો જાય છે.

એટલે કે કલા એક સામાજીક અનિવાર્યતા છે. કલાના અનંત પ્રકારો છે. કારણ માનવીના શ્રમની વિવિધતાની કોઈ સીમા નથી. એક દષ્ટિએ જોતાં શ્રમ કરીને જ, કલાનું સર્જન કરીને જ, માનવી માણસ બને છે.

જ્યારે માણસ કુદરતમાંથી કોઈ વસ્તુને લઈને, તેને ગોઠવે, મઠારે, રચના કરે, તેને કંડારે ત્યારે તેવી પ્રવૃત્તિઓને આપણે ત્રણ દશ્યકળાઓ તરીકે ઓળખીએ છીએ. જેનાં નામ આપણે સ્થાપત્ય, શિલ્પ અને ચિત્ર આપ્યાં છે. આવી જ બીજી અનેક દશ્યકળાઓ છે. જેમ કે બગીચાઓની ગોઠવણી, શહેર અને સમગ્ર ભૌગોલિક વિસ્તારની યોજના, અને તેવાં જ અસંખ્ય નાના-મોટાં કલાપ્રકારો છે. (જુઓ, થૉમસ મૂનરો, કલાઓ અને તેનાં પારંપારિક સંબંધો, ધ લિબરલ આર્ટસ પ્રેસ, ન્યુયોર્ક, ૧૯૫૧; અને સુઝાન કે. લંગર, ફીલીંગ એન્ડ ફોર્મ, સ્કીબનર્સ, ન્યૂયોર્ક, ૧૯૫૩)

બીજી ત્રણ પ્રમુખ કલાક્રિયા અથવા રજૂઆતની કલાઓ તરીકે ઓળખાય છે, જેમ કે સંગીત, નૃત્ય અને નાટ્ય.

આની ઉપરાંત બીજાં બે વિશાળ કલાપ્રવાહો ને આપણે વિખૂટાં પાડી શકીએ છીએ. તેને સાહિત્ય અને ચલચિત્રનાં સંમિશ્ર માધ્યમો કહીં શકાય. આમાં રેડિઓ, વિડિઓ, ડિજીટલ ડિસ્ક, ઈન્ટરનેટ વગેરેના સમાવેશ કરી શકાય.


ટૂંકાણમાં, વિવિધ પ્રકારની કલાસર્જન અને કલાઉપભોગની પ્રવૃત્તિઓ કરીને જ માનવીનું માનસિક ગઠન થાય છે. માણસ શ્રમ કરીને કોઈપણ વસ્તુને ગોઠવે, રચે, સર્જે કે કોઈપણ ક્રિયા કરીને પોતાનાં શરીર વડે કલાને દશ્ય અથવા શ્રાવ્ય સ્વરૂપ આપે એટલે કલાનો પ્રાદુર્ભાવ થઈ ગયો. આ જ વસ્તુ સમજવામાં નીચેની આકૃતિ મદદરૂપ થઈ પડશે.

આકૃતિ : ૧

## ઐતિહાસિક ક્રમની ત્રણ પળો

**પ્રથમ પળ : અર્થ આકાર**

પ્રગટ કરે છે અર્થ વ્યવસ્થાના
તબક્કાઓનો ઈતિહાસ;
વર્ગવિભાજિત, સામાજીક તંત્રોનો
વિકાસ; અને માનવ દ્વારા માનવનાં
શોષણની ગાથા.




**દ્વિતીય પળ : તાંત્રિક આકાર**

દર્શાવે છે માનવની કુદરત
સાથેના ઘર્ષણનો ઈતિહાસ,
વૈજ્ઞાનિક જ્ઞાન અને તંત્ર વ્યવસ્થાનો
તબક્કો, ભૌતિક પરિસ્થિતિને
પરિવર્તન કરતો મનુષ્યશ્રમનો
પ્રયોગ, કલા વસ્તુના પદાર્થનો આકાર.

**તૃતીય પળ : વૈચારિક આકાર**

માનવના આધ્યાત્મિક અને
સાંસ્કૃતિક વિકાસનો ક્રમ,
સમાજમાના માણસોના આંતરિક
આદાન-પ્રદાન ની પ્રક્રિયાનો
આવિષ્કાર.

નોંધ : પળ એટલે જર્મન તત્વચિંતક હેગેલની ''મોમેન્ટ'', અર્થાત વિચારવસ્તુનું ''પલટાતું પાંસુ''

### પહેલી પળ :

હજી વધારે સરળ કરીને તપાસીએ તો પ્રથમ પળનો અર્થ આકાર ઉપયોગ અને વિનિમય મૂલ્યો બંનેને સમાવી લે છે. એરિસ્ટોટલ લખી ગયો તેમ – ''જોડાંના બે મૂલ્યો છે; એક તો એનો ઉપયોગ આપણે પગરખાં તરીકેનો કરી શકીએ. તેનો એક બીજો પણ ઉપયોગ છે. જે વિનિમયનો છે. આપણે કોઈ બીજાંને જોડો આપીને તેની સામે વળતર વસૂલ કરી શકીએ છીએ.''

અર્થ આકાર સંપૂર્ણ સમાજવ્યવસ્થા પલટો ખાય તેમ બદલાતો રહે છે. જેમ કે, ગુલામ વ્યવસ્થામાં અંજીરની કિંમત ખૂબ હતી. કારણ ભૂમધ્ય સમુદ્રની ઉત્તરે આવેલાં ગ્રીસ અને રોમના ખેતરો જેવાં બગીચાઓમાં પેદા થતાં દ્રાક્ષ, ઓલીવફળો અને અંજીરો મુખ્ય હતા, તેમાંથી ખાસ કરીને અંજીરો તે વખતનાં ગુલામ ક્ષમિકોનો એક મુખ્ય અહાર હતો.

તેવી જ રીતે સામંતશાહી સમજાવ્યવસ્થામાં ખેતીવાડીનું પ્રાધાન્ય હતું. હિન્દુસ્તાનમાં કારીગરો મહેલ અને મંદિર સાથે જોડાયેલાં કારખાનાંઓમાં અને તીર્થસ્થળોનાં મેળાઓમાં વેચાતી કારીગીરીની વસ્તુઓનું નિર્માણ અને ઉપભોગ અવશ્ય વિપુલ માત્રામાં કરતાં. પણ તે જમાનામાં ભૌગોલિક રીતે ઓછો સમૃદ્ધ પ્રદેશ, જેવો કે, યુરોપ, અતિશય ગરીબી અને ભીડમાં કાયમ સબડતો હતો. આપણે ભારતની ભૌગોલિક વિશિષ્ટતાઓની શૃખંલામાં જોઈ ગયાં તેમ, યુરોપની વસ્તી ઈસવીસનની શરૂઆતમાં અત્યંત કંગાળ હતી. વિશ્વની વસ્તીનો સાઠથી સિત્તેર ટકાનો હિસ્સો કેવળ ભારતમાં વસતો હતો (કિંગ્સલી ડેવિસ, *હિંદુસ્તાન અને પાકિસ્તાનની આબાદી,* પ્રિન્સ્ટન યુનીવર્સીટી પ્રેસ, ૧૯૫૧, પૃ. ૨૫; અને એન્સાઈકલુપિડિયા બ્રિટાનિકા, ૧૯૭૩ ની આવૃત્તિ, ભાગ-૧૮, પૃ. ૧૮૧)

આગળ ઉપર જોયું તેમ, આ હકીકતનાં ઘણાં કારણો હતાં, મુખ્યત્વે એ કે માછીમારીનાં વ્યવસાય ને બકાત કરતાં યુરોપની પાસે પશુપાલન અને ખેતીવાડીની જીવાણુજાતોનો અભાવ અથવા કમતરતા હતી. તેના પ્રમાણમાં ભારત અનેકવિધ લાલન-પાલનની જીવાણુજાતોનું ઉદ્ભવ સ્થાન અને આબોહવાને લીધે તેનું પ્રચારકેન્દ્ર સાતત્યથી રહ્યું હતું. જેથી જીવનાવશ્યક વસ્તુઓની પ્રચુરતા અને પ્રધાનતા, પહેલેથી જ ભારતની રહી હતી.

તેવી જ રીતે, પૂંજીવાદી વ્યવસ્થામાં ઔદ્યોગિક ક્રાંતિનાં કાળ પછી, ૧૭૫૦/૬૦ થી ૧૮૫૦/૬૦ ની સદીની બાદ, સ્ટીમ અને સ્ટીલનાં આગમન અને પ્રાધાન્યબાદ, ફેક્ટરી વ્યવસાયનો પ્રારંભ થયો. હિન્દુસ્તાનની લૂંટ અને દેશવ્યાપી દુષ્કાળોની ઉપરાછાપરી ઝડીઓનાં મારથી રહેંસાયેલાં સાડાઆઠ કરોડ ગરીબ, એક વખતનાં કારીગર અને તત્કાળનાં ખેતમજૂર, નો ભોગ લઈને થયેલી અંગ્રેજોની ઔદ્યોગિક ક્રાંતિને લીધે અર્થ આકાર વેગળો અને વિશિષ્ટ બન્યો. (જુઓ, વિનાયક પુરોહિત, મેનકાઈન્ડ અવારનવારનાં નિબંધ નં. ૨, નવેમ્બર ૨૦૦૪)

ટૂંકાણમાં, અર્થઆકાર એટલે કે શોષણ વ્યવસ્થા ના ચોક્કસ તબક્કાઓની હારમાળા. પ્રત્યેક કાળમાં નોખાંનોખાં સાશક વર્ગો ઉભરી આવે છે. તેમની શ્રમિકોને ચૂસવાની વિશિષ્ટ પદ્ધતિઓ હોય છે શ્રમથી પેદાથયેલી બધી જ વસ્તુઓ, જેમાં કલાવસ્તુ અને કલાક્રિયાઓનો સમાવેશ થઈ જાય છે, તે બધી આ અર્થઆકારનું રૂપ ધારણ કરે છે આપણે તે જમાનાની કલાકૃતિ અને કલાક્રિયા ઓને સમજવી હોય તો માનવ શ્રમવી પેદાં થયેલી બધીજ વસ્તુઓની તારતમ્યતા શોધવી રહીં. બધી જ કલાવસ્તુઓ અને કલાક્રિયાઓનું ઉદ્ભવ સ્થાન માનવશ્રમ છે આ શ્રમ કંઈ પરિસ્થિતિઓમાં, કઈ ઐતિહાસિક ઘટનાઓની માળા તરીકે પેદા થાય છે, તે આપણે આ પ્રથમ પળનાં અર્થઆકાર દ્વારા સમજી શકશું.

**દ્વિતીય પળ :**

દ્વિતીય પળનો તાંત્રિક આકાર સમજવો સહેલો છે. પ્લાસ્ટિકની વસ્તુઓ, ઈલેક્ટ્રોનિક ઉપકરણો, કુદરતી રંગોની જગાએ પ્રચલિત થયેલાં બનાવટી રસાયનો આવી અનેક પ્રકારની માનવરચિત

અને માનવ સર્જીત વસ્તુઓ અને પ્રક્રિયાઓ અત્યંત સરળતાથી કલાવસ્તુ અથવા કલાક્રિયાનો સમય વ્યક્ત કરે છે.

એક જમાનામાં, કોડિયાઓના પ્રકાશમાં લોકનૃત્યો ખેલાતાં. ત્યાં આજે ડિસ્કો, ગરબાં અને ડિસ્કો ભાંગડાં નર્તનો કાનનાં પડદાં ફાડી નાંખે છે, કાનનાં પડદાં ચીરી નાખે છે.

કોઈપણ કલાપ્રકાર નાનો કે મોટો, ગૌણ કે પ્રાથમિક, એવો નથી, કે જેમાં તાંત્રિક ફેરફારો ન થયાં હોય. એવાં તાંત્રિક ફેરફારો અવિરત થયાં જ કરે છે. કારણ માણસ શ્રમ કરતો જાય છે, તેમ ઓજારોને સુધારતો જાય છે.

આપણે તાંત્રિક દષ્ટિએ જોઈએ તો અસંખ્ય પડોની નીચે કલાવસ્તુ અને કલાક્રિયા ઘડાયેલાં જોવાં મળે છે.

## તૃતીય પળ :

તૃતીય અથવા વૈચારિક પળ : આ કદાચ સૌથી મહત્વનું પાસું છે. માણસ શ્રમ કરે એટલે આપોઆપ તેના વિચારો, ઉર્મિઓ, આકાંક્ષાઓ, આઘાતો, દુ:ખદર્દો, વિમાસણો તેના કામમાં વ્યક્ત, ઓછી વત્તી અંશે થતી જ જાય છે.

માણસ કોઈ પણ વસ્તુને અડકે કે તેની અંગૂલીછાપ તે વસ્તુ મુદ્રિત કરી લે છે. એવું કોઈ પણ કાર્ય નથી, જેમાં માનવી અને એની ભાવના વ્યક્ત ન થતી હોય.

આ અભિવ્યક્તિ બળજબરીથી નથી કરવી પડતી. આપોઆપ, આકસ્મિક રીતે, એળેબેળે, આજાણતાં થઈ જાય છે.

એટલે જ તો કલાવિવેચનને આટલું ઊંચુ સ્થાન પ્રાપ્ત થયું છે. જે વસ્તુ પોતાના મનમાં કે હ્રદયમાં ઊંડેઊંડે છુપાયેલી છે, જે વિચારો, ઉર્મિઓ અને વિમાસણો હજી આપણે ખુદ અર્ધીપર્ધી સમજી શક્યા છીએ. અને જેનો જવાબ ઉખેળી રહ્યાં છીએ. તે કલાકૃતિ દ્વારા વ્યક્ત થઈ શકે છે, અને થઈ જાય છે. આ બધાંનો અભ્યાસ આપણે તૃતીય વૈચારિક, આધ્યાત્મિક પળના પાસાંના વિવેચન દ્વારા કરી શકીએ.

આપણે કલાપ્રવૃત્તિનો સર્વાંગી, એટલે કે ત્રણે પળો ની દષ્ટિએ પ્રાથમિક વિચાર કર્યો.

હવે, કલા પ્રવૃત્તિની સામાજીક ઉપયોગીતાનો ઉલ્લેખ અને વિશ્લેષણ કરીશું.

માનવીને માટે કલા શાહજીક અને અનિવાર્ય છે. એ જેમ જીવે છે, અને જીવનનિર્વાહ કરે છે, તેમ તે પ્રક્રિયાની અનુભૂતિ કલા વસ્તુદ્વારા કરતો જાય છે. કલાપ્રવૃત્તિદ્વારા માનવી વલખાં પણ મારે છે,અને સફળતાની પરાકાષ્ઠા પણ પામે છે. એમ કહોને કે માનવ ઉર્મિ અને વિચારની એવી કોઈ બારીકાઈ નથી, જેનું નિરૂપણ કલાદ્વારા ન થઈ શકે.

પણ, કલા માનવીની એકમાત્ર પ્રવૃત્તિ નથી. માનવી અનેક જાતની કાર્યપ્રવૃત્તિઓમાં ગૂંતાયેલો રહે છે. પ્રત્યેક પ્રકારની પ્રવૃત્તિ અને કાર્યશૈલી તેના જીવનને સમૃદ્ધ અને પરિપક્વ બનાવે છે.

આપણે એક અડસઠો લઈએ. નીચેના એક નાના કોષ્ટક ઉપરથી વાચકને ખ્યાલ આવશે કે

સર્વાંગી દષ્ટિએ કલાનું સ્થાન ક્યાં અને કેટલું છે.

ઊલટું ફેરવીને વિચાર કરીએ તો પ્રત્યેક સામાજીક અને રાજકીય વ્યવસ્થાની ભીતરમાં એક અર્થવ્યવસ્થા હોય છે. પ્રત્યેક અર્થવ્યવસ્થામાં એક સાશક વર્ગ હોય છે, જે ઉત્પાદન અને વિતરણનાં સાધનોનો માલિક છે. અને એક બહુસંખ્ય શોષિત પ્રજાજન હોય છે. જે શ્રમિક છે. અને પોતાના શ્રમથી સમગ્ર વસ્તુઓનું ઉત્પાદન કરે છે. જેનો ઉપયોગ મુખ્યત્વે અને અસમાનતાથી માલિક વર્ગ વિશેષરીતે કરતો હોય છે.

આ વિષમતાની સૃષ્ટિને ટકાવી રાખવા, શ્રમિકોની બહુસંખ્ય પ્રજાને કાબૂમાં રાખવા, શોષણની પ્રક્રિયાનું સાતત્ય જાળવવા, ગરીબોને હતાશ કરીને નિષ્ક્રિય કરી નાખવાં, યેનકેન પ્રકારની યુક્તિઓ સાશક વર્ગ અજમાવે છે. અતિશય ચતુરાઈથી, ચાલાકીથી અને જરૂર પડે ત્યારે અત્યંત ક્રૂરતાથી એ સાશક વર્ગ ગરીબોને ભરમાવે છે, અને પ્રલોભનો આપીને તેને અવારનવાર લલચાવે છે. અને શામ-દામ-દંડ-ભેદની ચર્તુંમુખ જંજાળમાં ફસાવીને સાશક વર્ગની શોષણ અને દમનની પ્રવૃત્તિ કાયમ રાખે છે.

આ શોષણનું સામ્રાજ્ય ટકાવી રાખવા માટે સાશક વર્ગ મુખ્યત્વે વિચારનું નિયંત્રણ જમાવે છે. રોજેરોજ રસ્તાપરના દંગા ફસાદો, આંતર વિગ્રહો, મારાં-મારીઓ અને કાપાંકાપીઓ કોઈપણ સમાજને પાલવે નહિં, પોસાય નહિં, એટલે વિચારનુંજ નિયમન અને સંચાલન કરવું કિફાયતી, સસ્તું અને સરળ થઈ પડે. આ વૈચારિક, સાંસ્કૃતિક, નિયમન, સંચાલન, શાસન, મગજની ધૂલાઈ એ સમાજનાં ખૂણેખાચરે ફેલાયેલી હોય છે.સમાજમાં વસતી પ્રત્યેક વ્યક્તિને આ વિચારનું નિયમન સહન કરવું પડે છે.

આ વૈચારિક નિયમન મગજની ધૂલાઈના મુખ્ય સાધનો (આકૃતી પાન નં. ૬) નીચે પ્રમાણેનાં ગણાવી શકાય.

## ૧) ધર્મ અને ભ્રામક વહેમોનું જાળું :-

માણસ કુદરતી રીતે તો સત્યને જ પારખે છે. અને કાર્યવ્યવહાર વડે હકીકતને ચકાસીને તપાસી લે છે. એટલે માણસને માટે ધર્મ એજ એક ક્રૂર મશ્કરી છે. કોઈએ કદી ઈશ્વરને જોયો નથી કે જાણ્યો નથી, છતાં ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા કરોડો માનસોમાં રોપવામાં આવી છે, તેને ઉખેડીને નષ્ટનાબૂત કરવી કપરું કામ થઈ પડ્યું છે. અનેક હાતચાલાકીના અને કહેવાતાં જાદુનાં ખેલ કરીને ધંધાદારી, બુવા અને ગુરૂઓ, ધર્માંત્માઓ જનસમાજમાં ઠસાવી રહ્યાં છે, કે તેઓ જ્ઞાની છે, અને વિશ્વની બધી જ બારીકાઈઓને જાણે છે અને રોજિંદા જીવનની મુશ્કેલીઓનો ઉકેલ કરી શકે છે.

આ બિલકુલ વાહ્યાત, મિથ્યાં કથન છે. જેમાં કશું જ વજૂદ નથી. છતાં, કરોડો અને અબજો રૂપિયાનો દુર્વ્યંય કરીને લોકો મંદિરો, મસ્જિદો, ગુરુદ્વારાઓ, ગિરિજાઘરો બનાવતાં જાય છે. અને તે બધાંની દેખરેખ કરવા મબલક ખર્ચો કરતાં જાય છે આ ધાર્મિક કુલમૂડીનો અંદાજ અનેક અબજ, પર્વ, નિખર્વમાં આંકી શકાય. તે જ મૂડીનાં વ્યાજમાંથી લાખો ઢોંગી, ધૂતારાઓ સમાજમાં પળે છે.

ક્રાંતિકારી જુવાળનાં સમયમાં નરેશ્વરવાદ આગની જ્વાળા જેમ ફેલાઈ જાય છે. જેમ કે, રશિયાનો લેનિન ટ્રોટસ્કિની આગેવાનીવાળો ૧૯૧૭ થી ૧૯૨૪ નો કાળ; ચીનનો માઓની કિસાન ક્રાંતિનો, સાંસ્કૃતિક ક્રાંતિનો ૧૯૪૯ થી ૧૯૬૬ નો સમય; અથવા ફિદેલ કાસ્ત્રોનાં નેતૃત્વ નીચે

### આકૃતી : ૨

## વૈચારિક નિયમન તંત્ર અથવા મગજની ધૂલાઈનું જાળું

૧ ધર્મ અને ભ્રામક વહેમોનું જાળું

૨ શિક્ષણ, જેમાં સંશોધન અને તંત્રશોધન આવી જાય છે.

૩ સેન્સરશીપ, ખાસ કરીને પ્રસારમાધ્યમોની

૪ પ્રકાશન વ્યવસ્થા, ખાસ કરીને પ્રસાર માધ્યમોની

૫ કાયદો અને વ્યવસ્થાનું તંત્ર જેમાં પોલીસ, ન્યાયતંત્ર અને લશ્કરનો સમાવેશ થઈ જાય છે.

૬ લાલચાવનારી, લુભાવનારી અશ્લીલ રજૂઆતો

૭ માન, સન્માનનાં ખોટાં ખિતાબો અને ઈનામો.

૮ ખરી-ખોટી તત્ત્વજ્ઞાનની બડાશો અને માયાજાળ

### આકૃતી : ૨ (ચાલું)

## વૈચારિક નિયમન તંત્ર અથવા મગજની ધૂલાઈનું જાળું

૯ શોષણની હકીકતોની હાંસી અથવા ઉપેક્ષા

૧૦ સ્વપ્નમય પરી કથાઓનો બહોળો ફેલાવો.

૧૧ જુગાર, લોટરી, ઘોડદોડ, ભ્રષ્ટાચાર વગેરેના પ્રચાર

૧૨ ભ્રષ્ટાચારના અનેક પ્રકારો

૧૩ પૂંજીવાદી વ્યવસ્થાનો મૂળભૂત ખોટો સિદ્ધાંત કે યોજનાં સૂક્ષ્મ પાયા પરજ થાય અને મોટાં પાયા પર અરાજકતા જ સાચી, તેવી ભ્રામક ફિલસૂફી.

૧૪ રમત-ગમતની પ્રવૃત્તિનો અતિરેક

ક્યૂબાએ પિછાણેલો ૧૯૫૯ થી લગભગ આજ સુધીનો ગાળો. આવાં ૩-૪ અપવાદ રૂપ વર્ષોને બાજુએ મૂકીએ તો વિશ્વભરમાં વહેમોની જંજાળનું, ધાર્મિક ભાવનાઓનું માયાવી તંત્રનું સાતત્યરહ્યું છે. એટલે કે હજારો વર્ષોથી માનવસમાજ ગરીબી, શોષણ અને વર્ગવિગ્રહની જંજાળમાંથી છૂટો થયો જ નથી. કદાચ, એકવીસમી સદી દરમ્યાન હિન્દુસ્તાનમાં ચિંતકો એક જમાનામાં બૌદ્ધ અને જૈન અને આજીવિકા ધર્મના પ્રચારકોએ ઈસવીસન પૂર્વેની સાતમી શતાબ્દીમાં કર્યું હતું તેમ નરેશ્વરવાદને પ્રોત્સાહન આપી શકશે. એટલે એકવીસમી સદી, ઈસવીસન પૂર્વેની સાતમી સદીની જેમ, ક્રાંતિકારી અને નરેશ્વરવાદી કદાચ નિવડશે.

હિન્દુસ્તાનની નરેશ્વરવાદી પરંપરા ઘણીજ ઊંડી છે. લોકાયત અને ચારવાક તેમજ બૌદ્ધ, જૈન ધર્મમાં ઈશ્વરની કલ્પનાને સ્થાન નથી. તેવી જ રીતે બુદ્ધનાં જમાનાનાં પાંચ મહાપંડિતો જે તેનાં શિક્ષકો હતાં તેનાં નામ છે : પુરાના કસપ્પા, સંજય બેલાતી પુત્તા, મખ્ખલી ગોશાલી પુત્ર, અજીત કેસકાંબલીન, પુખ્ખુદ કાંત્યાયન આ બધાં જ નરેશ્વરવાદી હતાં. ડી. પી. ચટ્ટોપાધ્યાયનાં અભિપ્રાય મુજબ હિન્દુસ્તાનની છયે છ પ્રતિષ્ઠિત શડંગ તરીકે ઓળખાતી, તત્ત્વજ્ઞાનની મુખ્ય ધારાઓ, સાંખ્ય-યોગ, ન્યાય - વૈશેષિક અને પૂર્વ વિમાન્સા-વેદાંત; છ યે છ નાં મૂળ નરેશ્વરવાદમાં હતાં.

પણ, એ તો ભવિષ્યવાણી કરવા જેવું થાય. ક્રાંતિકારી ઘટનાક્રમ ભારતમાં સફળ થાય કે ન પણ થાય. આજે તો ધર્મનો ફાંસો ભારતની પ્રજાને ગળે લાગીને તેને જબરદસ્ત ભીંસમાં ફસાવી રહ્યો છે. વહેમ અને અંધશ્રદ્ધા ચોતરફ ફેલાયેલાં છે. ગામેગામ અને ગલીનાં નુક્કડે બુવાબાજી અને ગુરુગીરી પોતાનું વહેમોનું સામ્રાજ્ય ધમધોકાર ચલાવી રહ્યાં છે. એમાંથી ભોળી પ્રજાને બચાવવાનું, ઉગારવાનું કામ અથાગ પરિશ્રમ અને ભીષણ પરાક્રમ માંગી લે છે.

## ૨. શિક્ષણ, જેમાં સંશોધન અને તંત્રશોધ, પણ આવી જાય છે. -

લગભગ જન્મતાંની સાથે જ બાળકને કેડમાં કે હાથમાં ઊંચકીને કાલ્પનિક દેવ-દેવીઓનાં ચિત્રો અને ફોટાંઓ, મૂર્તિઓ સામે, જે જે કરાવીને નિર્દોષ ભૂલકાંઓને ઊંધે રસ્તે મા-બાપ લઈ જતાં હોય છે.

હકીકતમાં આપણે જાણીએ છીએ તેમ દેવ-દેવીઓ જેવી કોઈ વસ્તુજ નથી. અને આંખ મીચીને, એવી અંધશ્રદ્ધા નો દુરાગ્રહ કરવાથી, આપણાં જ ભેજાંનું દહીં થઈ જાય છે. પણ શિક્ષણ વ્યવસ્થા એવી છે, કે પ્રત્યેક શાળામાં દિવસનો આરંભ પ્રાર્થનાથી થાય છે. જે બિલકુલ મનગંડત, ભ્રામક માયાજાળ છે. એવી માન્યતાનો ફેલાવો કરવાથી કોઈનાયે ખાલી પેટમાં એક અનાજનાં દાણાંનો ઉમેરો થવાનો નથી, કે એક ઘૂંટ પાણી તેને મળવાનું નથી. ઈશ્વરની સાવ કાલ્પનિક પરીકથાઓમાં બિચારા બાળકનું માનસ ભ્રામક મૃગજળો થી છળવામાં આવે છે. શિક્ષણની કહેવાતી આડ નીચે બિચારો બાળક તો ગોથાં ખાઈ જાય છે.

સાચું પૂછાઓ, તો ધર્મ એ તત્ત્વજ્ઞાનનો વિષય છે, જે ૨૦-૨૫ ની પુખ્તવય પછી જ માણસને શીખવવો, સમજાવવો જોઈએ. તેને બદલે નાનપણથીજ તેનાં મગજની અંદર સાવ કાલ્પનિક પરીકથાઓ રોપી દેવામાં આવે છે. જેથી એ જન્મજાત અપંગ, અને પાંગળો બની જાય છે.

આ શિક્ષણનાં સર્વવ્યાપી જાળામાં વૈજ્ઞાનિક શોધ અને તંત્રજ્ઞાનનું ક્ષેત્ર પણ આવી જાય છે. ખોટી ખોટી, આદર્શવાદી ફિલસૂફીનાં ભ્રામક વિધાનો અને કથનો કરોડોની મગજની કુદરતી શકતી ને વેડફી નાંખે છે.

ખોટું શિક્ષણ એ સાશક વર્ગને માટે અનિવાર્ય છે. કારણ કે, ગલત માર્ગ જો ન દેખાડે તો તો માણસ કુદરતી રીતે ક્રાંતિકારી જ થઈ જાય. એટલે ભૌતિક વાદથી પર એને રાખવો હોય તો, તેને ભરમાવવો જ પડે. શિક્ષણનું મુખ્યત્વે આ જ કામ છે, કે સાવ જૂઠી વાતોને વહેતી કરવી અને અસત્ય ઈતિહાસનો પ્રચાર કરવો.

હું વધારે ઉદાહરણોમાં પડવા નથી માંગતો, પણ સામંતશાહી કે પૂંજીવાદી અર્થવ્યવસ્થાનાં અનેકવિધ સ્વરૂપો છે, મહોરાંઓ છે અને પાખંડો છે. તે બધાંને ભેદીને માર્ગ શોધવાની આપણી સાહજીક ફરજ છે.

બધી જ બાબતમાં આપણો ભારત દેશ અત્યંત કંગાલ અને પછાત અવસ્થામાં છે. દા. ત. પ્રૌઢ નિરક્ષરતાનું પ્રમાણ ૨૦૦૩ માં લગભગ ૪૦% જેટલું હતું. (*માનવ પ્રગતિનો અહવાલ,* ૨૦૦૫, યુએનડીપી, પૃ ૨૨૧) તેજ અરસામાં શિક્ષણ વિષેનો વાર્ષિક ખરચો, રાષ્ટ્રીય વાર્ષિક આવકનાં ફક્ત ૪% જેટલો હતો, સરખામણીમાં ક્યૂબાનો લગભગ ૧૯%, અમેરિકાનો લગભગ ૬%, સ્વીડન અને નાર્વેનો લગભગ ૮% (ઉપરનો જ સંદર્ભ, પૃ. ૨૫૪ થી ૨૫૬)

આનાથી પણ પધારે દુઃખની બીના એ છે, કે શિક્ષણ પરના ખર્ચાનો હીસ્સો આ નિરક્ષર દેશમાં, પ્રાથમિક શિક્ષણ નાં ક્ષેત્રમાં અતિસૂક્ષ્મ છે.

ગરીબો અને નીચલા વર્ગને અજ્ઞાન રાખવામાં આપણું તંત્ર જોરશોરથી કામ કરી રહ્યું છે. ખાસ કરીને, અત્યંત સાંકડા વિશેષજ્ઞોનું નિર્માણ. એટલે દરવર્ષે હજારો-લાખો ભૂલકાંઓ અને યુવાનો ખોટાં વિધાનો અને મંતવ્યોમાં જ ગૂંચવાયેલાં રહે છે. કોઈપણ વિષય લો, તે વિષયની સર્વાંગી માહિતી કોઈપણ શિક્ષણ ક્ષેત્રમાંથી નહિં જડે. અર્થશાસ્ત્ર લો, તો સંપૂર્ણ તંત્રની ભાળ ક્યાંય મળે નહિં. ખેતીવાડીનું અર્થતંત્ર, ઔદ્યોગિક અર્થતંત્રથી સાવ વિખૂટૂ કરી નાખવામાં આવ્યું છે. બંનેનો આંતરરાષ્ટ્રીય વ્યાપારની સાથેનો સંબંધ શોધવો, અભ્યાસકને માટે કપરો થઈ પડે છે. આજ પ્રમાણે દરેક વિષયનો નાના નાના સૂક્ષ્મ તુકડાંઓ કરીને ભૂકો કરી નાખવામાં આવ્યો છે. વિશેષજ્ઞતાની ઉપરનો આગ્રહ દર વર્ષે હજારો-લાખોની સંખ્યામાં વધારે ને વધારે ખોટાં નિષ્ણાતો પેદાં કરે છે. જે વધારે તે વધારે મોટાં ક્ષેત્રનાં અજ્ઞાની બની રહે છે. (જુઓ, જ્યોર્જ લુકાસ, *ઈતિહાસ અને વર્ગવિગ્રહવિષેની જાગરૂકતા*)

શિક્ષણ સાથે બેકારીનો વિષય ખૂબ નિકટનો છે. આજે જ, મે ૨૯, ૨૦૦૬ ના રોજે, પૂનાનાં ઈન્ડિયન એક્સપ્રેસ દૈનિકમાં ખબર છપાયાં છે, કે મહારાષ્ટ્ર રાજ્યમાં ૩૮૬ શિક્ષણ સંસ્થાઓ છે. જે બી. એડ. ની ડિગ્રી ને પ્રદાન કરી શકે છે. દરવર્ષે લગભગ એક લાખ વિદ્યાર્થીઓ આ ૩૮૬ સંસ્થાઓમાં દાખલો લેવાનો પ્રયાસ કરે છે જેમાંથી ફક્ત ત્રીસ હજારને જગાં મળે છે. આ ત્રીસ હજાર વિદ્યાર્થીઓ અને તેનાં મા-બાપો જમીન અને ઘરનું રાચરચીલું વેચીને પ્રત્યેકી બે લાખ રૂપિયા આપીને કોર્સમાં પ્રવેશ મેળવે છે એટલે કે, આ ૩૮૬ સંસ્થાઓની ફક્ત વિદ્યાર્થીઓ તરફથી પ્રવેશ ફી તરીકે ૬૦૦ કરોડ રૂપિયાની વાર્ષિક આવક થાય છે, આ ત્રીસ હજાર માંથી ફક્ત બાર હજારને જ નોકરી મળે

છે. એટલે કે દરવર્ષે ફક્ત મહારાષ્ટ્રમાં અઢારહજાર કેળવાયેલાં શિક્ષકો શિક્ષિત બેકારોની સંખ્યામાં ઉમેરો કરે છે. (*ઈન્ડિયન એક્સપ્રેસ,* પૂના, મે ૨૯, ૨૦૦૬)

આજ અને આથી પણ ખરાબ પરિસ્થિતિ દરેક રાજ્યમાં છે. દેશવ્યાપી આંકડો શોધીએ તો સરકારી રજીસ્ટરમાં એમ્પ્લોયમેંટ એકસચેંજ ખાતે બધું મળીને ચારકરોડથી વધુ અરજદારો જેને જગ્યા મળી નથી, તેવાં નોંધાયેલાં છે. (*ઈન્ડિયા-૨૦૦૬,* સરકારી વાર્ષિક પ્રકાશન, પ્રકાશન વિભાગ-દિલ્હી, પૃ. ૧૪૫)

બીજી રીતે, આ જ વસ્તુને આપણે ચકાસી શકીએ છીએ. હિન્દુસ્તાન અથવા ભારત એ વિશ્વનો અજોડ દેશ છે. જેનું લશ્કર સંપૂર્ણ રીતે મરજીયાત છે. આપણે ત્યાનાં જુવાનીયાઓ બેકારીની ખાઈમાં સબડવાને બદલે મારકાપ કરવાની પ્રવૃત્તિમાં ગૂંથાવાનું પસંદ કરે છે. લશ્કરમાં ભરતી ખુલ્લી મૂકવાની જ્યારે જાહેરાતો છપાય છે, ત્યારે લગભગ અનિવાર્ય રીતે હજારો લાખોની સંખ્યામાં યુવાનો ભરતી કેન્દ્રોનો ઘેરો ઘાલે છે. અને અનેકવાર પોલીસ અને લશ્કરની મદદ લઈને લાઠીમાર, અશ્રુગોળાં અને બંદૂકની ગોળીઓનાં આ બિચારાં બેકાર યુવાનોનો બળીચડી જાય છે.

આ આપણા દેશની સાચી શિક્ષણખાતેની અવસ્થા અને અવ્યવસ્થા છે.

## ૩. સેન્સરશીપ ખાસ કરીને પ્રસારમાધ્યમોની -

સેન્સરશીપ અને પૂંજીવાદી વ્યવસ્થા એ બંને એક જ સિકકાનાં બે પાસાં છે. કયા ને ક્યાં ગરીબ કિસાનો અને મજૂરો સરઘસ કાઢતાં હોય છે, બંધ પુકારતાં હોય છે, કે હડતાલ કરતાં હોય છે. ૧૯૪૭ થી આજસુધીમાં દેશભરમાં લાખો છમકલાંઓ અને હુલ્લડો થયાં છે, અને તેવાં પ્રસંગો સતત બનતાં રહે છે. કોઈ જગાએ બંધ બાંધવા સારું, વિસ્થાપિત થયેલાં કુટુંબો રસ્તાપર ઉતરી આવે છે અથવા કોઈ જગાએ રસ્તો બાંધવાના બહાના હેઠળ ગરીબ જનતાની જૂજ જમીન આંચકી લેવામાં આવે છે. મેં મેનકાઈન્ડનાં તંત્રી તરીકે આ વિષેના વિસ્થાપિતોનાં કચડાયેલાં હક્કોની માગણીનો અનેક લેખોમાં ઉહાપોહ કરેલો. (જુઓ, મેનકાઈન્ડ નાં ૧૯૯૧ થી ૧૯૯૫ નાં અનેક અંકોમાં વિખેરાયેલાં ૨૫-૩૦ લેખો, ખાસ કરીને એમ.પી.આર. રેડ્ડી એ લખેલાં અભ્યાસપૂર્ણ આંકડાવારી સાથેનાં લેખો.)

ઈંદુમતી કેળકરે લોહિયાનાં સૂચન પ્રમાણે ૧૯૪૭નાં કહેવાતાં સ્વાતંત્ર્ય પછીનાં બે દાયકા દરમ્યાન થયેલાં અસંખ્ય પોલીસ અને લશ્કર દ્વારા રચાયેલાં બળપ્રયોગો, અને તેમાં લાઠીગોળીના પ્રયોગ સહીને પડેલાં મૃતકોની સંખ્યા લગભગ અગણિત આંકી હતી. આ દેશની વસ્તી ૧૯૪૭ ની આસપાસ ચાળીસ કરોડની ઉપરની હતી, અને અત્યારે તો સો કરોડની ઉપરની થઈ ગઈ છે. એટલે પોલીસ અત્યાચારોનાં બળી પડેલાંઓની સંખ્યા કેટલાંયે દસલક્ષની થઈ હશે, એમ માની લેવાય. આમાં, હું ભૂખમારાનો ભોગ બનેલાં કિસાનોનો સમાવેશ કરી લઉં છું. ખાસ કરીને બંધ બાંધવાની યોજનાઓને લીધે વિસ્થાપિત થયેલાંઓનો આંકડો ૨ કરોડની ઉપરનો થાય છે.

જ્યારે કામધંધો જ નથી અને ઉપજનું કોઈ સાધન નથી, ત્યારે બીજું શું થાય ? હમણાં હમણાં મહારાષ્ટ્રનાં વિવિધ વિભાગો માંથી કરજાંનાં ભોગથી કંટાળીને આપઘાત કરવાવાળા ખેડૂતોની સંખ્યા અનેક સેંકડાંઓમાં થઈ ગઈ છે. (જુઓ, *ઈન્ડિયન એક્સપ્રેસ* અને *ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના*

રોજનાં છેલ્લાં બે વર્ષના કોઈપણ અંકની પ્રત)

એ તો સારું છે કે આપણો કંગાલ, ભૂખમરાંથી બેબાકળો થઈને ભટકાતે, ચિંધડે હાલ, હાડપિંજર પર ચામડી ચોટાડી હોય તેવો કિસાન આજે ભરબજારમાં આપઘાત કરીને મોતને આવકારે છે. આવતીકાલે એની લાલ આંખો જ્યારે ફાટી જશે અને બે-ત્રણ સાવકારોનો કુહાડીથી ભોગ લઈને ફાંસીએ ચડવાનું વધુ પસંદ કરશે, ત્યારે આજની નવઉપનિવેશવાદી દલાલ રાજ્યવ્યવસ્થાનો કારમો અંજામ આવી જશે. અને ક્રાંતિની બ્યૂગલોનાં આલ્હાદક સૂરો સર્વત્ર ફેલાઈ જશે.

ત્યારે ગલ્લી-ગલ્લીએ રામપ્રસાદ બિસમિલનું ગીત ગૂંજી ઉઠશે : ''માય ! રંગ દે બસંતી ચોલા..... ઈસ ચોલે કો પહેન કે નિકલા હમ મરદો કાં ટોલાં........''

*આપણી* સૌથી જબરદસ્ત અને છેવટની અસરકારક સેન્સરશીપ એટલે લાઠી-ગોળીની, ઝડીમારની વાત ઉપર કરી લીધી, પણ એનાથી સૌમ્ય પ્રકારની અસંખ્ય જાતની સેન્સરશીપ પૂંજીવાદી સમાજમાં સતત ચાલતી હોય છે. આપણે ત્યાં આજે લગભગ છસ્સો-એક જિલ્લાઓ છે. જેનો દરેક કલેક્ટર અસીમ સત્તા ધરાવે છે. પ્રત્યેક જિલ્લાનાં કોઈ પણ ખૂણામાં મન ફાવેત્યારે તે પાંચથી વધુ લોકોનું ભેગાંથવાનું, સભા-સરદાસ યોજવાનું, ભાષણ કરવાનું, બંધ-હડતાલ પોકારવાનું ક્યારેપણ પ્રતિબંધ કરી શકે છે. અને એવો એકપણ જિલ્લો નથી કે જ્યાં છેલ્લાં સાઠ-સિત્તેર વરસમાં ક્યાંક ને ક્યાંક કોઈ ગ્રામીણ વિભાગમાં તેણે આવી પ્રતિબંધાત્મક પ્રવૃત્તિ રોજેરોજ ન કરી હોય.

આખરે, વિષમતાનું સામ્રાજ્ય ચલાવવું હોય તો અન્યાય અને દમન કરવાં જ પડે ને !

આ નાની લેખમાળામાં અતિશય સૂક્ષ્મ વિગતોમાં તો જવાય નહિં. ચલચિત્ર જેવાં લોકપ્રિય માધ્યમ પરની અંગ્રેજી જમાનાથી ચાલતી આવેલી લગભગ અકબંધ સેન્સરશીપની વિગતવાર છણાવટ આપણે આ પહેલાં કરી ગયાં છીએ. (જુઓ, વિનાયક પુરોહિત, *સંક્રાતિકાળનાં ભારતની કલાઓ : વીસમી સદી* ; બે ભાગ, પોપ્યુલર પ્રકાશન ૧૯૮૬-૮૮, પૃ. ૯૬૫ થી ૯૭૮) આવી જ જાતનું વાતાવરણ નાટ્યક્ષેત્રે અને બીજાં પ્રસારમાધ્યમો માં જોવાં મળે છે. ઘણું કરીને લેખકો, ચિત્રકારો અને કવિઓ સ્વયં સેન્સરશીપ કરતા થયાં છે. અને પ્રતિષ્ઠા કમાવવા, પૈસા મેળવવા, માન-સન્માન અને ઈનામો ઝડપવા તેઓને આવી સ્વયંયોજિત સેન્સરશીપ કરવામાં શાણપણ લાગે છે. એટલે કંઈક અંશે સેન્સરશીપ લગભગ અદશ્ય બની ગયી છે.

પણ છેવટે, વિષમતાનો અને શોષણ-દમનનો સમાજ તો ચલાવવો જ રહ્યો. એટલે સેન્સરશીપ સર્વવ્યાપી, અવિરત અને અસરકારક હોય જ છે.

હજી ગઈકાલનાં જ સમાચાર જોઈએ. ઈન્ડિયન એક્સપ્રેસની પૂનાની ૩૧ મે ૨૦૦૬ ની આવૃત્તિમાં ખબર છપાઈ છે કે ૧૧૧૯ પોલીસ ખાતાની ખાલી જગાઓ માટે ૨૨ હજાર યુવાનોએ અરજી કરી હતી. તેમાં સ્નાતકો અને તેથી વધુ ભણેલાં પીએચડી અને એમ. એ. ની ડિગ્રીવાળા વિદ્યાર્થીઓનો સમાવેશ થઈ જાય છે. આ દમનકારી દળમાં જોડાવાં માંગતા જુવાનિયાઓની ઉપરજ દમન અજમાવવાનો પ્રસંગ ઉભો થઈ ગયો. અને તેમની ઉપર ભીષણ લાઠી ચાર્જ કરવામાં આવ્યો.

ગરીબી અને બેકારી આપણા દેશની એકવીસમી સદીની બે મુખ્ય હકીકતો છે. તેનો નિકાલ કરે તેવી કાયમી સ્વયંસંચાલીત અર્થવ્યવસ્થાનું સર્જન જ્યાં સુધી સમાજવાદી વ્યવસ્થા હેઠળ નહિં

કરવામાં આવે, ત્યાં સુધી સેન્સરશીપ, પોલીસ અને ન્યાયધીશોની લાઠી-ગોળી શિવાય બીજો કોઈ માર્ગ છે જ નહી, ભણેલાં જુવાનિયાઓની સામે બે જ પર્યાય છે. પહેલો તે ગુનાહનાં જગતમાં કૂદી પડવાનો અને બીજો તે સરકારી નોકરી સ્વીકારીને ભ્રષ્ટાચાર કરવાનો.

## ૪. પ્રકાશન વ્યવસ્થા ખાસ કરીને પ્રસાર માધ્યમોની –

સ્થાપિત પૂંજીવાદી હિતોની વિરુદ્ધ કશું પણ છાપવું તે અત્યંત કપરું કામ છે, જે જવલ્લે જ જોવા મળે. બધી જ તરફથી આપણી નવઉપનિવેશવાદના દલાલ સંસ્કૃતિ માં ગુણગાન થતાં રહે છે. દરેક લેખક, કલાકાર, સરકારી દફતરમાં કામ કરનારો ખિદમતગાર, કારકૂન કે અફસર એકબીજાને હંફાવીને, કચડી નાખીને આગળ વધવાની હોડમાં સ્વમાન નેવે મૂકીને પૈસો અને માન-મરતબો એકઠો કરવામાં ગુલતાન છે. જૂઠું બોલવું પડે તો તેમ કરીને 'યા હોમ, કરીને પડો, પૈસો છે આગે.' એ નિયમને અનુસરીને ખૂન-ખરાબાં સુધી પહોંચી વળે છે.

વ્યક્તિસ્વાતંત્ર્યના ઓઠાં હેઠળ સાચો માનવ પ્રેમ વિસારે મૂકાયેલો છે. ઊલટું માણસ એકમાત્ર પ્રાણી છે, જે સ્વાર્થનો ત્યાગ કરીને પારકાંને માટે જીવ આપવા સુધીની તમન્ના દર્શાવી શકે છે. કોઈ સિંહ, વાંદરો કે વ્હેલ માછલી નિયમિત રીતે પરોપકારી નથી હોતાં. એ તો માનવી જ બોધિસત્વ બની શકે. જે એકલાં – અટૂલાં બુદ્ધ બનવાની, નિર્વાણ મેળવવાની, તક ત્યજીને બીજાંને બચાવવાં બોધિસત્વનું સ્વરૂપ ધારણ કરી શકે છે.

ગણ્યાં ગણાય નહિં અને વીણ્યાં વણાય નહિં, એટલાં પરોપકારનાં પ્રસંગો માનવે પીછાણ્યાં છે.

એ તો પૂંજીવાદી સમાજ, અને દૂરને અંતરે આવેલો એવો જ વર્ગસાશિત અન્ય સમાજ, જેમાં મિલકત થોડાંની પાસે હોય અને વધુ જનસમુદાય મિલકતથી વંચિત હોય એવો લધુમતી રાજનો કોઈપણ સમાજ, એવું માને અને વ્યક્તિસ્વાતંત્ર્યનાં બહાને બીજાંઓની ઉપર ઠસાવે કે માનવી માત્ર નીચ છે, સ્વાર્થી છે, અને ગંદો છે.

ટૂંકાણમાં, શોષણ-દમનનો સમાજ અને તેવાં સમાજનાં કર્તા-હર્તાઓ ભ્રામક ખ્યાલોને વહેતાં કરે છે. જેમાં માણસને ક્રૂર, ઘાતકી અને લોહી-પિપાસુ લેખવામાં આવ્યો છે.

આવા ખોટાં અને જૂઠાં વિધાનોને વહેતાં મૂકવા માટે પૂંજીવાદી પંડિતો મોટા-મોટા ગ્રંથો તૈયાર કરે છે. જેમકે *ધ ફોરચ્યુન ઈન્સાઈડ એન્સાઈકલુપિડિયા ઓફ ઈકોનોમિક્સ,* તંત્રી ડી. આર. હેન્ડરસન, ટાઈમ વૉનર કંપની, ન્યૂયોર્ક, ૧૯૯૩. આ દળદાર ૮૭૮ પાનાંના ગ્રંથમાં એક મૂર્ખ બહેન કેથરિન કલેમ્પ (પૃ. ૭૩) લખે છે કે, તેનાં આઠ બાળકોમાં રમકડાંની માલિકીને લઈને ખૂબ ઝઘડાં-ફિસાદ થતાં, જેનો તે હોશિયાર બહેને અંત આણ્યો, પ્રત્યેક રમકડું અંગત માલિકીનું બનાવી દીધું; આવી જ બાલિશ બડાશ તે જ પુસ્તકમાં પૃ. ૧૧૧ પર રોર્બટ હેસેને હાંકી છે: ૧૮ મી-૧૯ મી સદીનાં અર્થશાસ્ત્રીઓ, એડમ સ્મિથ થી માંડીને બીજાં બધાં જ-''પૂંજીવાદનો બચાવ કરી શક્યાં નહોતાં, કારણ કે તેઓ પૂંજીવાદને સમજ્યાં જ નહોતાં. ઈંગ્લેંડ, અમેરિકા અને પશ્ચિમ યુરોપમાં પૂંજીવાદનો બચાવ કરનારા પોતે જ પૂંજીવાદને સમજ્યાં નહોતાં.'' આ જ બોગસ વિદ્વાન ૧૧૦ માં પાનાંપર લખે છે કે, પૂંજીવાદ જેવી કોઈ વસ્તુ જ નથી. એ તો સમાજવાદીઓએ ઉપજાવી કાઢેલી એક દંતકથા છે.

આપણે આવાં ''વિદ્વાનો'' વિષે વધારે શું લખી એ ? જ્યારે પૂંજીવાદનું અસ્તિત્વજ નકારવામાં આવે છે. ત્યારે તેનો વિરોધ કેવી રીતે થઈ શકે ?

જ્યારે દળદાર ગ્રંથોમાં આવી બાલિશ અને વાહ્યાત વાતોકો સમાવેશ કરવામાં આવે છે, ત્યારે છાપાં, રેડિઓ, ટેલિવિઝન, વગેરે લોકભોગ્ય માધ્યમોનું તો પૂછવું જ શું ? એ બધાં મારફતે તો રોજે રોજ કરોડો પ્રતો અને કલાકોનાં હિસાબે નર્યા જૂઠાણાં અને ખોટાં વિધાનો વહેતાં કરવામાં આવે છે.

સામેથી, પ્રસ્થાપિત હિતોની વિરુદ્ધનું કશું, ક્યારે છપાય કે ન પ્રકાશિત થાય તેની અચૂક ખબરદારી લેવામાં આવે છે. અવારનવાર આ પહેરો સો ટકા સફળ નથી થતો, અને અહીંતહીં છટુંછવાયું સત્ય બહાર પડી જ જાય છે, પણ એ તો અપવાદરૂપે.

પૂંજીવાદી વ્યવસ્થા એટલી મજબૂત, સર્વવ્યાપી અને જબરદસ્ત છે, કે તે છૂટાંછવાયાં, કિલ્લાની દિવાલમાં પડેલાં બોગદાને, ઝડપથી ફરી ચણી લે છે.

સામાન્યરીતે, સ્થાપિત હિતો નું રક્ષણ અસરકારકરીતે પ્રકાશન વ્યવસ્થા કરતી રહે છે. અને કાંતિકારી વિચારસરણી બહોળાં પ્રમાણમાં ફેલાતી જ નથી.

## ૫. ફાયદો અને વ્યવસ્થાનું તંત્ર જેમાં પોલીસ, ન્યાયતંત્ર અને લશ્કરનો સમાવેશ થઈ જાય છે.

આપણે ત્યાં ભારતમાં નવઉપનિવેષવાદની ઉપનિવેશવાદની સજ્જડ પક્કડમાંથી થોડોક છૂટકારો અથવા ઢીલાશ પ્રાપ્ત કરેલાં દેશમાં, અંગ્રેજો ભયાનક પરંપરાને લાગૂ કરી ગયાં છે. આજે પણ કહેવાતાં સ્વાતંત્ર્યનાં લગભગ સિત્તેર વર્ષ પછી, મેજર બી. ડી. બાસુ લખી ગયાં છે તેમ *(ક્રિશ્ચન સત્તાનો હિન્દુસ્તાનમાં ઉત્કર્ષ,* આર. ચેટરજી, કલકત્તા, ૧૯૩૧, પ્ર. ૮૦૫) ''હિન્દુસ્તાનમાં એવું વિચિત્ર નોકરશાહી તંત્ર છે, કે કોઈપણ અમલદાર એમ માને, કે અમુક વસ્તુ કરવાની એને સત્તા હતી, જે માન્યતા ખોટી હોય તો પણ, તે કાર્ય કરવાની તેને સંપૂર્ણ છૂટ છે. અને તે નિર્ણય કાયદેસરનો છે. કારણ કે તેનાં મનમાં કોઈ અંગત દ્વેષી નહોતો.''

આ અદ્‌ભૂત નિયમ મુજબ લાખો ભ્રષ્ટાચારી કૃત્યો રોજેરોજ દેશમાં બન્યાં જ કરે છે અને કરોડો - અબજો રૂપિયા નોકરશાહો ખાતાં જ જાય છે. ચાઈનીઝ જાણકારો જેમ કહીં ગયાં છે કે - 'માંછલી પાણીમાં ફરતી હોય ત્યારે, એક કહે વું અશક્ય છે કે તે પાણી પીએ છે કે ઓકે છે.' આ સુંદર ચાઈનીઝ જળચરનાં નિયમ મુજબ અંગ્રેજ અફસરો એક જમાનામાં દરરોજ સાંજે ઘોળાંઓની કલબોમાં દારૂપીવાં, ઘોળી મડમોને નચાવવાં અને છાકટાં થવાં, બીજાં ઘોળાં વ્યાપારીઓને મળતાં અને મોજીલાં સોદાંઓ કરી લેતાં. એ જ પ્રથા આ જ સુધી ચાલુ છે. અબજો રૂપિયાનાં ટેન્ડરો, ઉદ્યોગપતિ અને તેનાં સહકારી રોજેરોજ ભરતાં હોય છે. અને બિચોલીયા દલાલોનાં કમિશનો તે મુદ્દલ રકમમાંથી બકાત થતાં જ રહે છે. હમણાં હમણાંજ જેની ધરપકડ થઈ તે અબ્દુલ કરીમ તેલગી ખોટાં સ્ટેમ્પ પેપરો છાપવાંના એક ડઝન મશિનો અવિરત ચલાવી રહ્યો હતો, અને તેણે અંદાજે ૩૩ હજાર-કરોડ રૂપિયાનો ઘોટાળો કરી નાખેલો (જુઓ, બહુચર્ચિત તેલગી કેસ ની ખબરો, *ટાઈમ્સ ઓફ ઈન્ડિયા અને ઈન્ડિયન એક્સપ્રેસનાં* દૈનિકોના, ૨૦૦૫ દરમ્યાન છપાયેલાં અહેવાલો, ઠેઠ આજ સુધી)

હમણાં હમણાં ન્યાયાલયોનાં કહેવાતા 'અવમાન' નાં બહાને વાણી સ્વાતંત્ર્યનાં હક પર મોટો ફટકો મારવામાં આવ્યો છે.

કોઈપણ કોર્ટના ચુકાદા પછી, ખાસ કરીને હાતકોર્ટ અને સુપ્રિમ કોર્ટનાં ફેસલા પછી, તેમનાં નિર્ણયને પડકારતું કોઈપણ વિધાન કે કશીપણ ટીકા કરી શકાય નહિં. એ નિર્ણય મુજબ, મેધા પાટકર અને અરૂંધતી રૉયનાં નર્મદા બંધનાં વિરોધનાં આંદોલનને જબરદસ્ત ફટકો મારવામાં આવ્યો છે. બંન્નેની બોલતી બંધ કરી દેવામાં આવી છે, અને બંધ બાંધવાની પ્રવૃત્તિએ માઝાં મૂકી દીધી છે.

જેમ જેમ વર્ગવિગ્રહ તીક્ષ્ણ બનતો જાય છે. તેમતેમ સાશકવર્ગના પ્રસ્થાપિત હિતો નવાંનવાં આયુધોને અવનવી ધાર આપી રહ્યાં છે. આજસુધી 'ન્યાયાલયનું અવમાન' એ કોઈ ગંભીર બાબત નહોતી. પણ હવે ન્યાયાલય સામાજીક, આર્થિક અને રાજકીય ક્ષેત્રમાં અસંખ્ય જગાએ અને રીતે હસ્તક્ષેપ કરી રહ્યાં છે. એટલે ન્યાયાલયનાં ચુકાદાઓ જનતાંની માંગણીઓને અવરોધવાં અનેક ઠેકાણે ઉભાં કરવામાં આવે છે. આવાં અંગત મિલકતને પૂજ્ય માનતાં ન્યાયાધીશોએ આપેલાં ચુકાદાઓ જન-આંદોલનોને પડકારે છે.

અત્યારે આંદોલનકારી પ્રવૃત્તિ ક્ષીણ અને મંદ છે. એટલે ક્રાંતિકારી પરિબળો પીછેહટ કરતાં જાય છે. જોઈએ, આગળ ઉપર શું ઘટે છે ?

## ૬. લલચાવનારી, લુભાવનારી અશ્લીલ રજુઆતો -

પૂંજીવાદી વ્યવસ્થાને ટકાવી રાખવાં અનેક આડમાર્ગોનો સહારો લેવાતો હોય છે. જેકી કોલિન્સ જેવી અમેરિકન, બાર્બરા કાર્ટલેન્ડ નામની અંગ્રેજ અને શોભા ડે નામે ઓળખાતી નઠારી દેશી લેખિકાઓ નો રાફડો ફાંટચો છે.

બાર્બરા કાટલેન્ડનો જન્મ ૧૯૦૧ માં થયો, અને તેણે વર્ષના ૨૩ નાં હિસાબે ૫૫૦ થી વધુ નવલકથાઓ ઢસડી કાઢી છે. જેની ૧૯૯૩ સુધીમાં ૬૦ કરોડ નકલો ખપી ગઈ છે. (*મેરિઅમ વેબસ્ટરસ એન્સાઈકલુપિડિયા ઓફ લિટરેચર*, ૧૯૯૫, પૃ. ૨૧૨-૧૩)

બીજો એક સાહિત્યનો પ્રકાર જે અત્યંત લોકપ્રિય છે, તે ગુન્હા, પોલીસ, જાસૂસ કથાઓનો. આવું સાહિત્ય કરોડોની સંખ્યામાં વેચાય છે. આ પ્રકારના સાહિત્યનો પ્રારંભ ૧૯ મી સદી ની વચ્ચેનો આંકી શકાય. ચાર્લ્સ ડિકન્સની (૧૮૧૨-૭૦) અપૂર્ણ નવલકથા *એડવિન ડ્રુડ* એક જાસૂસકથા જ હતી. એના મિત્ર વિલ્કી કોલિન્સે પણ બે-ત્રણ આજ જાતની વાર્તાઓ લખી. તે જ અરસામાં અમેરિકામાં એડગર એલન પો એ આવું જ લખાણ કરવા માંડ્યું. પછી તો રાફડો ફાંટચો અને સસ્તા સાહિત્યનો સર્વાધિક લોકપ્રિય પ્રકાર જાસૂસ કથા બની બેઠી. અગાથા ક્રિસ્ટી (૧૮૯૦-૧૯૭૬) નામની એક અંગ્રેજ બાઈએ લગભગ ૭૫ જેટલી વાર્તાઓ પ્રકાશિત કરી. તેનાં પ્રકાશકોનાં દાવા મુજબ અગાથા ક્રિસ્ટીની બધું મળીને ૧૦૦ કરોડ અંગ્રેજી પ્રતો ખપી ગઈ છે. અને બીજી ૧૦૦ કરોડ પ્રતો તેનાં ૧૦૦ જેટલી ભાષાઓમાં થયેલાં ભાષાંતરોની ગણી શકાય.

જ્યોર્જ સિમેનૉન નામના એક બેલ્જિયન લેખકે (૧૯૦૩-૧૯૮૯) લગભગ સાડા ચારસો નવલકથાઓ લખી નાખી, જેનું ફ્રેન્ચમાંથી લગભગ પચાસેક ભાષાઓમાં ભાષાંતર થયું છે. અને

વિશ્વભરમાં પચાસેક કરોડ પ્રતોની ખપત થઈ છે. (પી. એન. એસુરલીન, *સિમેનૉન,* ન્યૂયોર્ક, ૧૯૯૭)

આ સિમેનૉન સવારથી શરૂકરીને બપોર સુધીમાં એક નવલકથા પૂરી કરતો. આન્દ્રે જીદ્ નામના પ્રખ્યાત ફ્રેન્ચ લેખકના મંતવ્ય મુજબ સિમેનૉન ''વીસમી સદીનો સૌથી મોટો મહાન નવલકથાકાર હતો.'' અર્નસ્ટ મેન્ડલ નામના વિદ્વાન ટ્રોયસ્કિવાદી અર્થશાસ્ત્રી અને વિવેચક મુજબ ''જાસૂસકથા એ પૂંજીવાદી સમાજની સર્વોપરી સાંસ્કૃતિક દેણ છે.''

અશ્લીલ સાહિત્ય અને જાસૂસકથાઓ ઉપરાંત પૂંજીવાદી સમાજમાં બીજું ક્ષુદ્ર સાહિત્ય અપરંપાર છે.

હમણાં જ, પૂનાનાં ટાઈમ્સ દૈનિકમાં એક અહેવાલ પ્રકાશિત થયો. (૩૦-૫-૨૦૦૬) જેમાં આ કૂચ્ચા સાહિત્યનાં ભડવીરોની યાદી છપાઈ. હિંદી ભાષામાં ૧૯૫૫ નાં અરસાથી આ જાતની ચોપડીઓની આવૃત્તિઓ પચાસહજાર પ્રતનાં હિસાબે છપાતી. ગુલશન નંદાની નવલકથાઓ મે પોતે રેલસફરો દ્વારા વાંચી હોવાનું મને યાદ છે. તેવાં બીજાં મહારથીઓ હતાં. – વેદપ્રકાશ શર્મા, સુરેન્દ્ર મોહન પાઠક વગેરે. વેદપ્રકાશ શર્મા એ તો ૧૫૪ નવલકથાઓ ઢસડી મારી છે.

કૂચ્ચા સાહિત્યનાં ઉર્દૂ લેખકોમાં ઈબનસ સાફિનો સમાવેશ કરી શકાય. યાદીમાં ઓમપ્રકાશ શર્મા, રાનુ, વેદપ્રકાશ કમ્બોજ, રાજહંસ, પરશુરામ શર્માના નામ આપી શકાય. ખાસ કરીને મનોજ જેનું ખરું નામ જમીલ અંજુમ છે, અને કર્નલ રણજીત એટલે કે મકબૂલ જલંધરીની વાર્તાઓ લાખોના હિસાબે છપાતી અને ખપતી.

## ૭. માન, સન્માનનાં ખોટાં ખિતાબો અને ઈનામો –

અંગ્રેજ ઉપનિવેશવાદનાં જમાનામાં (૧૭૬૫-૧૯૪૭) કાળાં અને ઘઉવર્ણા ઉપલાવર્ગના નબીરાંઓને સર, રાયબહાદુર કે ખાન બહાદુરનાં ઈલકાબો મળતાં. રાષ્ટ્રવાદીઓની આ અંગ્રેજ શાસનનાં ખુશામતીથાઓ અને પીઠુઓ પ્રત્યે અત્યંત ઘૃણા હતી.

કહેવાતાં ૧૯૪૭નાં સ્વાતંત્ર્યપછી જે દેશી દલાબોનું રાજ સ્થપાયું, તેની થોડાં વર્ષ તો હિંમત થઈ નહિં, ઈલકાબો આપવાની. પણ, ટૂંક સમયનાં ગાળાં પછી બધી જ અંગ્રેજ પ્રથાઓને પુર્નજીવન મળ્યું.

આજે ભારતરત્ન, પદ્મવિભૂષણ, પદ્મભૂષણ અને પદ્મશ્રી જેવાં શરમજનક ઈલકાબોની લહાણી દરવર્ષે થાય છે. સેંકડો સુવરો અને ગટરનાં કીડાંઓને આ ઈલકાબો મળ્યાં છે. જેની યાદી ને વાંચીને આપણાં સ્વાતંત્ર્ય સેનાનીઓ ના મસ્તક શરમથી ઝૂકી જાય છે.

આવાં સેંકડો જાનવરોનું વર્ણન અહીં જગ્યાની સંકડાશને લીધે શક્ય નથી. પણ, ટૂંકાણમાં એમ કહીં શકાય, કે એકથી વધુ ચડિયાતો નાલાયક બીજો, એમ બધાં જ નઠારાઓનાં નામ અહીં નોંધાયેલાં છે.

લગભગ એકએક જણ ભડવાગીરી અને ભ્રષ્ટાચારની આપણી વ્યવસ્થામાં સંડોવાયેલો છે, અને એમનાં કરતૂતોનું વર્ણન કરવા બેસીએ તો અનેક પોથાંઓ લખવા પડે. કોઈપણ સ્વાભિમાની દેશદાઝ વાળી વ્યક્તિ આવો ઈલકાબ સ્વીકારી શકે નહિં.

## ૮. ખરી-ખોટી તત્વજ્ઞાનની બડાશો અને માયાજાળ -

ગામેગામ અને શેરીએશેરીએ આજે સાવ અર્થહીન તત્વજ્ઞાનનાં ઉદાહરણો તરફ આંગળી ચીંધવામાં આવે છે. આ બધાં યોગીઓ, ફકીરો, ગુરૂઓ અને બુવાઓ ઢોંગી અને સરાસર જૂઠાં વિધાનો કરીને કરોડો અબજો રૂપિયાનો વ્યવહાર કરે છે. ગરીબ અને ભોળી ભારતની જનતાને છડેચોક,દીન-દહાડે લૂંટે છે. પણ આ બધું પૂંજીવાદી વ્યવસ્થાનાં દાયરામાં થાય છે. એટલે, સાશક વર્ગ તેને ખુશી ખુશીને ચલાવી લે છે.

## ૯. શોષણની હકીકતોની હાંસી અથવા ઉપેક્ષા

બીજાં વિશ્વયુદ્ધનાં અંત પછી, ૧૯૪૫થી આજલગ, સેંકડો સીમિત યુદ્ધો ખેલાયાં. તેનો કયાંય સર્વાંગી હિસાબ જડતો નથી.

બુશ અને બ્લેઅરની જોડીએ હમણાં હમણાં જ ઈરાકની અંદર ઉપજાવી કાઢેલી કાલ્પનિક જોખમ નાં આધારે હજારોનાં હિસાબે પોતાનાંજ અંગ્રેજ અને અમેરિકન સૈનિકોનું બલિદાન કરી નાખ્યું. અને લાખો નિર્દોષ ઈરાકીઓનો સંહાર કરી નાખ્યો. આજે બે-ત્રણ વર્ષ બાદ બધાંજ હળહળતાં જૂઠાણાં ખુલ્લાં પડી રહ્યાં છે, અને પોતાની ભૂલોનો એકરાર અંગ્રેજ અને અમેરિકન સત્તાધીશો તરફથી થઈ રહ્યો છે.

તેવી જ રીતે પૂંજીવાદી વ્યવસ્થાની નીચે, દલાલવર્ગના શાસનની શરૂઆતથી આજે સિત્તેર વર્ષ દરમ્યાન, ભારતની પ્રગતિ નહિવત્ થઈ છે. તે કબૂલ કર્યા બાદ આપણા રાજ્યકર્તાઓ જનતાને બેહાલ અને ચિથડેહાલ કરતાં જ રહે છે. અને પ્રત્યેક ચૂંટણીમાં આપેલાં આશ્વાસનો ફરીફરી તોડતાં જ જાય છે. અને "હવે પછી સુધારશું" એમ બોલતાં જ જાય છે.

## ૧૦. સ્વપ્નમય પરીકથાઓનો બહોળો ફેલાવો -

આ બધું દેશમાં બની રહ્યું છે. અને કગાલિયતની વિવિધ કક્ષાઓ કરવામાં આવી રહી છે. તે દરમ્યાન આપણે ચલચિત્રની દુનિયા પર એક નજર ફેરવીએ.

વર્ષની એકહજારથી વધુ ફિલ્મો આપણાં ચલચિત્રકારો બનાવી રહ્યાં છે. જેમાં પૈસાની રેલમછેલ, સુખચેનની પરાકાષ્ઠાં, ગીત-નૃત્યોની મહેફિલો અને એવું બધું રજૂ કરવામાં આવે છે. આ પરીકથા નહિં તો બીજું શું ? સાવ બનાવટી જોડિયાં અને ત્રિપુટીયાં ભાઈઓ અને બહેનોનાં વિખૂટાં પડવાનાં વિચિત્ર પ્રસંગો અને પુર્નમિલનો, રંકમાંથી રાજા બનવાનાં અનેક બનાવો, સુંદર છોકરી અને મબલક દલ્લો પ્રાપ્ત કરવાની બેસુમાર યોજનાઓ અને આવું બધું બિલકુલ વાહ્યાત અને અપ્રતિતિકર નિરૂપણ એટલે જ મુંબઈ, મદ્રાસ અને કલકત્તાની મસાલાં ફિલ્મ.

વધતે ઓછે અંશે આવું જ બીજી બધી કલાઓમાં પણ બનતું આવ્યું છે.

## ૧૧. જુગાર, લોટરી, સટ્ટાબજાર, ઘોડદોડ વગેરેનો પ્રચાર -

જ્યારે સંપૂર્ણ સમાજ ભૂખ અને બેકારીથી ત્રાહે ! ત્રાહે ! પોકારતો હોય ત્યારે પૂંજીવાદી

સંસ્થાનાં ચાલકો લોટરી, જુગાર, સટ્ટાબજાર, ઘોડદોડ, મટકાખેલ, કાસીનો અને એવી જાતની પ્રવૃત્તિઓ અવિરત કરતો રહે છે. કરોડો અને અબજો લૂટીને પાંચ-દસ લાખનાં ઈનામો વહેચવામાં આવે છે. જેમાંથી કદી કોઈનો ઉદ્ધાર થયો નથી. ખાસ કરીને કોઈ બહોળાં વર્ગનો કે મોટી સંખ્યાનો. એકાદને ઈનામ મળે તેની સામે લાખોની અવનતિ ચોક્કસ થતી હોય છે. છતાં આવી જાતનાં આડમાર્ગો અને ખોટાં ધંધાના વ્યવસાયો ફૂલીફાલીને સમાજમાં ઘર કરી બેઠાં હોય છે. અને પ્રચારમાધ્યમોનો એના પ્રચાર માટે ઉપયોગ કરવામાં આવે છે.

વિશાળ દષ્ટિએ આખા સમાજનો વિચાર કરીએ, તો દેખાઈ આવશે કે પ્રત્યેક માણસ પોતાનો સ્વાર્થ સાધવામાં બીજા બધાનું ગળુ કાપી રહ્યો છે, અને આખરે પોતે જ લૂંટાઈ જાય છે. નાનપણથી એકબીજાને મદદરૂપ થઈને સર્વની ઉન્નતિનો માર્ગ કોઈ શોધતું જ નથી. કારણ, એના સંસ્કારજ એવા ખોટા છે.

## ૧૨. ભ્રષ્ટાચારના અનેક પ્રકારો -

એવો એકપણ ખોટો માર્ગ નથી જે પૂંજીવાદી ઓને ખપતો ન હોય. ચોરી, લૂંટફાટ, નશીલી પદાર્થોનું સેવન, જુગાર, વેશ્યાગમન, ચોરી ચપાટી આ બધું જ અવિરત ચાલ્યા કરતું હોય છે. અને તે બધાંનો સર્વનાશ કેવી રીતે કરવો તે બાબત લગભગ કોઈ વિચાર કરતું જ નથી.

જેમ ફ્રેન્ચ વિદ્વાન સંત જસ્ટ કહી ગયો છે તેમ ''શાસન કરવું એટલે જ અન્યાય કરવો.''

આ કથનની સત્યતા શોધવી પડે એમ નથી.

એવો સમાજ રચવો જેમાં બધાં જ એકબીજાને મદદ કરે, એકબીજાની ભૂલોને સુધારી લે, એકબીજાને પ્રોત્સાહન આપે, એવી યોજનાબદ્ધ સમાજવાદી વ્યવસ્થાને ધૂતકારવામાં આવે છે.

## ૧૩. પૂંજીવાદી વ્યવસ્થાનો મૂળભૂત ખોટો સિદ્ધાંત એ છે યોજનાં સૂક્ષ્મ પાયા પર જ થાય અને મોટાં પાયા પર અરાજકતા જ સાચી. તેવી ભ્રામક ફિલસૂફી -

એક કુટુંબ કે એક ફેક્ટરી કે એક કંપનીમાં બધું યોજનાબદ્ધ થવું જોઈએ, ફેક્ટરીનો એક ડિપાર્ટમેંટ બીજાને જેટલું જોઈતું હોય તેટલું જ પેદાં કરે. દુકાનની અંદર કેટલાં મદદનીશો રાખવાં તે બરાબર પૂર્વયોજના પ્રમાણે થાય. પણ, સમાજની અંદર સંપૂર્ણ અરાજકતા, કોઈશું કરે છે, અને બનાવે છે, તેની ખપત કેટલી છે, તેની માગણી સમયાનુસાર કેમ બદલાય છે આનો કોઈએ વિચાર કરવાનો જ નહિં. બસ અંધાધૂંધી ચાલવા દેવાની. દર દસ વીસ વર્ષે આર્થિક કટોકટી ઉભી કરવાની અને દરેક કટોકટી દ્વારા આવતી કટોકટીને વધારે વિષમ બનાવવાની પ્રવૃત્તિ સતત કરતાં રહેવી. આ પૂંજીવાદી અર્થવ્યવસ્થાનો મૂળભૂત સિદ્ધાંત છે. (જુઓ, *ફોરચ્યુન એન્સાઈક્લુપિડિઆ ઓફ ઈકોનોમિક્સ*, તંત્રી : ડેવિડ આર. હેન્ડરસન, વોર્નર બુક્સ, ૧૯૯૩, ખાસકરીને વ્યાપારી આર્વતનોની આકડાંવારી)

ફક્ત ભારત દેશની સ્થિતિ ભયાનક છે એટલું જ નહિં પણ, વિશ્વભરમાં અરાજકતા ફેલાઈ છે.

સમગ્ર વાતાવરણ એટલું પ્રદુષિત થઈ ગયું છે, કે માનવજીવનને ટકાવી રાખવાનું મુશ્કેલ બની ગયું છે. (જુઓ, સંયુક્ત રાષ્ટ્રની વિવિધ સંસ્થાઓનાં અનેક અહેવાલો જેમાં ખાસ કરીને વર્લ્ડ બેન્કનાં

૧૯૭૮ થી ૨૦૦૬ ના વાર્ષિક અહેવાલો અને સંયુક્ત રાષ્ટ્રનાં વિકાસ ફંડનાં ૧૯૯૦ થી ૨૦૦૬ નાં વાર્ષિક અહેવાલોનો સમાવેશ થઈ જાય છે.)

પૃથ્વી પર પૂંજીવાદ ટકી રહે, તો માનવ જીવનનું સાતત્ય લગભગ અસંભવિત છે. ઉત્તર અને દક્ષિણ ધ્રુવના હિમના પડો ઓગળી રહ્યાં છે. વાતાવરણનાં ચોક્કસ વિભાગો માંથી જીવનને બચાવતાં ઓઝોનનાં સ્તરનો નાશ થઈ ચૂક્યો છે, પ્રદૂષણ ને લીધે. વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ ઘાતક બની રહ્યું છે.

માનવ સમાજને જીવનનું સાતત્ય જાળવવું હશે, તો યોજના વગરની પૂંજીવાદી વ્યવસ્થાની જગ્યાએ પર્યાયી અર્થવ્યવસ્થા કરવી જ પડશે. (જુઓ, મનોરમા ઈયર બુકનાં છેલ્લાં દસવર્ષનાં અંકો જેમાં વિશ્વની અને ભારતની પ્રદૂષણ ક્ષેત્રે નાજુક પરિસ્થિતીના ટૂંકા અહેવાલો આપવામાં આવ્યા છે.)

જો કોઈપણ કારખાનું કે ધંધો સાવ યોજના વગરનો હોય, એક વિભાગ બીજા વિભાગને ખપે તેનાથી વધારે ઉત્પાદન અથવા વેચાણ કરી નાખે, તો એક બે દિવસમાં જ કારખાનું અથવા દુકાન નાદારી નોંધવીને બંધ થઈ જાય.

પણ, નાણાંકીય સંસ્થાઓ અને વિતરણ વ્યવસ્થાઓ ને લીધે સમાજની બહોળી અરાજકતા કંઈક સમયને લીધે દબાઈ જાય છે. એટલે મોટાં પાયે ઉદાસીનતા, પુનઃપૂર્તિ, અવનતિ, ઉછાળો એવાં કાલચક્રોમાંથી અર્થવ્યવસ્થા વારંવાર પસાર થતી જાય છે. ઘણી વખત ઉપયોગી વસ્તુઓનો દુરૂપયોગ કરવો પડે છે. જેમ કે, બ્રાઝીલમાં રસ્તાઓ બનાવવા ડામરની સાથે કૉફીના ભૂકાંનો કેટલાક દાયકા પહેલાં ઉપયોગ કરવામાં આવ્યો હતો, તે જ પ્રમાણે આજે યુરોપની પાસે દૂધના તળાવો અને ઈંડા અને ચીઝનાં પહાડો ઉભાં થઈ ગયાં છે. અને દૂધના તળાવ બનતા જેનો કોઈ ખપ જ નથી. જ્યારે કરોડો લોકો એશિયા અને અફ્રિકામાં ભૂખમરીનો શિકાર બની રહે છે. આ બધી ચમત્કારિક બીનાઓ માટે પૂંજીવાદી અર્થવ્યવસ્થા સંપૂર્ણ રીતે જવાબદાર છે.

## ૧૪. રમત-ગમતની પ્રવૃત્તિનો અતિરેક -

આપણે છેલ્લે-છેલ્લે એક વિશેષ નોંધ કરી લઈએ. જેમ આર્થિક વિષમતા અને કટોકટી વધારે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં જાય છે. તેમ-તેમ પૂંજીવાદી વ્યવસ્થા ક્રાંતિકારી, સામાજીક કટોકટીને વધારે ને વધારે દૂર ઢકેલવા, અવનવાં ધમપછાડાં શરૂ કરે છે. ઉપર જોઈ ગયાં તેમ **ધર્મ, શિક્ષણ, કલા, ગુન્હો, ભ્રષ્ટાચાર, નશાખોરી, રંડીબાજી, અશ્લીલ સાહિત્ય, પ્રવાસની મોજમજાં, ટાઈમ-પાસ કરવાની કરામતો, અને એવાં બધાં વિવિધ શસ્ત્રો પૂંજીવાદી વ્યવસ્થા એકપછી એક અથવા એક સામટાં અજમાવતી જાય છે.**

લેનિને તેનાં વિખ્યાત પુસ્તક *શાહીવાદ તે પૂંજીવાદનો છેલ્લો તબક્કો*, ૧૯૧૯, માં આંકડાંઓ સાથે પૂરવાર કર્યું તેમ ૧૯મી સદીની અંતમાં, વિશ્વનાં સંપૂર્ણ વિસ્તારનાં શાહીવાદી શક્તીઓએ આપસમાં વિભાજન કરી નાખ્યું હતું. એકધિકારની નાણાંકિય મૂડીનાં આધિપત્યનો યુગ, ઔદ્યોગિક ક્રાંતિના યુગ (૧૭૬૦ તે ૧૮૬૦) પછી તરત શરૂ થઈ ગયો. અંગ્રેજ શાહીવાદે આપણાં આપણાં ગ્રહની જમીન સપાટીનો ૧/૪ ભાગ કબ્જે કરી લીધો. તેનાથી થોડો ઓછો ફ્રાન્સે પોતાની એડી હેઠળ

આણ્યો અને રશિયાએ બીજે ૧/૭ જેટલો વિશ્વનો ભૂખંડ પોતાની પોલાદી પકડમાં લઈ લીધો. બધું મળીને યુરોપનાં ઘોળાંઓ જે દુનિયાની આબાદીનાં માત્ર ૮-૯% હતાં, તેમણે વિશ્વનો ૧૦૦% નો હિસ્સો કબ્જેકરી લીધો (મેનકાઈન્ડના અવારનવારના નિબંધોનો પહેલો મણકો : *ઘોળાંઓએ સર કરેલું પૃથ્વીનું પડ.*, જાન્યુઆરી, ૨૦૦૪)

આ ૧૯મી સદીનાં અંતની એકબીજી ઘટનાં નોંધપાત્ર છે. ૧૮૯૬ માં ફ્રાન્સિસી કરોડપતિ બેરેન પીએર ધ કુબેરતિને ઓલિમ્પિક રમતોને પુર્નજીવિત કરી. મારાં પોતાના જીવનકાળ દરમ્યાન સ્પોર્ટસનું મહત્વ અતિશય વધી ગયું છે. એટલે કે ૧૯૨૭ થી આજસુધીમાં પહેલાં તો દૈનિક છાપાઓ માં ભાગ્યે જ અડધું પાનું કે એક પાન રમત-ગમતનાં ખબરોને અપાતું. આજે તે વધીને રોજનાં ચાર પાનાંથી ઉપર થઈ ગયાં છે. અને કેટલીય નિયતકાલિકાઓ કેવળ સ્પોર્ટસને લગતી ખબરો અને વાતો છાપે છે.

૧૮૯૬માં ૪૩ શરતોમાં ૩૦૧ ખિલાડીઓ ભાગ લેતાં. આજે ૩૦૦ જાતની જુદી જુદી શરતોમાં બારહજારથી વધુ ખિલાડીઓ ભાગ લેતાં થઈ ગયાં છે. આ તો ફક્ત ઉનાળાની ઓલિમ્પિકસ ૧૯૭૩ ની એન્સાઈકલુપિડિયા બ્રિટાનિકાનાં ૫૦થી વધુ પાનાં ૫૨-૫૮ જાતની હરીફાઈઓનાં આંકડાં ફેલાઈ ગયાં છે.

કરોડો અને અબજો રૂપિયાનો ધૂમાડો, સ્પોર્ટસ પાછળ કરવામાં આવે છે. આપણાં બધાં જ ક્રિકેટરો કરોડપતિઓ બની ગયાં છે. અને એક એક ટેસ્ટ રમવાં તેઓને લાખો રૂપિયાનો ચાંદલો કરવો પડે છે.

રમતોની હરીફાઈની એક બીજી વિશિષ્ટતા છે. દરેક ખેલાડી કોઈ રાષ્ટ્રનો પ્રતિનિધિ બની જાય છે, અને રમત-ગમતનાં મેદાનમાં હાર-જીતના પ્રસંગો સમગ્ર રાષ્ટ્રોની હારજીતનાં બનાવો બની રહે છે.

આ સાવ પાયા વગરની વસ્તુ છે. દરેક રમત અંગત ક્લબોદ્વારાં શેરીથી માંડીને આંતરરાષ્ટ્રીય સ્તર સુધી યોજાતી હોય છે. એમાં કોઈ રાષ્ટ્રવ્યાપી ચૂંટણીઓ થતી નથી. એક ખેલાડીને રાષ્ટ્રનો પ્રતિક માની લેવું. એ તો સાવ બાલિશ, છોકરવાદી કલ્પના છે. પણ પૂંજીવાદી, શાહીવાદી, સમાજવ્યવસ્થા આવાં ખોટાં તુક્કાઓમાં જ રાચે છે.

આપણે તો રમત-ગમતને એનું ગૌણ સ્થાનજ આપી શકીએ. રમત-ગમતનાં મેદાનનાં ભડવીરો તો સામાન્યરીતે પૂંજીવાદી વ્યવસ્થાને અનુરૂપ થઈને, બે પૈસા કે બે લાખ રૂપિયા રળી ખાતાં હોય છે. તેવા વહેંતીયાઓને સમાજનાં કે રાષ્ટ્રનાં નેતાં કે પ્રતિક સમજવા એ તો સાવ ઉત્પટાંગ ખ્યાલ છે. ટૂંકાણમાં, નાના પાયે તર્કસંગતતાઅને મોટાં પાયે અરાજકતા આ પૂંજીવાદી અર્થવ્યવસ્થાનો મૂળભૂત પાયો છે.

હવે આપણે મગજની ધૂલાઈના પ્રકારો ક્યા સારાકવર્ગના આશ્રય હેઠળ હાલના હિન્દુસ્તાનમાં થઈ રહ્યાં છે, તેની તરફ એક નજર ફેરવશું.

મેનકાઈન્ડનાં અવાર-નવારની નિબંધમાળાનાં બીજાં પુષ્પને છેડે આપણે ત્રણ આકૃતિઓ છાપી છે. આ આકૃતિઓ નીચે મુજબ છે.

## મેનકાઈન્ડના અવારનવારની નિબંધમાળાનો મણકા બેની છેવટની ત્રાણ આકૃતિઓ નો સારાંશ

### આકૃતિ - એક

### હિન્દુસ્તાનની સર્વોપરીતાની તવારીખ - ઈસ પૂર્વે ૮૦૦૦ થી ઈસ બાદ ૧૭૬૫

મુખ્ય વિરોધ છે હિન્દુસ્તાનની મજબૂત અને સશક્ત પશુપાલન-અને-ખેતીવાડીની અર્થવ્યવસ્થાનો અને યુરોપની માછીમારી પર આધારિત કંગાલ અને નબળી ગુલામ-અને-પુંજીવાદી અર્થવ્યવસ્થાનો.

યુરોપની સભ્યતાની શરૂઆત લગભગ પાંચ હજાર વર્ષ મોડી, ઈસ પૂર્વે ૩૧૦૦ ની, આરસપાથી થઈ. સાથે સાથે તે સભ્યતા મનુષ્યવંશની અંદર નિએન્ડરથાલવંશના ભેસળથી ભ્રષ્ટ અને પતીત થયેલી હતી. છેલ્લે, તેમાં ભાષાનું ભેળસેળ થઈ ગયું. ઈન્ડો-આર્યન ભાષા પરિવારમાં યુરોપ સામીષ્ટ થયું, પણ તેમાં સેમિટીક-હેમિટીક ભાષા પરિવારોએ દેકારો જમાવ્યો. મધ્યપૂર્વના વેપારી-આડતીયાના ધંધા પર ટકી રહેલી હિબ્રુ-અરેબિક ભાષાઓ અને તેનાથી પ્રભાવિત ધર્મધારાઓએ ઈન્ડો-આર્યન યુરોપીય સંસ્કૃતિને વટલાવી, મિશ્રીત કરી, ચૂંથી નાખી.

હિન્દુસ્તાનની સંસ્કૃતિની શરૂઆત સિંધુ-સરસ્વતી-જમના-ગંગાના મેદાનોમાંથી થઈ. તે લગભગ ઈસ પૂર્વે ૮૦૦૦ થી ૩૦૦૦ ના ગાળા દરમ્યાન થઈ; જેમકે ગોમેલ પાસની પાસેના સીબી ગામની નજદીકના મહેરગઢ અને ગંગાકિનારેના લહુરાદેવા સ્થાનક પાસેના પુરાતત્વ વિભાગે શોધી કાઢેલા અવશેષો. હજીતો હજારો એવા કેન્દ્રોનું ટેકડા રૂપ કાયમ છે અને તેમનું ખોદાણકામ હાથમાં લેવાયું જ નથી, આજની દલાલ વ્યવસ્થામાં સાચો રાષ્ટ્રપ્રેમ નભતોજ નથી. સરસ્વતી સંસ્કૃતિના મોહેંજેદેરો અને હડપ્પા જાણીતા છે પણ સરસ્વતી સંસ્કૃતી વિશ્વમાં અજોડ હતી. ઠેઠ ઉત્તરે આજના અફઘાનીસ્તાનના શોર્ટુઘાઈનામના ટીંબા, જે તેની રશિયા સાથેની સરહદ પર આવેલું છે, ત્યાંથી ઈરાનની સરહદ પાસેના પશ્ચિમના સૂતકાગેન દોરના છેડેથી જમનાપારના અહીછત્ર અને આલમગીરપૂર અને લહુરાદેવા, આબધા પૂર્વની તરફના, કેન્દ્રો અને છેવટે દક્ષીણે, ખંભાતના અખાત પરના બંદર લોથલ, નર્મદાના મુખ પાસેના ભગત્રાવ અને ગોદાવરીના તીરે આવેલા દૈમાબાદ ને આવારી લેતો પ્રદેશ લગભગ ૧૦ લાખ વર્ગ માઈલનો છે. આવી વિસ્તૃત હજારો શહેરોવાળી બીજી કોઈ પ્રાચીન સંસ્કૃતિ વિશ્વમાં નહોતી (જુઓ, *ઈન્ડિયા ટુડે*, જાન્યુઆરિ ૨૬, ૧૯૯૮, પૃષ્ઠ ૭૮-૮૫, જેમાં સિંધુ સંસ્કૃતિનું સરસ્વતી સંસ્કૃતિ તરીકે નવુ નામકરણ થયું જોઈએ, એ વિષયની ચર્ચા થઈ છે) સરસ્વતી સંસ્કૃતિના સેકડો, બલ્કે હજારો, કેન્દ્રો રાજસ્થાન, કચ્છ, ગુજરાત, ઉત્તર મહારાષ્ટ્રના અહમદનગર જીલ્લા સુધી, હરયાણા, પશ્ચિમ ઉત્તર પ્રદેશના ગંગાતીરના પ્રદેશો સુધી ફેલાયલા છે.

ગ્રીક સંસ્કૃતિની શરૂઆત આજના તુર્કીના ભૂમધ્ય કિનારેના આયોનીયા પ્રદેશથી થઈ જ્યાં પ્રાચીન ટ્રોય આવેલું છે. એજીઅન સમુદ્ર તુર્કી અને ગ્રીસ વચ્ચે ફેલાયેલો છે. જ્યાં સ્થીત છે પ્રાચિન માઈસીનીયન સંસ્કૃતીના ટાપુઓ- ક્રીટ, રહોડઝ, અને સાઈપ્રસ. આ ત્રણે ટાપુઓ, આસોનીયાસહ ગ્રીસની સંસ્કૃતિ જન્મસ્થાનો છે. ગ્રીક નાગરિકોને તગડી કાઢ્યા, તુર્કીએ ૧૯૨૨-૨૩માં. ગ્રીસ પોતે સ્વતંત્ર થયું

૧૮૩૦-૩૨ માં. તેના આજના નીવાસીઓનો પ્રાચીન ગ્રીસ સાથેનો કોઈપણ લોહીનો સંબંધ નથી. લગભગ ઈસવીસન બાદની છઠ્ઠી-સાતમી સદીમાં સ્લાવ પ્રજા ત્યાં દાખલ થઈ અને આજ સુધી ત્યાં ટકીગઈ છે. ગ્રીક ધર્મ ક્રીશ્ચીયન છે, પણ ઓથોડોક્સ, તે પણ "સ્વતંત્ર ખોપડીનો".

સરખામણીમાં પુંજીવાદી અવ્યિવસ્થાની સ્થાપના આપણે ત્યાં અંગ્રેજ શાહીવાદના આગમન અને સર્વોપતરીતાથી થઈ. આપણે આ સમય ૧૭૬૫ થી આંકી શકીએ. જ્યારથી બંગાળ, બિહાર, ઓરિસા, આસામ અને નોર્ધન સરકારની મુગલ સમ્રાટ પાસેથી પ્રાપ્ત કરેલી દીવાની શરૂથઈ. (દીવાની એટલે જમીન મહેસૂલ વસૂલ કરવાનો અધિકાર.) ૧૭૬૧માં ત્રીજુ પાણીપતનું યુદ્ધ છેડાયું. મરાઠા અને અફઘાણ સૈન્યો વચ્ચે. આમાં મરાઠા ખાસા ખોખરાં થઈ ગયા. ૧૮૧૮ માં ત્રીજા મરાઠા યુદ્ધના અંતે તેમનો અંગ્રેજોના ભાડૂતી હીંદી સીપાહીઓ વડે પરાજય થયો. એટલે ભારતની આંતરીક સર્વોપરિતા હવે અંગ્રેજોને હાથ લાગી. ૧૮૧૮ થી ૧૯૪૭ સુધી અંગ્રેજોનુ સીધેસીધું રાજ્ય ચાલ્યું. લગભગ ૧૨૯ વર્ષનો ગાળો એટલે તેમનું રાજ આસરે સવાસો વર્ષનું ગણી શકાય. તે પછી દલાલ યુગ શરૂ થયો, ભૂખરા સાહેબોનો. ધોળા સાહેબો ભાગી ગયા પણ ભૂખરાને આપણી છાતી પર બેસાડતા ગયા. તે આસરે, ૧૯૪૭ થી ૨૦૦૬ એટલે સાઠેક સાલનો ગણાય.

છેલ્લા પોણાંબસો વર્ષ પહેલાનો, ઈસ પૂર્વે ૭૦૦ થી ઈસ બાદ ૧૭૬૫ સુધી નો ગાળો, ભારતીય સામંતશાહીનો કહી શકાય. આના પાંચ પેટા તબકાઓ નોંધી લેવાય. તેની વિગતવાર છણાવટ આકૃતિ ૨માં થશે.

અંગ્રેજ શાહીવાદે ફેલાવેલી અનેક પરીકથાઓમાંથી સૌથી ખતરનાક કદાચ આર્યોએ હિન્દુસ્તાન પર કરેલાં કહેવાતા આક્રમણની હતી. ઈન્ડો-આર્યન ભાષાઓનો પરિવાર આયરલેન્ડ થી આસામ સુધી ફેલાયલો હતો એટલે કોઈ મધ્યબિન્દુની આસપાસથી તેઓ બધીતરફ ફેલાયેલા હશે એમ ધોળાઓએ અનુમાન કરી વાત વહેતી મૂકી. ખરૂં પુછાવો તો આર્યોનું જન્મસ્થાન હિન્દુસ્તાનજ હતું અને અહીંથી જ તેઓ આયરલેન્ડ સુધી ફેલાયા એ હકીકત નિર્વિવાદ છે. (જુઓ, શ્રીકાંત તલાગેરી, *આર્યોના આક્રમણની પરિકલ્પના: એક પુન:વિચાર,* આદિત્ય પ્રકાશન, નવી દીલ્હી, ૧૯૯૩, અને ડેવિડ ફ્રૉલી, *ધ મીથ ઑફ આર્યન ઈન્વેઝન ઑફ ઈન્ડીયા,* વોઈસ ઑફ ઈન્ડીયા, નવી દીલ્હી, ૧૯૯૪)

પોતે એક નીચલા સ્તરની સભ્યતાના આધારે, કેવળ લશ્કરી બળ પ્રયોગના જોરે, ભારતને કબજે કર્યુ એવી કબુલિયાત અંગ્રેજો માટે અસંભવ હતી. તેથી આર્યન પ્રજાનું જન્મસ્થાન એમણે દક્ષિણ રિશયા, અને તેની આસપાસના પ્રદેશમાં આંક્યું. તેમની મગજ ધોવાની પદ્ધતિ એટલી સફળ હતી કે લોકમાન્ય તીલકે તો પુસ્તક પણ લખી માર્યું. : "આર્કટીક હોમ ઓફ ધ વેદાઝ", ૧૯૦૩.

અંગ્રેજોએ સાવ બીનબુનીયાદી દંતકથા વહેતી કરી કે કોઈ આર્યપ્રજા આપણા દેશની વાયવ્ય સરહદ પરથી દાખલ થઈ, લગભગ ઈસ પૂર્વે ૧૫૦૦ ની સાલમાં. આ સાલની ધારણા પણ મેક્સ મુલરનામના જર્મન, કહેવાતા વિદ્વાનના કથનને આધારિત હતી, જેનું કથુંજ વજુદ નહોતું. આપણે આ વિશયના વિશેષ વિશ્લેશણમાં અહીં નહીં જઈ શકીએ. ઉપર નાલાગેરી અને ફ્રૉલી ના ગ્રંથોનો ઉલ્લેખ કરી લીધો છે.

ટુંકાણમાં શાહીવાદી ઈતિહાસકારોએ એ વસ્તુ પ્રસ્થાપીત કરવાનો ઘરખમ પ્રયાસ કર્યો છે કે વાયવ્ય સરહદની આસપાસ ૧૦ લાખ વર્ગમાઈલના વિશાળખંડમાં એક જ સમયે એક વેદીક સંસ્કૃતિ હતી જેના કોઈ ભૌતિક અવશેશો જ નહોતા, અને ત્યારેજ એક વિખુટી સિંધુ સંસ્કૃતિ હતી જેના કોઈ સાહિત્યિક અવશેશો જ ઉપલબ્ધ નહોતા. આવી વાહીયાત વાતો ફક્ત શાહીવાદે આંધળા કરેલાઓજ ફેલાવી શકે.

આરામાઈક એક ઈન્ડોઆર્યન ભાષાપરિવારમાં આવેલી ભાષા છે. (જુઓ ડેવિડ ડીરન્જર, સ્થાપના કરનાર, લીપીનું સંગ્રહસ્થાન, કેમ્બ્રીજ અને તબઅવીવના લખાણો, જેનું અવતરણ શ્રીકાંત નાલાગેરીના પુસ્તકના દશમાં પૃષ્ઠ ૫૨ પર જડશે.)

આ આરામાઈક અને કહેવાતી સિંધુ લીપીનો સરખાવીને તો એસ. આર. રાવે લોથલની ભાષા ઉકેલી કાઢી (જુઓ એસ આર રાવ, *સિંધુ લીપીનો ઉકેલ*, એશિયા પબ્લીશીંગ હાઉસ, દીલ્હી ૧૯૮૨)

સંક્ષિપ્તમાં આપણે ચર્ચાને સમેટી લઈએ. વેદની સંસ્કૃતિ તેજ સિંધુ સંસ્કૃતિ અને તેજ સરસ્વતી સંસ્કૃતિ. આર્યોનું આક્રમણ આપણાદેશ પર કદી થયું જ નહોતું અને અહીંથી જ આયરલેન્ડ સુધી આર્ય ભાષાઓ ફેલાઈ. અંગ્રેજ શાહીવાદે પ્રયાસ કર્યો કે આપણે આર્યોના આક્રમણથી માંડીને આ જ લગની ચડાઈઓની પરીકથાઓ માની લઈએ અને નાસીપક્ષ થઈને, હતાશ થઈને, તેમને આવકારીએ.

## બીજા આકૃતિનો સારાંશ :

પ્રબળ ભારતીય સામંતશાહીના વિરોધમાં યુરોપિય સામંતશાહી ભેસળ થયેલી, ભ્રષ્ટ થયેલી, કંગાલ, વેશ્વીખુટી, આંતરકલહથી પીઠીત, અત્યંત નબળી, હાલતવાળી હતી. યુરોપીયન ઠાકરકાઓ એકબીજાની ઉપર આક્રમણો કરી, એકબીજાને આશ્રીત પ્રજાજનોને ગુલામ બનાવતા અને સર કરેલી પ્રજાની સ્ત્રીઓ પર બળાત્કાર કરતા.

ભારતની સામંતશાહી વ્યવસ્થામાં પ્રજાના ધીંકિળાં હતા એવું માનવું ભૂલભરેલું છે પણ અનહદ સસ્તાઈ હતી. એક મહિનાનો કુટુંબદીઠ ખર્ચો બે રૂપિયાની અંદર રહેતો (બ્રુક્સ એડમ્સ, *સંસ્કૃતિના અધઃપતનનો કાયદો*, વીન્ટેજ બુક્સ, ન્યુયોર્ક ૧૮૯૩, પૃ ૨૯૧) બેકારી જેવી કોઈ વસ્તુ હિન્દુસ્તાને જોઈ નહોતી. ભૂમિહીન શેતમજુર અસ્તીત્વમાં નહોતો. જજમાની પ્રથા હેઠળ, ગ્રામના બધા કારીગર વણકર, સુથાર, લુહાર, વાળંદ, મોચી, જોષી, બારેબાર બલુતેદારનો પાક ઉપર લાગો રહેતો. તેમને ખાવાપુરતું મળી રહેતું. હિન્દુસ્તાનની પ્રજા ઉદ્યમી અને ઉદ્યોગી મનાતી. વણકરોની બોલબેલા એટલી જબરજસ્ત હતી કે સમસ્ત વિશ્વની નગ્નતાને રૂથી વણેલા કાપડથી ભારતીય વણકરોએ સૈકાઓ સુધી ઢાંકેલી. ફ્રૅસુઆ બર્નેયરે નોંધ્યુ. છે તે મુજબ સોનુચાંદી વિશ્વભરમાંથી અહીં હીંદમાં ઢલવાતું. અહીંનો તૈયાર માલ ખરીદવા બધાજ દુનિયાના વેપારીઓમાં પડાપડી થતી. (ફ્રાન્સુઆ બર્નિયર, *મુગલ સામ્રાજ્યમાંનો પ્રવાસ*, ૧૬૫૩-૧૬૬૮, ઓક્સફર્ડ યુનર્વસીટી પ્રેસ, ૧૯૧૪, પૃ. ૨૦૨) વિશ્વનો સોનાચાંદીનો ખજાનો ખાલીથઈને ભારતની ભૂમિમાં ગાયબ થઈ જતો (પૃ. ૨૦૩)

અહીંની સામતશાહી યુગનો પ્રારંભ ''સોળ મહાજનપદ'' ના કાળ, એટલે ઈસપૂર્વે ૭મી થી ૫મી સદી દરમ્યાન થયો અને અંત, ઉપર જોયું તેમ, ઈ.સ.બાદ ના ૧૭૬૫ની ઈન્ડીયા કંપનીને મળેલી ''દીવાની''ની સનદથી થયો. એટલે લગભગ અઢીહજાર વર્ષનો ગાળો માની શકાય. તેના પરિપક્વ, પાંચ પેટાતબકકાઓ ઓળખી શકાય :-

પહેલો પેટાતબક્કો ઈ.સ. પૂર્વે ૭૦૦ ની સોળ મહાજનપદની સાલથી ઈ.સ. બાદના ૩૩૦ ગૃપ્ત વંશના પ્રારંભ સુધીનો માની લેવાય. આનું નામ આપણે સંઘીક સામંતશાહીનો , જ્યારે મુખ્યત્વે જૈન, બૌદ્ધ, આજીવિકા વગેરે ધર્મસંઘો ફેલાયા (એ જમાનામાં મખ્ખલી ગોશાળી પુત્રનો આજીવિકા સંઘ લોકપ્રિયતાની બાબતમાં જૈન, બૌદ્ધની હરિફાઈ કરી શકે તેવો હતો, અને શ્રીલંકાસુધી તે ફેલાયલો હતો) સંઘીક સામંતશાહી પ્રથામાં સંઘના સંચાલકો મહેસૂલ વસૂલ કરતાં. અને રાજશાસન સંઘોની મધ્યસ્થીથી ચાલતું. એટલેતો બૌદ્ધોનો ત્રણકલમી કાર્યક્રમ હતો; ધમંમ શરણમ ગચ્છામી, બુદ્ધમ શરણમ ગચ્છામી, અને છેવટે સંઘમ શરણમ ગચ્છામી ! એટલેજ તો અશોક મોર્યને બૌદ્ધ ધર્મનો પ્રચારક મનાયો છે અને એના દાદા ચંદ્રગુપ્ત મૌર્યને જૈન ધર્મના પ્રવર્તક. એ નોધવું જરૂરી છે કે અશોકે બીહારની બારાબાર ગુફાઓમાંની એક આજીવીકા સંઘને પણ ઈનામમાં અર્પી હતી જેની નોંધ ગુફામાંના શિલાલેખમાંથી જડી આવી છે. મુખ્ય વસ્તુ હતી જમીન મહેસૂલ વસૂલ કરવાના હક્કની, અને પ્રજામાં શાંતી અને શીસ્ત જાળવવાની.

બીજો પેટાતબકઠો હતો વિશુદ્ધ, નિર્મલ સામંતશાહીનો. એક ચક્રવર્તિ મહારાજાને સર્વોપરી સ્થાને બેસાડવામાં આવે, અને તેમની નીચે મહારાજા, તેની નીચે ઉપરાજા, તેની નીચે ક્રમવાર રાજા, મહાસામંત, સામંત, ઠાકરડો, ગરાસીયો વગેરે સત્તા ચલાવે તેવી પદ્ધતીને આપણે વિશુદ્ધ, નિર્મલ સામંતશાહી કહી શકીએ. આ પદ્ધતિ અમલમાં આવી ગુપ્તવંશની સ્થાપના સાથે ઈ.સ.બાદના ૩૩૦ ની આસપાસમાં. દેશના દરેક વિભાગમા એકસામટી શરૂ થઈ એવું અમારૂં કહેવું નથી. એ તો વારંવાર લખી ગયો છું તે મુજબ આ ૪૦ કરોઠાની વસ્તીવાળા, લગભગ ૨૯ લાખ વર્ગ કિલોમિટર પર ફેલાયલા આ જંબુદ્વીપના ઉપખંડ માં કોઈપણ વસ્તુ એકી સાથે બધેજ થઈ શકેજ નહીં. આપણી નજર પ્રથમ મુખ્ય પ્રવાહ અને મહત્વના ઘટનાક્રમ પર જ કેંદ્રીત થઈ શકે. આવી વિશુદ્ધ નિર્મળ સામંતશાહીનો યુગ ગુપ્ત કાળથી દીલ્હીની સલ્તનત સુધીનો આંકી શકાય. અને આ સામંતશાહી નું પ્રતિબિંબ સંગીત અને ચિત્રકલાના ક્ષેત્રોમાં પણ થયું, સંગીતના ઘરાણા થયા અને ચિત્રકલાના ઠીકાણા પડ્યા. નૃત્ય અને સાહિત્યની શૈલીઓ નોખીનોખી થઈ. સ્થાપત્યને પ્રાદેશીક ઈલાકાનું રૂપ પ્રાપ્ત થયું. આ સામંતશાહીની ભરભરાટીનો પરાકાષ્ટાનો લેખી શકાય. આપણી લગભગ બધીજ મધ્યકાલીન સીધ્ધીઓ આ સમયમાં જ થઈ !

ત્રીજો પેટાતબક્કો હતો ઈક્તા સામંતશાહીનો એટલે લશ્કરના સેનાધિપતીના આધીપત્યનો. કોઈ પણ પ્રદેશ પર સત્તા જમાવીને, લશ્કરના વડાના હાથમાં જમીન મહેસૂલનો હક્ક સોંપી દેવામાં આવતો. આની શરૂઆત કુતુબુદ્દીન, અલ્તુતમીશ, મહમદ તઘલખ, અલ્લાઉદ્દીન ખલજી વગેરેની સરમુખત્વત્યારીના શાસનમાં થઈ. તેરમીથી સોળમી સદી એટલે અઢીસો વર્ષનો ફાંસલો.

ચોથો પેટાતબક્કો મનસબદારી નોકરશાહી સામંતશાહીનો. રાજા દરબારીઓને વાર્ષિક પગાર આપતા. આ પગારની સામે તેમણે જરૂર પડે ત્યારે ઘોડેસ્વારો, પુરા સજીને, મેદાનમાં ઉતારવા પડતા. આમ જુદા

જુદા ૪૦ પ્રકારના મનસબદારો નીયુક્ત થતા. ટોડરમલે, અકબારના રાજમાં આ પધ્ધતિને સંપૂર્ણરીતે વીકસાવી. વધુ ચર્ચા માટે જુઓ, ડબ્લ્યૂ એચ મોરલેન્ડના ત્રણ ગ્રંથો : *ધ એગ્રેરીયન સીસ્ટમ ઓફ મોસ્લેમ ઈન્ડીયા,* ઓરીએન્ટ બુક્સ, દીલ્હી, ૧૯૨૯; *ફ્રોમ અકબર ટુ ઔરંગઝેબ,* મેકમીલન કંપની, લંડન, ૧૯૨૩, અને *ઈન્ડીયા ટુધ ડેથ ઓફ અકબર,* લો પ્રાઈસ પબ્લીકિશન, દીલ્હી, ૧૯૨૦.

છેલી અને પાંચમી પદ્ધતી હતી મુખ્યત્વે મરાઠા સરદારોની. આ શીવાજીના કાળમાં સ્થપાઈ અને પેશ્વાઓના જમાનામાં વીકસીત થઈ સિંધિયા, હોલ્કર, ગાયકવાડ અને ભોંસલેના વંશમાં તે પરાકાષ્ટ્યએ પહોંચી. આ મહેસુલ વસૂલ કરવાની પદ્ધતી સાવ જંગલી અને ત્રાસદાયક હતી. લૂંટમારી ચોતરફ ફેલાતી. ખેડૂતને તારજ કયાં આજ પરિબળોએ. વારંવાર ચારસો પચાસ જેટલા નોખોનોખા કરો લોકોને ભરવા પડતા. રાજાને ત્યાં પાટવીકુંવરનો જન્મથયો કે તેનો લાગો લાગ્યો જ છે. મોટરગાડી કે ઘોડાગાડી આવી કે તેના વિશિષ્ટ લાગાઓ. ઘાસદાણાનો લાગો, કોઈ અંતજ નહોતો. (જુઓ શરયુ મહાત્રેની લેખમાળા મેનકાઈન્ડના છેલ્લા વર્ષમા છપાયેલી ૨૦૦૪ થી ૨૦૦૫ ના ગાળામાં. જેનું શિર્ષક હતું. *સોશીયલ ચેન્જ ઈન નાઈન્ટીન્થ સેંચ્યુરી મહારાષ્ટ્ર)* બંગાળના કવીઓ લખી ગયા છે કે બાળકોને સૂવડાવી દેવાની તરકીબ બંગાલી માતાઓએ અપનાવી હતી : બારગી (મરાઠા ઘોડેસ્વાર) એષે છેલો ! આ તબક્કો અંગ્રેજના આગમન સુધી ચાલ્યો, એટલેકે ૧૭૨૦ થી ૧૭૬૫ સુધી, આશરે અડધી સદીનો.

આજ સામંતશાહીને સમાંતર યુરોપીય અર્થવ્યવસ્થા હતી ફક્ત છસો વરસની. જેમાં બધું ભેળસેળ જઈને કુચ્ચો થઈ ગયો. શિકાર, મચ્છીમારી, ભેગુ કરવાની પધ્ધતિ, ચાલુ રહી. સાથે સાથે ગુલામ વ્યવસ્થા સાથે સંકળાયલી સર્ફ ખેતીની રીત. ખેતરો, સર્ફ મજુરો સહ વેચાતા. મોટા વિસ્તારોમાં ધર્મગુરૂઓ, પોપ અને તેના આચર્યબિશપો, રાજ સીધીસીધું ચલાવતા. પશુપાલન કરતી ટચ્યુયેનીક પ્રજાઓ (એટલે, ગોથ, કેલ્ટ, એંજલ, સેક્સન વગેરે પ્રજાઓ પણ) ના અવિરત હમલાઓ થતાં રહેતાં. અને વ્યાપારી પુંજીવાદની શરૂઆત પણ થઈ ચૂકી હતી કુ ઝેડ અને કમ્યુનના જમાનાથી (૧૦૯૮ થી) આ વર્ણસંકર અર્થવ્યવસ્થા ઈ.સ. બાદના ૩૩૦ થી બિઝન્ટાઈન યુગના અંત સુધી ૧૨૫૪ સુધી ચાલુ રહી.

## ત્રીજી આકૃતિનો સારાંશ :

યુરોપ ધોળાં, ક્રિશ્ચન, પુંજીવાદી તત્વોની પૃથ્વીની બીજી બધી પ્રજાઓને રંજાડવાની કાળી કરતૂતોની શરૂઆત ક્રૂ ઝેડ ના નામે ચલાવેલા નવ યુદ્ધોથી થઈ આ યુદ્ધો ૧૦૯૮ ઈ.સ. બાદથી ૧૩૬૫ સુધીમાં ખેલાયા.

તેમાં બે બાળકોના કુ ઝેડ અને એક કીસાનોના કુઝેડને ઉમેરીએ તો અંદાજે એક ડઝન ભીષણ, ક્રૂર, પાશવી યુદ્ધો ધોળાંઓએ આપસમાં જ ખેલ્યાં અને મુખ્યત્વે એશીયાના રાજરજવાડાઓ સામે છેડયાં. એશિયન સજાઓની અર્થવ્યવસ્થા એટલી જબરી, સબળી અને મ ''ધ્રુન હતી કે ધોળાંઓના આક્રમણોના મોજાઓ જંગી એશીયાઈ ખડકોની સાથે ભટકાઈ ચૂરચૂર અને ત્ત્વખેર થઈ ગયા.

સલાદીન નામનો એક મોટો સુબેદાર હતો. સલાદીનની સાલો હતી ૧૧૩૮ થી ૯૩ ની. ક્રિશ્ચિયન ક્રૂઝેડના નામે કરેલાં કાળા કારનામા અને કરતૂતોએ ચાર નાના ઠાકરડાઓના રાજ્યોને આકાર આપ્યો: જેરૂસલેમનું રાજ્ય જે ૧૦૯૮ થી ૧૨૪૩ સુધી ટક્યું. બીજી નાનકડી ઠકરાત તે એન્ટીઓક્ની વસાહત જે ૧૦૯૮ થી ૧૧૪૪ સુધી ટકી શકી. ત્રીજી, એડેસાની ફાઉન્ટશીપ, જે ૧૦૯૮ થી ૧૧૪૪ સુધી હતી. ચોથી તે ત્રીપોળીની કાઉન્ડશીપ જે ૧૧૦૨ થી ૧૨૮૯ સુધી મરતી મરતી શ્વાસ લેતી રહી. (જુઓ, *એન્સાઈક્લોપિડિયા બ્રિટાનિકા*, ૧૯૭૩ ની આવૃત્તિ, ખંડ ૬, પૃ ૫૩૦)

બાળકોના ક્રુ ઝેડ તરીકે બે યુધ્ધો થયાં. તે એક સ્ટીવન અને એક નીકોલસની આગેવાનીની હેઠળ છેડાયાં. તે ૧૨૧૨ ની આસ પાસની ક્રૂર મજાક હતી. તેના અંતે હજારો બાળકો, ભૂલકાં અને જુવાનીયા ભૂમધ્ય સાગરતટના ગુલામ વેપારીઓને હાથ લાગી ગયા અને તેમને લાખોની સંખ્યામાં વેચીમારીને, આ ક્રૂર અને ઘાતકી ધોળા વેપારીઓએ મોટો દલ્લો કમાઈ લીધો.

ચોથા ક્રુ ઝેડને નામે શરૂ કરેલો જંગ ૧૨૦૨-૪ મા રમાયો. વેનીશીયન વેપારીઓએ આને મધ્યપૂર્વના ઈસ્લામી દળોની સામે લડવા બદલે તે ક્રુઝેડને બિઝન્ટિયમ પર ફેરવી નાખીને, એ શહેરને લૂંટી માર્યું. (આજ શહેરનું નામ ૩૩૦ થી કોન્સેન્ટીનોપલ થયું હતું અને બાદમાં તુર્કી ખલીફાના તંત્રમાં તેજ શહેર ઈસ્તાંબુલ તરીકે પ્રખ્યાત થયું, જે નામ આજસુધી ચાલુ છે)

રોમન સામાજ્યના અંતે યુરોપમાં મોટા શહેર જ રહ્યા નહોતા. એટલેકે ઈ.સ. બાદની ચોથી-પાંચમી સદીમાં ક્રુઝેડનામના યુધ્ધોની લીધે પહેલીવાર શહેરો સ્થાપાયાં. બાર ક્રુઝેડની વાતોનો અંત નથી. એનું વર્ણન વીગતવાર કરવામાં એક નાનું પુસ્તકાલય ઓછું પડે. અહીં ત્રણ ગ્રંથોનો ઉલ્લેખ કરીશું. એચ. એ. ડેવીસ કૃત *એન આઉટલાઈન હીસ્ટરી ઓફધ વર્લ્ડ* નું પ્રકરણ ૨૦મું *ધ ગ્રોથ એન્ડ ડેવલપમેન્ટ ઓફ ટાઉન્સ,* પૃ ૩૩૮ થી ૩૫૬, એક્સફર્ડ યુનિવર્સિટિ પ્રેસ, ૧૯૫૪; બ્રેસ્ટેડ અને રોબિન્સન, *આઉટલાઈન્સ ઓફ યુરોપીઅન હિસ્ટરી,* ભાગ ૧, પ્રકરણ ૨૧, *મેડીવલ ટાઉન્સ,* પૃ ૬૯૭ થી ૫૩૨; અને સ્ટીવન રન્સીમાન, *અ હીસ્ટરી ઓફ ધ ક્રૂઝેડસ,* ત્રણ ભાગ, કેમ્બ્રીજ યુનિવર્સીટી પ્રેસ, ૧૯૫૧-૫૪)

ડેવીસના લખાણ મુજબ : અગિયારમી અને બારમી સદીમાં યુરોપના શહેરો આજના ગામડાઓ જેવડા હતા... રહેવાસીયો અર્ધ ગુલામ સર્ફ જેવા હતા... (પૃ. ૩૩૯) વસ્તી કેન્દ્રોના માલિકો હતા, રાજાઓ, લોર્ડસ, અને ધર્મ ગુરૂઓ જેઓ તેમના હકકોને વેચીને ક્રુઝેડ પર નીકળી પડતા... અગીયારમી સદીના અંત સુધીમાં કારીગર-શ્રેણીઓ પ્રસ્થાપીત થઈ ચૂકી હતી અને શહેરનો કારભાર તેમણે પોતાને હસ્તક લઈ લીધો હતો..... વેપારીઓની શ્રેષ્ઠીઓ હતી જે ગામનો સર્વાંગી કારોબાર પર દેખરેખ રાખતી, સાથે ચોક્કસ કારીગીરીની શ્રેણીઓ હતી જે તે શ્રેણીનો વેપાર ઉપર વ્યવસ્થા સાંભાળતી.... પૃ. ૩૪૨... બારમી અને તેરમી સદીઓમાં યુરોપના વ્યાપારનો જબરજસ્ત વધારો થયો... મુસલમાનોના આક્રમણો અને ક્રુસેડઝને લીધે વેપાર ખુબ વધ્યો. વેનીસ પાસે ત્રણસોથી વધુ જહાજોનો કાફલો હતો (પૃ. ૩૪૫)... જર્મનીમાં હાન્સીઆટીક લીગની સ્થાપના થઈ (હાન્સ એટલે જર્મન ભાષામાં યુતી) (પૃ. ૩૪૬) જેના એંશી ગામો સભાસદ હતા આ સભાસદોમાં પશ્ચિમના છેકે લંડન આવેલું હતું અને પૂર્વને છેડે નોવગો રોડ, રશિયા, આવેલું હતું. હજી વધુ નોંધપાત્ર હતા ચોદમી અને પંદરમી સદીના ઈટલી ના શકહેરો ની ધનસંપત્તી અને સંસ્કૃતિ (પૃ. ૩૫૨) આ જાહોજલાલી તેમના પૂર્વના દેશો

સાથેના વ્યાપારને લીધે હતી. વેનીસની વસ્તી તે વખતે બે લાખથી વધુ હતી અને તેનો દરયાઈ કાફલો સર્વોપરી હતો પંદરમી અને સોળમી સદીની શોધોને લીધે આ સર્વોપરીતા જીનોઆ અને વેનીસના હાથમાંથી જતી રહી. (પૃ. ૩૫૩)

તેજ પ્રમાણે બ્રેસ્ટેડ અને રોબિન્સનના લખાણ મુજબ : મધ્યકાલીન યુરોપની વિશીષ્ટતા એ હતી કે રોમના સામ્રાજ્યના ભાંગી પડવાના પશ્ચાત અને વિલિયમ કોન્કરર્ના આગમન પહેલા ૧૦૬૬ ના યુરોપમાં મોટા શહેરોજ નહોતા. (પૃ. ૪૯૭) જે ગામો હતા તે નાના હતા અને લગભગ સંપૂર્ણ રીતે સ્વાલંબી હતા (પૃ. ૪૯૯) ગામના રહેવાશીઓ અર્ધગુલામ સર્ફ હતા (પૃ. ૫૦૦) નવી વ્યાપારી વસ્તુઓ પૂર્વના એશિયાના દેશમાંથી આવતી અને આ નવી વસ્તુની માંગને લીધે નવી વસાહતો લોર્ડઝની વિરૂદ્ધ બળવાઓ પોકારાની અને સત્તાનું તંત્ર ભાંગી પડતું (પૃ. ૫૦૨) જેરૂસલેમની યાત્રાએ જવાવાળા ક્રીશ્ચનોના ઘાડાંના ઘાડાં જતા થયા અને ત્યાંથી અવનવી વસ્તુઓની માંગણ કુદકે ભૂસકે વધવા માંડી - તેમના, કાપડ, રેશમ, કીમતી પત્થરો, હીરા, મોતી, વગેરે વેપારની વૃધ્ધિ આખરે ઉદ્યોગના વિકાસમાં પરિણમી (પૃ. ૫૦૩)

સ્ટીવન રન્સીમાને ચોખ્ખું લખી નાખ્યુ : સર્વાંગી રીતે વિચાર કરતાં, એ નિર્વિવાદ છે કે ઐતિહાસીક દષ્ટિએ, ક્રુઝેડો એક વિશાળ ફીઆસ્કો પુરવાર થયાં (ભાગ ત્રીજો, પૃ. ૪૬૯)

આ ક્રુઝેડોની વિફળતાની બાદ એશિયાની સામંતશાહી સત્તાઓના ત્રિશૂળ જેવા ત્રણ ત્રણ જબરા એશીયાના પ્રતિકારના આક્રમણો યુરોપ પર થયાં : બર્બરઆરબોએ સ્પેન પર અલમોરાવીદ અને અલમોહાદ નામના સામ્રાજ્યો રચ્યા (અનુક્રમે ૧૦૫૬ થી ૧૧૪૦ અને ૧૧૩૦ થી ૧૨૮૯), સેલ્જુક, ઈલ ખાન અને ઓટોમાન સામ્રાજ્યો ઈરાન-તુર્કસ્તાનના પ્રદેશમાં સ્થપાયાં (અનુક્રમે ૧૦૫૫ થી ૧૨૪૩, ૧૨૫૬ થી ૧૩૨૬, ૧૪૫૩ થી ૧૯૧૯) અને પૂર્વ યુરોપ પર મોંગોલ સામ્રાજ્યે પોતાનો કબ્જો જમાવ્યો (ઈસ બાદની તેરમી સદીથી ઓગણમી સદી)

જુઓ મેનકાઈન્ડની અવારનવારના નીબંધોની માળાઓ મુણકો બીજો, પૃ. ૧૨-૩૩ પરનો નકશો.

ત્યાર પછી દરિયાવાટે હિન્દુસ્તાન પહોંચવાનો પ્રયાસ યુરોપના વાયવ્ય પ્રદેશના રાજ્યોએ કર્યો જેમાં ઈગ્લેન્ડ, હોલેન્ડ, ફ્રાન્સ, સ્પેન, પોર્ટુગલ વગેરે દેશોનો સમાવેશ થાય છે.

તે પ્રયાસના યુરોપના ધોળાઓ 'શોધનો યુગ' માને છે. જોકે કરોડોની વસ્તી અમેરિકા અને ભારતમાં વાસ કરતી હતી. સ્પેન અને પોર્ટુગલે અમેરિકાને લુંટ્યુ અને રંજાડ્યું. વંશનાશની નીતી અપનાવનારા તે બે સામ્રાજ્યોને ફ્રાંસ, હોલેન્ડ અને ઈગ્લેન્ડના રાજ્યોએ લુંટ્યા. આમ લૂંટનારા લૂંટાઈ ગયા. આ બધી સંમ્પતી ભારતમાં ઠલવાઈ. આશરે ૧૦૦૦ કરોડ પ્રતિવર્ષના હીસાબે જે આખેરે ૧૭૬૫ પછી યુરોપે ફરી પ્રાપ્ત કરી લીધી.

ઉપરની ત્રણ આકૃતિઓ દ્વારા આપણે વિશ્વની છેલ્લાં દસહજાર વર્ષ દરમ્યાન બનેલી ગતિવિધિઓની છણાવટ કરી છે.

અનાદિ કાળથી પૂંજીવાદી વ્યવસ્થા જ ચાલતી આવી છે. - એ વિધાન સરસર જૂઠાણું છે.

પૂંજીવાદની સ્થાપના આપણે ત્યાં અંગ્રેજ રાજની સ્થાપના ની સાથે થઈ, એટલે કે ૧૭૬૫માં. ત્યારે ઈસ્ટ ઈન્ડિયા કંપનીને હિન્દુસ્તાનનો પહેલવહેલો એવો હિસ્સો પ્રાપ્ત થયો, જ્યાંથી તેઓને જમીન મહેસૂલ વસૂલ કરવાનો હક, એટલે કે દિવાનીનો હક, પ્રાપ્ત થયો.

આ ભારતનો હિસ્સો હતો; બંગાળ, જેમાં આસામ નો સમાવેશ તે જમાનામાં હતો, બિહાર, ઓરિસ્સા અને નોરધન સરકારનો (આંધ્રપ્રદેશનાં તટવર્તી જિલ્લાઓ)

આજ અરસામાં બીજી કેટલીક મહત્વની ઘટનાઓ ઘડાઈ ગઈ. ૧૭૫૭ માં બંગાળનાં સુબેદારનો કહેવાતો પ્લાસીનો પરાજય થયો.

૧૭૫૬ થી ૬૩ થી વચમાં અંગ્રેજ અને ફ્રેન્ચ સામ્રાજ્યો વચ્ચે 'સાત વર્ષનું યુદ્ધ' ખેલાયું, જેમાં ફ્રાન્સનો પરાજય થયો, અને ઐતિહાસિક ભારતના મહા ઉપખંડના વિસ્તૃત વિસ્તાર માં અંગ્રજો સર્વોપરી અચાનક આકસ્મિકરીતે પ્રસંગોપાત બની ગયાં.

૧૭૬૧ માં મરાઠાં અને અફઘાણ સૈન્યો વચ્ચે ત્રીજું પાણિપતનું યુદ્ધ ખેલાયું. જેને અંતે મરાઠાંની આગેવાની હેઠળનું દેશી રાજ્યોનું જૂય નબળું પૂરવાર થયું.

મોગલ સામ્રાજ્ય ૧૫૨૬ અથવા ૧૫૫૬ થી ભારતમાં સર્વોપરી હતું. ઔરંગઝેબનાં ૧૭૦૭નાં મૃત્યુ પછી તેણે અપનાવેલી હિન્દુ-મુસ્લિમ વિસંગતીની નીતિને લીધે, મોગલ તાકાતનો અસ્તકાળ શરૂ થયો હતો. જે છેવટે નાદિરશાહની દિલ્હી પરની ચડાઈ અને લૂંટમાર, ૧૭૩૯, અને મરાઠાં અફગાનો વચ્ચેનાં ઉપર નિર્દેશાયેલાં ૧૭૬૧ ના ત્રીજા પાણિપતનાં યુદ્ધમાં પરિણમી.

યુરોપ તરફ એક દષ્ટિપાથ કરીએ તો જણાશે કે ફ્રાન્સે અને સ્પેને કાળો કેર ફેલાવ્યો. ૧૫૮૦ થી ૧૬૪૦ ના ગાળામાં સ્પેને પોર્તુગાલનો કબ્જો કર્યો. હોલેન્ડે સ્પેનની વિરુદ્ધ ૮૦ વર્ષનું યુદ્ધ ચલાવ્યું. ૧૫૬૫ થી ૧૬૪૮.

અંગ્રેજ વિરુદ્ધ હોલંડના ચાર દરિયાઈ યુદ્ધો ખેલાયા. પહેલું ૧૬૫૨ થી ૫૪, બીજું ૧૬૬૪ થી ૬૭, ત્રીજું ૧૬૭૨ થી ૭૪, અને ચોથું ૧૭૮૦ થી ૮૪.

બીજી તરફ નેપોલિયને સ્પેન અને પોર્તુગલપર પોતાનો કબ્જો જમાવ્યો (૧૭૯૯ થી ૧૮૧૫)

આ બધાં આંતરવિગ્રહોનાં અંતે ઈંગ્લેન્ડજ એકલો એવો ઘોળો યુરોપીય પ્રદેશ રહ્યો, જેનાં યુરોપીય હરીફો એકબીજાને હંફાવીને ઈંગ્લેન્ડનો માર્ગ મોકળો કરતાં ગયાં.

આમાં અમેરિકામાં સ્થપાયેલાં અંગ્રેજોનાં પહેલાં સામ્રાજ્યનાં વિઘટનનો ૧૭૬૦ થી ૮૫ ઉલ્લેખ કરવાનો રહી ગયો છે. આ એંગ્લો-અમેરિકન યુદ્ધ એટલું ફેલાયેલું હતું, કે જે ઉત્તર અમેરિકાનો પ્રદેશ બ્રિટન એ જાળવી રાખ્યો, તેનું નામ પાછળથી કેનેડા બની ગયું. અને તે જ એંગ્લો-અમેરિકન યુદ્ધમાં અમેરિકન સફળતા તે વસ્તુને આભારી હતી, કે સ્પેન, ફ્રાન્સ અને હોલંડે અંગ્રેજોની વિરુદ્ધ અને અમેરિકાના પક્ષમાં યુદ્ધ છેડેલાં. આમ, અમેરિકાનો વિજય તે ચાર રાષ્ટ્રનાં, અમેરિકા, ફ્રાન્સ, સ્પેન, હોલંડ નાં સંયુક્ત પ્રયાસને લીધે હતો.

હવે ફરીવાર યુરોપ તરફ વળીએ. અંગ્રેજોનાં સામ્રાજ્યવાદી હરીફો હોલંડ, સ્પેન અને પોર્તુગલ, ડેન્માર્ક હતાં. તેમણે નેપોલિયનની આગેવાનીવાળાં ફ્રાન્સે કબ્જે લઈ લીધાં. અને ફ્રાન્સ પેલાં વિખ્યાત

બે લીલાં ઘાસનાં ટેકરાંઓ વચ્ચેનાં ગધેડાંની જેમ એ નિર્ણય જ ન કરી શક્યું કે, પૈસા અને સૈન્ય અંગ્રેજોને હરાવવાં અમેરિકા મોકલવા કે હિન્દુસ્તાનમાં વાપરવાં.

નતીજો એ આવ્યો કે ફ્રાન્સ બંને ઠેકાણે હારી ગયું, અમેરિકામાં અને ભારતમાં. સાત વર્ષના યુદ્ધ, ૧૭૫૬થી ૬૩ નાં અંતે વિશ્વનાં ઈતિહાસે કરવટ બદલી.

તે જ અરસાનાં ૧૭૬૧ નાં ત્રીજાં પાણિપતનાં યુદ્ધમાં અફઘાનો અને મરાઠાંઓ બંનેની આખરે તો હાર જ થઈ.

આમ, અચાનક આકસ્મિક રીતે, મુખ્યત્વે માછીમારીનો વ્યવસાય કરતી, યુરોપની વાયવ્યમાં વસેલી એક સાવ કોળીઓ જેવી નબળી અને નાની લડાકુ પ્રજા, હિન્દુસ્તાનમાં, ૧૭૬૫ની ઉપર વર્ણવેલી દિવાની, મેળવીને દક્ષિણ એશિયાનાં એક મોટાં સમૃદ્ધ સામ્રાજ્યની માલિક બની ગઈ.

ઈતિહાસમાં આવું ક્યારેક ક્યારેક બની જાય છે. જેમ કે તેરમી શતાબ્દીમાં મોંગોલ સામ્રાજ્ય જંગીઝખાનના નેતૃત્વ હેઠળ, ઠેઠ પ્રશાંત મહાસાગરથી લઈને યુરોપનાં બાલ્ટિક અને કાળાં સમુદ્ર સુધી, તથા રશિયા અને પર્શિયાની વચ્ચે આવેલા કાસ્પિયન સમુદ્રસુધી, પૃથ્વીનાં પડનાં લગભગ ૬ઠા ભાગ જેટલાં વિશાળ પ્રદેશમાં ફેલાઈ ગયું હતું.

તેવી જ રીતે અંગ્રેજોને ભાગે, પોતે હજમ કરી શકે તેનાથી વધારે મોટો કોળિયો ૧૭૬૫માં હાથ લાગી ગયો.

આ ઐતિહાસિક ઘટનાનાં ઉપર વર્ણવેલાં બે કારણો સમજી શકાય : એક યુરોપમાં ફ્રાન્કો-સ્પેનિશ વિગ્રહ અને બીજે છેડે ભારતમાં મરાઠાં-અફઘાન યુદ્ધમાળા. બંને બીનાઓ અઢારમી સદીની અધવચથી માંડીને ૧૯મી સદીની શરૂઆત સુધીમાં બની ગઈ.

તે જ અરસામાં હિન્દુસ્તાનની તાંત્રિક અને આર્થિક લૂંટમાર ચલાવીને અંગ્રેજોએ વિશ્વની પહેલી ઔદ્યોગિક ક્રાંતિ સર્જી (૧૭૬૦ થી ૧૮૬૦).

તો પહેલો પેટા-તબક્કો અંગ્રેજ સામ્રાજ્યના શાસનકાળનો, આપણે ૧૭૬૫ થી ૧૮૨૦ નો ગણી શકીએ. જે વર્ષો દરમ્યાન અંગ્રેજોએ હિન્દુસ્તાનની આંધળી લૂંટ ચલાવી અને અનેક દુષ્કાળો યોજ્યાં. જે દુષ્કાળો એ સાતેક કરોડથી વધુ ગરીબ દેશવાસીઓને રહેંસી નાખ્યાં. (જુઓ, વીસમાં પાનાં પરનું કોષ્ટક, ઉપર નિર્દેશાયેલાં મેનકાઈન્ડનાં અવાર-નવારનાં નિબંધો માંનો બીજો મણકો.)

હવે ત્યાર પછીનો બીજો તબકકો લઈએ. તો તે ૧૮૧૮/૨૦ થી માંડીને ૧૯૦૫ નો ગણી શકાય.

૧૮૧૮ માં ત્રીજું મરાઠાંયુદ્ધ ખેલાયું, જેમાં મરાઠાંઓનો પરાજય થયો. મરાઠાંઓનો આ અસ્તકાળ હતો, કારણ ઉપર જોઈ ગયાં તેમ, અફઘાનોએ ત્રીજાં પાણિપતનાં યુદ્ધ, એટલે ૧૭૬૧ માં જ, મરાઠાંઓને ખોખરાં કરી નાખ્યાં હતાં. તે પછી ૧૮૫૭ માં નાનાસાહેબે ઝાંસીની રાણી અને બિહારનાં કુવરસિંહ સાથે મળીને ૧૮૫૭ બળવો પુકારેલો, પણ તે નેપાલી, શીખ, અને મદ્રાસ, મહારાષ્ટ્રના નીચલી જાતિઓનાં સૈનિકોની મદદથી અંગ્રેજોએ નિષ્ફળ બનાવી દીધો હતો.

૧૯૦૫ પછીનો સમય આપણે છૂટ્ટો પાડચો છે. તેના કારણો આપણે આ પહેલાંના મારાં

પુસ્તક *ભારતની સંક્રાતિકાળની કલાઓ વીસમી સદી,* બે ખંડ, ૧૯૮૬-૮૮ માં જોઈ ગયાં છીએ.

સંક્ષિપ્તમાં ૧૯૦૫ થી ૧૧ માં બોયકોટ સ્વદેશી અને બંગાળનાં ભાગલાં વિરુદ્ધની લાલ-બાલ-પાલની ત્રિપુટીએ ચલાવેલી રાષ્ટ્રવ્યાપી ચળવળ હતી. આ સ્વદેશી ઝુંબેશને આધારે દેશમાં પોલાદનાં કારખાનાંની સ્થાપના થઈ. (ટિસ્કો નામની પ્રખ્યાત ટાટાકંપનીની સ્થાપનાનું વર્ષ ૧૯૦૭) તે જ પ્રમાણે પરેદશી કાપડ અને કપડાંની ગામેગામ હોળીઓ યોજાઈ. અને સ્વદેશી મિલોનાં કાપડનો બહોળો ફેલાવો થયો. સાથેસાથે સાકર અને સિમેન્ટનાં ઉદ્યોગો પણ ફાલ્યા. આપણે ત્યાંની ઔદ્યોગિક ક્રાંતિની નાનકડી એવી શરૂઆત આજ વર્ષોથી માની શકાય. તે પછી અંગ્રેજોએ પીછેહટ કરવા માંડી, અને મોર્લે-મિન્ટો (૧૯૦૭થી ૦૯), મોન્ટેગ્યુ ચેમ્સફર્ડ (૧૯૧૯ થી ૨૧), ફેડરલ (૧૯૩૫ થી ૩૮) અને ભાગલાં (૧૯૪૭) નાં ચાર-ચાર સંવિધાનિક સુધારાઓ અમલમાં આવતાં ગયાં.

૧૯૪૭ થી આપણે નવઉપનિવેશવાદની શરૂઆત ગણી શકાય. આર્થિક દષ્ટિએ જોતાં ત્યારથી ૧૯૮૧ સુધીનો ગાળો સત્તાધીશો કે નોકરશાહોનો પૂંજીવાદ (સ્ટેટકેપિટાલીઝમ) નો લેખી શકાય.

ત્યાર બાદનો એટલે કે ઈંદિરાનાં બીજીવારના રાજ્ય કારભારની ૧૯૮૧ થી આજસુધીનો ગાળો આપણ અંગત મિલકિયતનાં પૂંજીવાદનો અથવા પ્રાયવેટ કેપિટાલિઝમનો ગણી શકીએ. ખાસ કરીને ૧૯૯૧ થી નરસિંહરાવ અને મનમોહનસિંગની જોડીએ અધિકૃતપણે સ્વીકારેલાં વર્લ્ડ બેન્ક અને આંતરરાષ્ટ્રીય નાણાંકીય નિધિ દ્વારા સંચાલિત એલ.પી.જી નાં કાર્યક્રમ થી માંડીને આપણે ગણી શકીએ. (એલ.પી.જી. : એલ એટલે લિબર લાયઝેશન અથવા ઉદારીકરણ ; પી એટલે પ્રાયવેઆઝેશન અથવા ખાજગીકરણ; અને જી એટલે ગ્લોબલાયઝેશન અથવા વિશ્વીકરણ) | ૫૫।

હવે આપણે હિન્દુસ્તાનનાં ઈતિહાસનું યુગવાર અને તબક્કાવાર નિરૂપણ કરતું, કોષ્ટક નીચે નોંધી લેશું.

## હિન્દુસ્તાનની આર્થિક, રાજકીય અને સામાજીક ઈતિહાસનાં યુગો અને તબક્કાઓ, (ઈસવીસન પૂર્વે ૮૦૦૦ થી માંડીને આજ સુધી ઈસવીસન બાદ ૨૦૦૫ સુધીનો લગભગ ૧૦,૦૦૦ વર્ષનો ફાંસલો)

| યુગનું નામ | | યુગનો સમય |
|---|---|---|
| ૧. મુખ્યત્વે, પશુપાલનના પ્રભુત્વનો યુગ. વેદિક અથવા સરસ્વતી નદીની સંસ્કૃતિનો યુગ. | - | ઈસવીસન પૂર્વે ૮૦૦૦ થી ઈસવીસન પૂર્વે આશરે ૭૦૦ સુધીનો ગાળો. લગભગ ૭૦૦૦ વર્ષનો ફાંસલો |
| ૨. સામંતશાહી અર્થવ્યવસ્થાનો યુગ | - | ઈસવીસન પૂર્વે આશરે ૭૦૦ થી માંડીને ઈસવીસન બાદનાં ૧૭૬૫ સુધીનો, લગભગ અઢીહજ્જાર વર્ષનો ગાળો જેમાં પાંચ જાતનાં સામંતશાહી વર્ચસ્વોનો સમાવેશ થઈ જાય છે; |

સંઘ, સામંત, ઈક્તા, મનસબદારી અને પેંઢારી ઉપપ્રકારો. લગભગ ૨૫૦૦ વર્ષનો ગાળો.

૩. પૂંજીવાદી ઉપનિવેશકારોઅને તેમનાં વારસદારો જે નવઉપનિવેશવાદી દલાલો તરીકે ઓળખી શકાય. - ૧૭૬૫ થી આજસુધીનો એટલે ઈસવીસન બાદનાં ૨૦૦૬ સાલનાં અઢીસો વર્ષનો ગાળો.

## છેલ્લા અઢીસો વર્ષનાં પૂંજીવાદી યુગનાં વિગતવાર તબક્કાઓ :

| તબક્કાનું નામ અને સમય | તબક્કાની વિશેષ નોંધ |
|---|---|
| અ. ૧૭૬૫ થી ૧૮૧૮/૨૦ નો ગાળો, એટલે કે (આશરે) પ્લાસીનાં યુદ્ધ (૧૭૫૭) થી ત્રીજાં મરાઠાં યુદ્ધનાં પરાજય (૧૮૧૮/૨૦) સુધીનો ફાંસલો. લગભગ ૬૦ વર્ષનો ગાળો. | અંગ્રેજ શાહીવાદી લૂંટમારની શરૂઆતની કારમી અને ભીષણ યાતનાઓ, અને ભારતમાંથી પૂંજાનાં નિશ્કારાનનો સમય. સાત કરોડ પ્રજાનો બળજબરીએ લોદલાં દુષ્કાળો દ્વારા ભોગ અને ભારતના ઔદ્યોગિક કારીગરીનો બેકારી અને ભૂખમારીનો ૨૫૪ ~~પચાસ~~એક વર્ષનો શરૂઆતનો ગાળો. |

સવિશેષ નોંધ : સીધે સીધું અંગ્રેજ શાસન ભારતમાં ૧૭૬૫ના ઈસ્ટઈંડિયા કંપની એ મેળવેલાં પરવાના માંડીને ૧૯૪૭ સુધીનુંગણી શકાય એટલે કે. બધું મળીને ૧૮૨ વર્ષનું. તેમાંયે, પંજાબનો કબ્જો તો બીજાં શીખ યુદ્ધના અંતે ૧૮૪૮-૪૯ થી શરૂ થયેલો એટલે કે ફક્ત ૯૮ વર્ષનો, અને બલુચિસ્તાનનો કબ્જો તેથી પણ મોડો ૧૮૭૫-૭૬ પછીનો, એટલે કે માંડ સિત્તેર પંચોત્તેર વર્ષનો આંકી શકાય. સામાન્યરીતે, દેશવ્યાપી અંગ્રેજ પ્રભુસત્તાનો પ્રારંભ ત્રીજાં મરાઠાં યુદ્ધના અંતે એટલે ૧૮૧૮ થી આંકવામાં આવે છે. આમ જોતાં અંગ્રેજ રાજ્યની સમયસીમા કેવળ ૧૩૦ વર્ષની થાય.

દેશવાસીઓને હતાશ કરી નાખવાં, નાસીપાસ કરીને નિષ્ક્રિય કરી દેવા, અંગ્રેજો અને તેમની અસરનીચેનાં શાહીવાદી તત્ત્વો એ અંગ્રેજ રાજની સ્થાપના, ઈસ્ટ ઈંડિયા કંપની ની સ્થાપના નાં વર્ષથી ઈસવીસન બાદનાં ૧૬૦૦ નાં સમયથી કરી છે, પણ હિન્દુસ્તાનની ઉપર લશ્કરી કબ્જો જમાવવામાં અંગ્રેજોને ખાસો એવો સમય લાગી ગયો, ૧૬૦૦ થી ૧૭૬૫ નો એટલે કે ૧૭૫ વર્ષનો. ઉપર પંજાબ અને બલુચિસ્તાનનાં ઉદાહરણો મારફતે આપણે જોયું કે આ વિશાળ દેશનાં મબલક વસ્તી થી ખદબદતાં અનેક વિભાગોને તો અંગ્રેજો પોતાની એડી હેઠળ ૧૦૦ વર્ષ પણ રાખી શક્યાં નહોતાં.

## પૂંજીવાદી યુગનાં પેટા તબક્કાઓનું વિવરણ (ચાલુ)

બ. અંગ્રેજ પ્રભુસત્તાનો ભરભરાટીનો કાળ. (૧૮૨૦ થી ૧૯૦૫). ૮૫ વર્ષનો ફાંસલો. - આજ સદી દરમ્યાન (૧૭૬૫ થી ૧૮૬૦) અંગ્રેજોએ ભારતનાં ભોગે પોતાની પહેલી ઔદ્યોગિક ક્રાંતિ સંપુષ્ટ કરી. ભારતમાંથી

તંત્રજ્ઞાન અને મૂડી ચોરીને આ પહેલી વિશ્વની ઔદ્યોગિક ક્રાંતિ યોજવામાં અંગ્રેજોએ અંત્યત ક્રૂરતાવાપરી. કાર્લ માર્કસ લખી ગયો તેમ ''બંગાળનાં ગંગાનાં તટપ્રદેશમાં હિન્દુસ્તાનનાં વણકરોનાં હાડકાં સૂકાઈ ને પીળાં પડી રહ્યાં હતાં.''

**ખાસ નોંધ :** વિલિયમ ડિગ્બી, આર. સી. દત્ત, દાદાભાઈ નવરોજી અને મોન્ટગવરી માર્ટિનનાં અંદાજો મુજબ અંગ્રેજ પ્રભુસત્તા દરમ્યાન પ્રતિવર્ષ લગભગ એકહજાર કરોડ રૂપિયાનાં હિસાબે ભારતમાંથી પૂંજીનું નિશ્કાશન થયું હતું. (જુઓ, મેનકાઈન્ડનાં અવારનવારનાં નિબંધોમાંનો બીજો મણકો, નવેમ્બર ૨૦૦૪, પૃ. ૧૯ અને ત્યાં આપેલાં અનેક સંદર્ભ ગ્રંથો.)

ક. ઝડપી અને કાયરતારપૂર્ણ શાહીવાદી પીછેહાટનો ફાંસલો. ૧૯૦૫ થી ૧૯૪૭ નો, લગભગ ૪૦ વર્ષનો. – બાલ-પાલ અને લાલ નાં નેતૃત્વ હેઠળ ખેડાયેલી સ્વદેશી બોયકોટ અને બંગાળનાં ભાગલાં વિરુદ્ધની ચળવળને લીધે ઉપરાછાપરી ચાર સંવિધાનો અમલમાં આવ્યાં. મોર્લે મિન્ટો સુધારા, ૧૯૦૭ થી ૦૯; મોન્ટેગ્યુ ચેમ્સફર્ડ સુધારા, ૧૯૧૯-૨૧, ફેડરલ કોન્સિટચુશન, ૧૯૩૫-૩૭; ભાગલાંનું સંવિધાન, ૧૯૪૭. દેશવ્યાપારી દુષ્કાળોની હારમાળાં, રાષ્ટ્રવાદી ચળવળનાં પ્રતિકારને લીધે સહેજ ઓછી કારમી બની, અને કાપડ, સાકર, સિમેન્ટ અને સ્ટીલનાં ઉદ્યોગોની પુનઃ સ્થાપના થઈ.

ડ. નવઉપનિવેશવાદી દલાલ અર્થવ્યવસ્થાનો શરૂઆતનો સમય સત્તાધીશોનાં અથવા નોકરશાહોનાં પૂંજીવાદનો (સ્ટેટકેપિટાલીઝમનો) ગણી શકાય ૧૯૪૭ થી ૧૯૯૧ એટલે ૪૫ વર્ષનો ગાળો. – જેમાં મોટી પૂંજીની લાગડ કરવી જરૂરી હતું, અથવા જે મૂડીને પાકીને નફો કરવામાં લાંબો સમય લાગે, તેવી બધી જડમૂળની ગૂંતવણૂકો રાજ્યસત્તાની ઉપર છોડી દેવાનું ભૂખરાં વાનનાં દલાલોને ફાવ્યું, એટલે કહેવાતાં સમાજવાદ અને ખરેખરાં સત્તાધીશોનાં પૂજીવાદ (સ્ટેટકેપિટાલીઝમ) ની અર્થવ્યવસ્થા કાયમ થઈ. જવાહરલાલ નેહરુ અને પી. સી. મહાલોનોબિસે આપણી અર્થવ્યવસ્થાનું પુર્નગઠન કર્યું. આ પુર્નગઠન

બે અંગ્રેજ અર્થશાસ્ત્રીઓ રોય હેરોડ અને એવસે ડોમાર એ સૂચવેલાં નવશાહીવાદી નકશા પ્રમાણેનુ હતું. (અર્થશાસ્ત્રાની *ફોરચ્યુન એન્સાઈકલુપિડિયા,* તંત્રી હેન્ડરસન, ટાઈમ વાર્નર કંપની, ન્યૂયોર્ક, ૧૯૯૩, પૃ. ૭૯૦-૯૧)

ઈ. ઈંદિનરાનાં પુર્નઆગમનનો ૧૯૮૧ ના વર્ષ પછીનો કાળ આપણે અંગત માલિકીની અર્થવ્યવસ્થાનાં વિકાસનો ગણી શકીએ. અર્થાત છેલ્લા ૨૫ વર્ષનો ગાળો. - વર્લ્ડ બેન્ક અને આંતરરાષ્ટ્રીય નાણાંકિય નિધિનાં હુકમો અનુસાર હિન્દુસ્તાનની અર્થવ્યવસ્થાનું શાહીવાદી સંચાલન તો ૧૯૪૭ થી જ ચાલુ હતું. જે વસ્તુ આપણે રૂપિયાના સતત એકધારા અવમૂલ્યન પરથી જોઈ શકીએ છીએ. (જુઓ, લાંબુલચક કોષ્ટક, રૂપિયાના વિનિમયદરના પતનનું. ઉપરની અવારનવારનાં નિબંધોની માળાનાં બીજા મણકાંનાં પાન સત્તાવીસથી ત્રીસ સુધી ફેલાયેલું કોષ્ટક. જે કોષ્ટક પ્રમાણે ૧૯૪૭ નો સવા-ત્રણ રૂપિયાનાં એકે ડોલરનો દર ૨૦૦૨-૦૩ સુધીમાં ૪૭.૫૦ રૂપિયાનો થઈ ગયો.

ટૂંકાણમાં,પૂંજીવાદનાં બધું મળીને અંગ્રેજ શાસનવાળા અને ત્યારબાદનાં, દેશી દલાલોની સત્તાનાં, પાંચ તબક્કાઓ લેખી શકાય.

આ બધાં અર્થવ્યવસ્થાનાં યુગો અને તેની નીચેનાં પેટાં તબક્કાઓ છેલ્લાં દસહજાર વર્ષના ગાળામાં અને સો કરોડની પ્રજાનાં દેશમાં સમાયાં છે. એટલે સાવ ચિવટાઈથી કોઈ વર્ષની કે કોઈ દેશના વિભાગની બદલાતી પરિસ્થિતિનું વર્ણન આપણે ચોક્કસાઈથી કરી શકીએ જ નહિં. એ વસ્તુ તો સ્વાભાવિક છે.

ધ્યાનમાં રાખવાની વસ્તુ છે, તે મૂળ અને મહાપ્રવાહ.

દા.ત. દસરજન, જે યુદ્ધનું વર્ણન ઋગ્વેદમાં થયું છે. અને ત્યારબાદના મહાયુધ્ધ મહાભારત નાં યુદ્ધનાં ત્રણેય મહાકાવ્યો માં નિરૂપણ થયેલાં સમાજનું અધપતન દેશનાં વિવિધ ભાગોમાં વિવિધ ગતિએ થયું. આજલગ જુદા જુદા પ્રદેશોમાં અનેક જાતિ-જમાતો છે, આહિર, ભરવાડ, રબારી, યાદવ, ચમાર, મેર વગેરે જેવી. જે સંપૂર્ણરીતે અથવા બૃહદઅંશે પશુપાલન, દૂધદોહન, ચર્મ, હાડકાં, શિંગડાં, વગેરે ને આકાર આપીને પોતાનો જીવનનિર્વાહ કરે છે. છતાં આપણે તેને પશુપાલનની

અર્થવ્યવસ્થાનો ભાગ ન ગણી શકીએ, કારણ કે મોટેપાયે ખેતીવાડી અને ઉદ્યોગધંધો એ રાષ્ટ્રીયઆવકનાં પ્રમુખ સ્ત્રોત બની ગયાં છે. એટલે આપણે તેની પશુપાલનની સભ્યતાને આજે ગૌંણ જ ગણવી જોઈએ.

તેવી જ રીતે ખેતીવાડીના વ્યવસાયનું છે.

આજની, દેશની, વાર્ષિક આવકનો ભાગ્યે જ ચોથો ભાગ કૃષિ કામને ફાળે જાય છે. (જુઓ, સ્ટ્રકચર ઓફ પ્રોડકશનનાં દર વર્ષે છપાતાં આંકડાં) જો કે દેશની વસ્તીનો સાઠ થી સિત્તેર ટકાનો હિસ્સો ગામડાંઓમાંજ વસે છે. પણ તેમણે કષ્ટ કરીને ઉપજાવેલી વાર્ષિક આવકનું પ્રમાણ એકદમ ઘટી ગયું છે એટલે આપણો દેશ ઉત્પાદનનીદષ્ટિએ ખેતીપ્રધાન નથી રહ્યો જો કે દેશની પ્રજા ખેતી પ્રધાન છે. પણ, આજ વસ્તુ દેશની કંગાલિયતનું ઉદાહરણ અને કારણ છે. ૭૦% દેશવાસી ઓ ફક્ત ૨૫% વાર્ષિક આવક પેદા કરતાં હોય છે. જે વિમાસણ માંથી આપણે ત્વરાથી બહાર પડવાનું છે.

**ઐતિહાસિક દષ્ટિએ ઈસવીસન બાદની ૧૭૬૫ની દિવાની સુધીનો દસહજાર વર્ષથી સહેજ જ ઓછો ગાળો ભારતની વિશ્વમાં સર્વોપરીતાનો હતો.**

પંદરમી અને સોળમી સદી દરમ્યાન, જે સમયમાં બધી યુરોપીય દરોડાઓની હારમાળાં યોજાઈ, જેને યુરોપીય ઈતિહાસકારો અને ભૂગોળનાં વિશારદો ''એજ ઓફ ડિસ્કવરી'' અથવા ''શોધનો યુગ'' નાં નામથી ઓળખે છે. તે બધાંજ દરિયાઈ શસસ્ત્ર અભિયાનો હિન્દુસ્તાનને શોધવા સારું થયાં હતાં. એટલે જ તો આદિવાસી અમેરિકનો આજ સુધી રેડ ઈંડિયન એટલે કે ''લાલ હિન્દુસ્તાની'' ઓ તરીકે ઓળખાય છે. પૉપ એલેકઝાંડર છઠાએ મધ્યસ્થી કરીને ૧૪૯૪ની ટોરડેસિયાસની સંધિ સ્પેન અને પોર્ટુગલ વચ્ચે યોજી હતી. આ સંધિ મુજબવિશ્વને બે ભાગમાં વહેંચી નાખવામાં આવ્યું હતું. તે મુજબ સ્પેનને બ્રાઝિલ છોડીને બાકીનો બધો દક્ષિણ અમેરિકાનો પશ્ચિમ વિભાગ અને પેસિફિક મહાસાગરનો મેક્સિકોથી ફિલિપિન્સ સુધીનો મહાપ્રદેશ રંજાડવા અપાયો. પોર્ટુગલને બ્રાઝિલથી ઈન્ડોનેશિયાનાં તિમોર ટાપુ સુધીનો વિશાળ પ્રદેશ કબ્જે કરવા અને લૂંટવા મળ્યો

એ જ હિસાબે તો પોર્ટુગાલનો વાસ્કો ડી ગામા ૧૪૯૮ માં કેરળનાં બંદરો અને બારાંઓ પર તોપમારી ચલાવવા આવ્યો (પુર્તગાલી-ફિરંગી સત્તાને હઠાવીને ડચ વલંદાનું સામ્રાજ્ય સ્થપાયું જેને હરાવીને અંગ્રેજો અને ફ્રાન્સેસીઓ ફાવ્યાં આ બધું આપણે ઉપર લખી ગયાં છીએ.)

કોલંબસ જેને નામે અમેરિકાની ૧૪૯૨ની શોધ પ્રદાન કરવામા આવે છે, તે કોલંબસ તો મરતાં દમ સુધી એમજ માનતો હતો કે આદિવાસી અમેરિકનો લાલ વાનના હિન્દુસ્તાનીઓ છે.

યુરોપીયન ચાંચિયાઓ અને જળ લૂટેરાંઓ, તરેહતરેહનાં માર્ગે હિન્દુસ્તાન પહોંચવા ફાંફા મારી રહ્યાં હતાં, યુરોપીયન લોકોનાં નૈઋત્યમાર્ગ મેળવવાનાં ધમપછાડાં અને ફાંફાંને લીધે જ તો કેનેડાનો ઘણોખરો વિસ્તાર ''શોધાયો''.

આ ''શોધાયો'' શબ્દ વિચિત્ર છે. લાખો કરોડો બિનયુરોપીય આદિવાસી અને મૂળદેશવાસી સૈકાઓથી જ્યાં વસતાં હોય, તેવાં પ્રદેશો અને વિશાળ ખંડોને યુરોપીય ''શોધી કાઢતાં''. આવી

''શોધ'' ને ઐતિહાસિક મજાક જ ગણી શકાય !

તેવી જ રીતે ઈશાનનાં માર્ગના વાટે લંડનમાં એક મસ્કાવી કંપનીની સ્થાપના થઈ. જેની બારીકાઈઓમાં આપણે નહિં ઉતરીએ. એક જમાનામાં આ મસ્કોવી કંપની બહુ મોટી માતબર સંસ્થા હતી. અને કરોડો પાઉન્ડની લેણદેણ કરતી, મસ્કોવી કંપનીની સ્થાપના ૧૫૫૫ માં સબાસ્ટિયન કેબોટે કરી હતી. (આ કંપની મરતી મરતી આલજગ ડચકાં ખાય છે.)

જમીનમાર્ગે, તે જમાનાની સર્વોપરી યુરોપીય વેપારી પ્રવૃત્તિ વેનિસ નામના ઈટાલિયન શહેરથી યોજાતી. માર્કો પોલો નામનો વ્યાપારી તેનાં બાપાં અને કાકા સાથે તેરમી સદીમાં હિન્દુસ્તાન, ચીન અને મધ્ય એશિયાની સફરે પૈસા કમાવવા આવ્યો હતો (૧૨૭૧-૯૫) પણ આપણે ઉપર લખી ગયાં છીએ તેમ, એશિયાના સામંતોના ભૂમી સૈન્યો એટલાં જબરદસ્ત હતાં, કે એ જમીનમાર્ગે ધોળાંઓ બહુ અસર જમાવી શક્યાં નહિં. સલાદિન નામનાં એક નાનકડાં રાજ્યનાં કર્તાહર્તાએ યુરોપીય દળોને રૂંદી નાખ્યા. એટલી હદ સુધી કે યુરોપનાં મોટાં હિસ્સાં ઉપર ત્રણ ત્રણ એશિયાઈ સામંતશાહી રાજ્યો નું વર્ચસ્વ પ્રસ્થાપિત થયું.

ટૂંકાણમાં, યુરોપીયનોનો અગિયારમી બારમી સદીમા જમીનમાર્ગે હિન્દુસ્તાન પહોંચવાનો પ્રયાસ નિષ્ફળ થઈ ગયો પહેલું, તો તેમની પાસે સૈન્યબળ જ નહોતું બીજું, ધોળાંઓ પાસે તે જમાનામાં વેપાર, કરવાનો માલ કે પૈસા જ નહોતાં. જ્યાં સુધી સ્પેન અને પોર્ટુગલે ઉત્તર અને દક્ષિણ અમેરિકાની સંપત્તિને હડપ કરી નહોતી ત્યાં સુધી હિન્દુસ્તાનનો મબલખ માલની સામે તેઓ કશું વળતર આપી શકે એવું નહોતું.

એટલે પહેલાં અમેરિકાનાં કહેવાતાં ''લાલ હિન્દુસ્તાની'' ઓને લૂંટવા પડયાં અને તેમની પાસેથી લૂંટેલાં ધનને હિન્દુસ્તાનમાં લાવવું પડયું અને તે પછી જ હિન્દુસ્તાનનો માલ યુરોપમાં વેંચીને તેઓ ધનદોલત કમાયાં. (જુઓ, બ્રુકસ એડમ્સ, *સંસ્કૃતિ અને તેની અવનતિ નો નિયમ,* વિન્ટાજ બુકસ, ન્યૂયોર્ક, ૧૮૯૫, નું ખાસ કરીને દસમું પ્રકરણ, સ્પેન અને હિન્દુસ્તાન)

## કલાનું સામાજીક સ્થાન

હવે ફરી એકવાર કલાની દુનિયામાં ઝુકાવીએ. આજની આપણી આર્થિક, રાજકીય અને સામાજીક વ્યવસ્થાની ભીતરમાં કલાનું સ્થાન ક્યાં અને કેટલું ઊંચું આંકવુ ?

આ એક ગજબનો જટિલ પ્રશ્ન છે.

વિનિપાત, અવમૂલ્યન, નૈતિકતાનું છડેચોક અપમાન અને ઉલ્લંઘન, આવું બધું તો જ્યાં નજર ફેંકીએ ત્યાં દષ્ટિગોચર થાય છે. આવાં પતન થયેલાં પ્રદેશમાં કલાની અવગતિને વર્ણવવુ પણ અધરુ છે.

છતાં એક અછડતો પ્રયાસ કરી જોઈએ.

પહેલાં ક્રમવાર કલાના વિવિધ ક્ષેત્રોનો જમા-ખર્ચનું તાળવું કાઢીએ.

સૌ પ્રથમ કેટલાક સર્વસામાન્ય નિયમો ને પ્રસ્થાપિત કરીએ.

જે પ્રદેશ અથવા રાષ્ટ્ર વિનિમય વ્યાપારમાં સર્વોપરી હોય, તે જ દેશ કે રાષ્ટ્રનું તંત્રજ્ઞાન અને સંસ્કૃતિ સરખામણીમાં સર્વોપરી ગણાય. દા. ત. આજે અમેરિકન અને યુરોપીય દેશોએ પેદા કરેલાં માલની વિશ્વભરમાં બોલબાલાં છે, તો પછી તેમનું જ તંત્રજ્ઞાન અને તેમનીજ સંસ્કૃતિ અને કલાપ્રકારોનો જથ્થો સર્વોત્તમ મનાય તે સ્વાભાવિક છે.

તેવી જ રીતે ૧૭૬૫ ની દિવાની સુધીનું ભારતનું સ્થાન અદ્વિતીય હતું. બધી જ બાબતમાં ભારતવાસીઓની બોલબાલાં હતી.

જમ્મુદ્વિપનાં હિંદવાસીઓ અને ભારતવાસીઓની એક વિશિષ્ટતા ખાસ નોંધપાત્ર પહેલે થી જ, આદિકાળથી જ હતી. આ વિશિષ્ટતા હતી પ્રત્યેક ક્ષેત્રમાં તેમની સર્વસામાન્ય નિયમો તારવવાની. વૃત્તિ, ખાસિયત કે પરંપરા.

દા. ત. આંકડાનો જ દાખલો લઈએ. આપણે બધાં, વિશ્વભરમાં, પૃથ્વીનાં પટનાં કોઈપણ ભાગમાં આંકડાંઓ હિન્દુ પદ્ધતીએ જ લખીએ છીએ અને ગણીએ છીએ. શૂન્યથી ૯ સુધીનાં અંક, પ્રત્યેક દસકાંને અંતે ડાબી તરફ આંક લખવાની પદ્ધતિ, તેજ પ્રમાણે સો, હજાર, લાખ, કરોડ, અબજ, એમ કરતાં જ રહેવાની પદ્ધતિ આ સંપૂર્ણ ગણતરી કરવાની મૂળભૂત દસકાની પદ્ધતિ એ હિન્દુસ્તાનીઓની વિશ્વની જનતાને ભેટ છે. આવું કોઈ બીજી પ્રજાએ શોધ્યું નહોતું.

આ દસકાનો નિયમ તારવવો એ જબરજસ્ત અનેરી બુદ્ધિ શકતીનો પરચો દાખવે છે.

યુરોપીય ધોળાંઓ I, V, X, L, C, D, M ની ગડમયલમાં ગૂંચવાયેલાં રહ્યાં. અરબોએ હિન્દુસ્તાનમાંથી ઉછીનું પ્રાપ્ત કરીને યુરોપીયનોને ક્રૂઝેડનાં વખતથી આ જ્ઞાન છેલ્લાં હજારેક વર્ષથીજ મેળવી આપ્યું. ત્યાં સુધી, વિજ્ઞાનની પ્રગતિ બધી એશિયાના દેશોમાંજ થઈ હતી, વિશ્વનાં બધાંજ વૈજ્ઞાનિકો, ગણતિશાસ્ત્રીઓ, ખગોળશાસ્ત્રીઓ, પદાર્થશાસ્ત્રીઓ, રસાયણશાસ્ત્રીઓ, ભાષાશાસ્ત્રીઓ, બધી જ જાતનાં, બધાં જ વિષયનાં નિષ્ણાતો કેવળ એશિયામાંજ અને ખાસ કરીને ભારતમાંજ જડી આવતાં.

બિચારા ધોળા યુરોપીય તો બિલ્કુલ ઊચ્ચ સંસ્કૃતિથી બકાત રહી ગયાં હતાં, અને સભ્યતાથી સો ગાઉ દૂર હતાં.

આપણે કોઈ પણ વિષય લઈએ તો તેનો વિશારદ ઘણું કરીને આપણાં દેશમાંથી જ શોધવો પડે.

એક બીજો દાખલો લઈએ. ભાષાશાસ્ત્ર કે વ્યાકરણનો. પાણિનીના અષ્ટાધ્યાયી જેનો કાળ ઈસવીસન પૂર્વેની પાંચમી શતાબ્દી પહેલાંનો મનાય છે, તેની બરોબરનો ગ્રંથ હજી વીસમી સદી સુધી યુરોપમાં લખાયો નહોતો.

આવી જ જાતની સર્વસામાન્ય નિયમો તારવવાની અજોડ, અદભુત હિન્દુસ્તાનની શક્તિનો પરચો સંગીત ક્ષેત્રે પણ જડી આવે છે. ચોથી-પાંચમી સદીનાં માતંગ પંડિતે લખેલાં બૃહદદેશી નામનાં ગ્રંથમાં ઉલ્લેખ કરાયેલાં રાગનું માળખું ગણિતનાં આંકડાં જેવું જ છે. આપણાં કાનની શ્રવણશક્તિ સાથે

હાર્મોનિક સિરિઝ સંકળાયેલી છે. એટલે કે ૧/૧, ૧/૨, ૧/૩, ૧/૪, ૧/૫, ૧/૬, ૧/૭, વગેરે. સા થી ઉપરા સા નો ગાળો બરાબર બમણો થાય છે. એટલે કે મધ્ય સપ્તકનો સા જો ૨૪૦ સ્પંદનનોનો હોય તો તારનો સા ૪૮૦ સ્પંદનોનો હોય અને મંદ્ર સપ્તકના સા ૧૨૦ સ્પંદને આવે. આ બિલ્કુલ સાહજીક અને કાનની શ્રવણશક્તિનાં આધારે રચાયેલું સ્વર સપ્તકનું માળખું છે. સપ્તકનાં આપણે ત્યાં ૨૨ વિભાગો કરી નાંખવામાં આવ્યાં છે. જેને શ્રુતિનાં નામથી ઓળખવામાં આવે છે. આ એક અડસઠો, જાડો હિસાબ, છે. આપણા કાન આનાથી વધારે સૂક્ષ્મ સ્પંદનોનાં તફાવતોને પારખી શકતો નથી. આ સપ્તકની અંદરનાં આંતરિક વિભાગો ઉપરની વર્ણવેલી હાર્મોનિક હારમાળાં પ્રમાણે યોજાયેલી હોય છે તેનાં સાત પ્રમુખ હાર્મોનિક સ્પંદનો શુદ્ધ સ્વર તરીકે ઓળખાય છે, સા-રે-ગ-મ-પ-ધ-નિ-સા, જેમ આંકડામાં ૧ થી ૯ અને ૦ એવી સંજ્ઞાઓ પ્રમુખ અંકો માની લેવામાં આવ્યાં છે.

બીજાં પાંચ કોમળ રે, કોમળ ગ, તીવ્ર મ, કોમળ ધ, અને કોમળ નિ નાં નામે જાણીતાં છે આપણે ત્યાં જે બાવીસ શ્રુતિઓ ગણાય છે તેને પશ્ચિમમાં બાર સૂરોનાં સપ્તક, ડાયટોનિક સપ્તકનું નામ અપાયું છે (શ્રાવ્ય, સૂરધ્વનિ તે જ શ્રુતિ) અને ત્યાં યુરોપમાં બધાં સપ્તકનાં આંતરિક ફાંસલાઓ સરખાં કરી દેવામાં આવ્યાં છે, જે નિયમ હાર્મનિનાં સિદ્ધાંતથી વિપરિત છે. એટલે હિન્દુસ્તાનીનાં કાનને પિયાનોનો કે કોઈપણ અંગ્રેજી ગાયન-વાદનાં સાધન નો, ઓર્કેસ્ટ્રાનાં કોઈપણ વાધનો, સ્વર કર્કશ અને બેસૂરો લાગે છે કારણ તે હાર્મોનિક હારમાળામાં બેસતો જ નથી.

ખેર, આપણે મુખ્ય મુદ્દા પર આવીએ ગણિતનાં અંકોની જેમ આપણાં શાસ્ત્રીય સંગીતનાં સૂરો ધ્વનિની હાર્મોનિક હારમાળાથી બંધાયેલાં છે. સપ્તસૂરોની અને તેમાંથી નિપજતાં ઠાઠ અથવા મેલાકર્તા સ્વરોનાં જુથોમાંથી પેદાં થતાં રાગોની પદ્ધતિ મૂળ હિન્દુસ્તાનમાંથી જ ઈરાણ વાટે ગ્રીસ અથવા યુનાન પહોંચી. આ મૂળ યુનાની પદ્ધતિ યુરોપમાં મોડલ મ્યુસિક તરીકે જાણીતિ છે, અને તે ઠેઠ બીઝેન્ટાઈન સંગીતના મૂળમાં હતી. એટલે કે ઈસવીસનનાં તેરમી ચૌદમી શતાબ્દીનાં અંત સુધી.

હાલમાં પ્રચલિત પાશ્ચાત્ય ઓર્કેસ્ટ્રાનું ચલન ક્યારથી અને કેવી રીતે યુરોપમાં દાખલ થયું; અને તુર્કીના લશ્કરી બેન્ડબાંજાનો આ પાશ્ચાત્ય ઓર્કેસ્ટ્રાનાં સાથેનો બનેનાં શિશુકાળનો સમય; આ બધી વિગતોમાં આપણે અહીં નહી જઈ શકીએ. લગભગ ૧૮મી સદીથી આ પશ્ચિમનાં ઓર્કેસ્ટ્રાનું ચલન અને આધિપત્ય શરૂ થયું.

સંક્ષિપ્તમાં, એમ સમજી લેવાનું કે સંગીતમાંનું રાગનું સામ્રાજ્ય ગણિતનાં અંકોજેવું જ છે. બંને હિન્દુસ્તાની સંસ્કૃતિને અનુરૂપ એવી પદ્ધતિએ તારવવામાં આવ્યાં છે. જેમ ગણિતનાં અંકો વિજ્ઞાનનો મૂળભૂત પાયો છે. તેમ રાગોનું માળખું વિશ્વભરનાં સંગીતનો પાયો છે.

ટૂંકાણમાં, આપણી શાસ્ત્રીય સંગીત પદ્ધતિ તેજ એકમાત્ર સંગીતની મૂળભૂત હાર્મોનિક વ્યવસ્થાને અનુરૂપ છે. અને બધાંજ સંગીતપ્રકારો વિશ્વનાં કોઈપણ ખૂણાંના હોય, તે એમાં વિલીન થતા જોઈ શકાય છે.

આવી જ પરિસ્થિતિ ચિત્રકલા અથવા રંગો અને આકૃતિઓની વિવિધ રમઝટ અથવા યોજના ઓની છે.

આપણે ત્યાંની તંત્રકળા એટલે કે મંત્રોનાં સાથિયાં, વિશ્વની સૌ પ્રથમ અમૂર્ત, નિરાકાર, કલાનો પ્રયોગ છે, જે ચોથી-પાંચમી શતાબ્દીથી એકધારો ખેડાતો રહ્યો છે. અમુક રંગો ચોક્કસ ઉર્મિઓથી પ્રેરિત હોય તેવો તાંત્રિક કલાકારોનો આગ્રહ હતો. આ વિશેનું સાહિત્ય અતિશય બહોળું, અને જટિલ છે.

મારાં મત પ્રમાણે પાશ્ચાત્ય, અમૂર્ત અથવા નિરાકાર કલાનું ઉદ્‌ગમસ્થાન પણ ભારતીય જ હતું. વાસીલી કાંડિનસ્કી નામનાં એક જર્મની નાં રહેવાસી, પણ મૂળનાં રશિયન, કલાકારે સૌ પ્રથમ ''એબસ્ટેકટ આર્ટ'' નો પ્રયોગ ૧૯૦૮ ની આસપાસ કરેલો. આ કાંડિનસ્કી હિન્દુસ્તાનની થિઓસોફી નામની વિચારધારાની અસર હેઠળ આવેલો. (જુઓ, તેમનું લખાણ, *કન્સરનીંગ ધ સ્પિરિચ્યુલ ઈન આર્ટ*, ૧૯૧૪, જેની ઉપર આપણાં રાષ્ટ્રીય સંગ્રહાલયનાં એક વખતનાં સંચાલક લક્ષ્મી શિહારે એ પોતાની પી.એચ.ડી. થિસિસ પણ લખી હતી.)

આ બાબતમાં દિલ્હીની કુમાર ગેલેરીનાં સંસ્થાપક રવી કુમારે પ્રકાશિત કરેલાં, તાંત્ર કલાંના બે ત્રણ દળદાર ગ્રંથો પણ જોઈ જવાં જેવા છે.

કંઈક આવી જ રીતે, આપણાં મધ્યકાલીન ચિત્રકારોએ રાગમાલાંના ચિત્રપ્રવાહનું સર્જન કરેલું. તેમાં સંગીતનાં સૂરો અને ચોક્કસ રંગોનો મેળ પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અને આપણાં સંગીતકારો જેને ધ્યાન મંત્રો તરીકે ઓળખે છે, તે કાવ્યની પંક્તિઓ એવાં રાગમાલાંના ચિત્રોપર લખવામાં પણ આવતી. કેટલાક વિવેચકો એમ પણ માને છે, કે આ રાગમાલાનાં ચિત્રો જુદાં જુદાં રાગો અને સ્વેરોનાં સમૂહો નું સચોટ અથવા આબેહૂબ નિરૂપણ કરતા હતાં. તે વસ્તુ મને પ્રતિતિકર લાગતી નથી. છતાં એ વસ્તુપર વાચકનું ધ્યાન ખેંચુ છું કે હિન્દુસ્તાનનું માનસ આજ જાતનું છે. કોઈપણ જ્ઞાનના ક્ષેત્રની હકીકતો ને એકઠી કરવી અને તેમાંથી સર્વસામાન્ય નિયમો તારવવાં, જે બધાંજ વિજ્ઞાનીઓ, એટલે કે વિશેષ જ્ઞાનીઓ સતત કરતાંજ હોય છે. કેટલીક ધારણાઓ ખોટી, અથવા સાવ સાચી નહીં તેવી, પણ નિવડે. તોયે પ્રયાસનો હેતુ સમજવા જેવો છે.

અહીં આપણે આયુર્વેદનો પણ ઉલ્લેખ કરી શકીએ. મૂળધારણા એવી કે મનુષ્યનું શરીર એક રસથી સર્જાયેલું છે. તેને સર્વાંગી દૃષ્ટિએ તપાસવું જોઈએ. શરીરનાં રોગોને મન અને શરીરને જોડતી યોગની પ્રક્રિયાનો પ્રકાર ગણવો જોઈએ. મનનો વિકાર થાય તો શરીર ભાંગી પડે અને શરીરનો વિકાર થાય તો મન તૂટી જાય. સાચી દવા તે આહારની જ હોઈ શકે. અને શ્વાસોશ્વાસ લેવાની પદ્ધતિ પણ સરખી કરવી જોઈએ. પછી તેને પ્રાણાયામ કહીંએ કે બીજું કાંઈપણ. શરીરના અમુક દોષો ખાસ મહત્વનાં છે. જેમકે વાત-પિત્ત અને કફના ત્રિદોષો, નાડીનાં ધબકારાં પણ અતિ સૂક્ષ્મતાથી તપાસવા જોઈએ. સ્વાદ પણ પાંચ-છ પ્રકારનાં છે. (મોળું, મીઠું, ખારું, તૂરૂં, તીખું, અને કડવું અને તેનાં અનેક મિશ્રણો.) કુદરતમાંથી કોઈપણ વસ્તુને લઈને તેની ભસ્મ કરીને તેને પચાવવા યોગ્ય બનાવી શકાય છે. જેમકે આયુર્વેદ વિશ્વની લગભગ એકમાત્ર પદ્ધતિ છે, જેમાં શુદ્ધ ધાતુઓનો પ્રયોગ કરવામાં આવે છે. ઉપરાંત પરવાળા, નીલમ, મોતી, હિરાં, માણેક એવા રત્નોનો પણ ઉપયોગ આયુર્વેદમાં થાય છે. ફળ, ફૂલ, બીજ, મૂળ, લેપ, બાષ્પીભવન, શેક એવી તો અનેક પદ્ધતિઓને આયુર્વેદ આવરી લે છે.

મૂળ વસ્તુ છે, શરીરને સર્વાંગી, સમગ્ર, સંઘટિત, એકાકિ, દષ્ટિએ જોવાનો; તેમાંથી સર્વસામાન્ય નિયમો તારવવાનો; આહારને જ ઔષધનું સ્વરૂપ સમજવાનો; ચિત્ત અને તનને એકબીજાની સાથે મેળવી દેવાનો અને કુદરતમાંથી મળી આવતી બધી જ વસ્તુને ગ્રાહ્ય સમજવાનો, એટલે કે કુદરત અને મનુષ્યનું શરીર એ પણ એક રૂપ નાં જ વિવિધ પાસાંઓ છે જેમ, મનનાંવિચાર અને શરીરક્રિયા.

જેને આજ પશ્ચિમનાં લોકો હોલિસ્ટિક મેડિસિન કહે છે. તે આયુર્વેદ હજારો વર્ષથી ઓળખતો આવ્યો છે.

કોઈક ક્ષુદ્ર ક્ષેત્ર બાબતમાં આયુર્વેદનાં વિધાનો ક્યારેય ખોટાં પણ ઠરે. પણ, આયુર્વેદ તો ભારતીય વિચાર પદ્ધતિનું એક નમૂનાનું સ્વરૂપ છે. જેમ ગણિતનાં આંક, સંગીતનાં રાગ, ચિત્રકલાનાં તાંત્રિક રંગો અને આકારો.

હજી એક વધુ દાખલો લઈએ. સ્થાપત્યનાં ક્ષેત્રે, આશ્રમ અને ઉપવનો લઈએ તો, આજનાં વિશ્વનાં બધાં નેશનલ પાર્ક, નેચરલ સેંકન્યુઅરી, અભયારણ્યો, વાતાવરણને સમતુલિત રાખવાનાં વિવિધ પ્રકારો છે, તેવું સર્વમાન્ય થઈ ગયું છે. આ બધું જ સ્થાપત્ય, આખરે તો આશ્રમ અને ઉપવનમાંથી નિપજ્યું છે. વેદનાં ઋષિ મુનિઓનાં આશ્રમો અને ઉપવનોનું જ પુર્નરાવર્તન અને પુર્નનિર્માણ આજે થઈ રહ્યું છે.

વિશ્વનાં બગીચાં બનાવવાની બે જ પ્રમુખ ધારાઓ છે. એક, હિન્દુસ્તાનની - ઉપવનવાળી અને બીજી, ઈરાણની રણપ્રદેશ વચ્ચેનાં દ્વીપની. *(ઓઆસિસની)*

આ બીજી પદ્ધતિતે, સ્વર્ગના ગાલીચાંના નામે ઓળખાતી. નહેરોની બાજુમાં, ભૂમીતિનાં સજ્જડ આકારોને અનુસરતી, ફૂલ-પાન નાં ક્યારાંઓ અને વાડોને આવરી લેતી, સંપૂર્ણરીતે કૃત્રિમતાને ઉપસાવતી, એવી આ બીજી પ્રથા છે. એટલે કે, સંક્ષિપ્તમાં એક ભારતીય, અને બીજી ઈરાણી પ્રથાઓ છે.

બૌદ્ધ ધર્મની સાથે હિન્દુસ્તાનથી ચીન, જાપાન સુધી ફેલાયેલી પદ્ધતિ તે ભારતીય અભ્યારણ્યો અને ઉપવનોની. આવું બધું, ઘણું કરીને પૂર્વતરફનું થતું ગયું.

પશ્ચિમ તરફ ઈરાણ મારફતે ગયા. કૃત્રિમ ભૂમિતી સર યોજાયેલાં, નહેરો, ફુંવારાઓ અને વાડોનાં ચિત્ર-વિચિત્ર આકારો અને તેની વચ્ચેની પથ્થર અને ટાઈલથી આચ્છાદિત પગદંડીઓનાં વળાંકો ઠેઠ દૂરદૂર ફ્રાંસની રાજધાની વરસાઈના મહેલ સુધી અઢારમી સદી સુધીમાં પહોંચી ગયા.

અંગ્રેજ બગીચાંની પદ્ધતિ આ ભારતીય અને ઈરાણી પદ્ધતિઓનું મિશ્ર સ્વરૂપ છે.

તેજ પ્રમાણે હજી એક વધારે ઉદાહરણ આપી શકાય. બૌદ્ધ ધર્મની સાથે ત્રણે રચનાઓનો વિકાસ અને ફેલાવો થયો. સ્તૂપ, ચૈત્ય, અને વિહાર. આમાં સ્તૂપ ઉપરની છત્રાવલિમાંથી પૂર્વના બધાં જ પેગોડાઓનું સર્જન થયું. ઠેઠ જાપાન, કોરિયા સુધી, તિબેટ, મંગોલિયા, ચીન વગેરેની સહ.

બીજી તરફ ચૈત્યમાંથી પશ્ચિમની ચર્ચ ઉદ્ભવી જેમ કે, કાર્લાની ગુફામાંથી પશ્ચિમની ચર્ચનું મૂળભૂત માળખું સ્થપાયું. (જુઓ, એસ. કે. સરસ્વતીનો ભારતીય સ્થાપત્યની પરંપરાવાળો લેખ,

જેનો સમાવેશ ભારતીય વિદ્યાભવનનાં આર. સી. મુજમદારની વડે તંત્રિત, *હિસ્ટ્રી એન્ડ કલ્ચર ઓફ ધિ ઈન્ડિયન પીપલ,* ભાગ -૨, માંથી જડશે.)

આ ચૈત્યનાં વચલાં ભાગે એક અર્ધગોળાકાર છત, લાકડાંઓની પટ્ટીથી યોજીત બનાવવામાં આવતી. જેની બંને બાજુએ સાંકડી પ્રદક્ષિણા કરવાની શેરીઓ ગોઠવાતી. ગુફાને દૂરને છેડે એક અર્ધ ગોળાકાર ભાગ રહેતો, જે પાછળથી એપ્સ તરીકે જાણીતો થયો. એ એપ્સની વચ્ચોવચ પ્રમુખ પ્રાર્થના સ્થળ, ઓલ્ટર, ગોઠવાતું. આખીએ રચના હૂબેહૂબ અર્વાચીન ચર્ચની જડમૂળની પ્રતિકૃતિ હતી.

આમ, ચૈત્ય ભારતીય પશ્ચિમની તરફની ચર્ચનું ઉદ્‌ગમસ્થાન બન્યું, તો સ્તૂપની છત્રાવલિ પૂર્વનાં પેગોડાંનાં સર્જનનું મૂળ થયું. તે ઉપરાંત ભારતના મંદિરોનાં સ્થાપત્યનું સીધેસીધું અનુકરણ બર્મા, થાયલંડ, લાઓસ, કેંબોડિયા, વિએતનામ, મલેશિયા અને ઈન્ડોનેશિયાનાં અનેક મંદિરોમાં પરિણમ્યું.

છેલ્લે આપણે વિશાળ અને ભવ્ય સાહિત્યનાં કલાક્ષેત્રને વિચારમાં લઈએ.

એ કહેવાની ભાગ્યેજ જરૂર હોય, કે વિશ્વનું સૌથી પ્રાચીન સાહિત્ય તે ભારતનાં જ વેદકાળનું. તે લગભગ ત્રણહજાર એકસોથી આરંભાયલા કલિયુગના સમયથી શરૂ થયું હશે, એવી ધારણા બાંધી શકાય. (કલિયુગ વિષેનું સાહિત્ય ખૂબ વિસ્તૃત છે, તેમાંથી આપણે ભારતીય વિદ્યાભવનનાં ઉપર ઉલ્લેખાયેલાં હિસ્ટ્રી એન્ડ કલ્ચર ઓફ ધિ ઈન્ડિયન પીપલ નાં પહેલાં ભાગનો સંદર્ભ દર્શાવી ગયાં છીએ. તે જ હારમાળાંની સંદર્ભસૂચિમાંથી વિશેષ માર્ગદર્શન મળશે. તે ઉપરાંત કોસાંબીનાં *એન ઈન્ટ્રોડકશન ટૂ ધ સ્ટડી ઓફ ઈન્ડિયન હિસ્ટ્રી,* પોપ્યુલર બુક ડેપો, બોમ્બે, ૧૯૫૬, અને આર. એસ. શર્માના વિવિધ આજ વિષય ઉપરનાં લખણોની તરફ આંગળી ચીંધું છું.)

આ ઉપરાંત એમ. વિન્ટરનિન્ટસ નાં *હિન્દુસ્તાની સાહિત્યનાં ઈતિહાસનાં* ત્રણ ભાગ (યુનીવસીટી ઓફ કલકત્તા અને મોતીલાલ બનારસીદાસ, ૧૯૨૭-૬૩) માં અધિકૃતપણે લખાયેલું છે, કે ભારતનું સાહિત્ય ઈન્ડો-આર્યન પ્રજાના વિશ્વના સાહિત્ય માંથી સૌથી પ્રાચીન, સૌથી વધુ વિવિધતાથી ભરપૂર, અને સૌથી મહત્વનું મનાયું છે, આ વસ્તુ નિર્વિવાદ છે. જે શાહીવાદી ધોળાંઓ હિન્દુસ્તાનની ઉપલબ્ધિઓની સામાન્યરીતે અવગણના કરતાં હોય છે, તેઓએ પણ આપણી સાહિત્યના ક્ષેત્રની અજોડ સિદ્ધિઓનો સ્વીકાર કર્યો છે.

આપણે અહીં મેનકાઈન્ડનાં ઓક્ટોબર ૧૯૯૯ નાં અંકમાં છપાયેલાં ભાષાનાં યુગો અને વેદનાં સાહિત્યનાં પ્રાદેશિક પરિવર્તનોના બે કોષ્ટકો, પૃ. ૫૧, ૫૨, પરનાં, સંદર્ભ તરફ નિર્દેશ કરું છું. તે ઉપરાંત જાતકકથાનું વિશ્લેષણ કરતો મેનકાઈન્ડનો ઓક્ટોબર, ૧૯૯૫, પૃ. ૮૦ થી ૮૨ નાં અંક તરફ પણ આંગળી ચીંધું છું.

ઈન્ડો-આર્યન પ્રજાના, અને સાથેસાથે તે પ્રજાના નિકટના સંપર્કનાં આવેલી સેમિટિક-હેમિટિક અને તુર્કો-મોગલ પ્રજાઓનાં સંપૂર્ણ વાર્તા સાહિત્યનો ઉદ્‌ભવસ્થાન હિન્દુસ્તાન રહ્યું છે. વિશ્વનાં ગદ્ય અને પદ્ય વાર્તાસાહિત્યની ઉપજ બૌદ્ધ જાતક કથાઓ અને તેને જ સમાંતર એવાં મહાવીરની મા-ત્રિશલા નાં સપના લગભગ ઈસવીસન પૂર્વેની સાતમી થી પાંચમી શતાબ્દીનાં અરસાંના

મનાય છે. આ જાતક કથાઓ અને સપનાંઓમાંથી ગુણાઢ્યની *બૃહદ્કથાનું* બીજ આકાર પામ્યું. તે પછી તો વાર્તાઓનો ધોધ શરૂ થઈ ગયો; સોમદેવની *કથાસરિતસાગરનો* કાળ લગભગ અગિયારમી સદીનો ગણાય છે. (જુઓ, એન. એમ. પેંઝરે, તંત્રી પદેથી મઠારેલાં અને મોતીલાલ બનારસીદાસે પ્રકાશિત કરેલાં દસ ખંડોમાં ફેલાયેલાં સોમદેવની *કથાસરિતસાગરની* ૧૯૬૮ ની આવૃત્તિ)

આ *કથાસરિતસાગરથી* વાર્તાઓનાં સાગરનો અંત આવતો નથી. ત્યારબાદ *શૂક કથા, વેતાળ બત્રીસી, પંચતંત્ર, હિતોપદેશ,* અને તેનાં જેવાં નામોનાં અનેક સંગ્રહો પ્રચલિત થયાં. આમાંથી અરબોની *અરેબિયન નાઈટ્સ* અને *કાલિલાં અને દિમનાં* નામનાં સંગ્રહોનો ઉદ્ભવ થયો. અને આયરલેંડ થી આસામ અને મોરોક્કોથી જાપાન સુધીનાં ત્રિખંડી પદેશોમાં અસંખ્ય નવાંનવા નામકરણ પામતો, લખાતો અને ફેલતો ગયો.

ટૂંકાણમાં, વિશ્વનાં સમગ્ર વાર્તાસાહિત્યનું ઉદ્ગમસ્થાન ભારત જ હતું, તે વિધાન નિર્વિવાદ છે.

વેદિક કાળનાં ઉપનિષદોની દૂરગામી અસર વિખ્યાત અગ્લો-અમેરિકન કવિ ટી. એસ. એલિયટનાં ખંડ કાવ્ય વેસ્ટ લૅંડ (૧૯૨૨) સુધી પહોંચી હતી.

તેવી જ રીતે આ વેદિક કાળનાં અંદરનાં હિસ્સામાં લખાયેલાં વિશ્વવિખ્યાત મહાકાવ્ય ગીતાનો ઉલ્લેખ કરી શકાય. આકાવ્ય પાછળથી મહાભારતનું એક અંગ બની ગયું.

વેદોની-ઉપનિષદોની, ગીતાની, મહાભારત-રામાયણની ચિરકાલીન, ગ્રહનાં એક છેડેથી બીજે છેડે સુધી ફેલાયેલી અસરની, સાહિત્યક્ષેત્રે બીજી કોઈ પરંપરાની સાથે તુલનાજ ન થઈ શકે.

પાણિનીનાં વ્યાકરણ અષ્ટઅધ્યાયી અને પિંગળનાં છંદશાસ્ત્રની અદ્વિતીય સર્વોપરીતાંનો નિર્દેશ ભાગ્યેજ પુર્નરુચ્ચાર કરવાની જરૂરિયાત હોય, તેવું જ અર્થશાસ્ત્રના પ્રખર પંડિત કૌટિલ્ય અને સમાજશાસ્ત્રનાં નિષ્ણાત વાસાયનનાં કામસૂત્રની બાબતમાં કહીં શકાય. ભારતીય સાહિત્યની વિપુલતા, વિવિધતા અને પ્રખરતા, દેશના જુદાં જુદાં ભાગોમાં રચાયેલાં ઉર્દૂનાં દસ પ્રાદેશિક પ્રકારનાં સાહિત્ય સુધી અખંડ રહીં હતી. આજે અંગ્રેજીમાં અર્વાંચીન દલાલ સંસ્કૃતિની ખુશામત, સિંહગર્જનાની જેમ કરતું, સલમાન રશ્દીનું લખાણ, ૧૯૮૩ સુધી આપણી પ્રાદેશિક ભાષાઓનાં સાહિત્યને જ અંગ્રેજી કરતાં વધારે ઉંચી કક્ષાનું સ્વીકારી લેતું હતું. (સલમાન રશ્દી, ઈમેજનરી હોમલેન્ડસ, ગ્રાન્ટા વાયકિંગ, ૧૯૮૩, લંડન, પૃ. ૬૯) ઈન્દિરાનાં ૧૯૮૧ થી થયેલાં પુર્નઆગમનની બાદ, અંગત મિલકિયતની અર્થવ્યવસ્થાનાં પાયાં રોપાયાં. તે પછી સલમાન રશ્દીએ પોતાનો સૂર બદલ્યો, અને જે અંગ્રેજીની નાની પિપૂડી બજાવતો હતો, તે લેખક મોટો સિંહનાદ કરતો થયો. તે વસ્તુ આપણે *ઈમેજનરી હોમલેન્ડસની* કબૂલિયાત પરથી જોઈ શકીએ છીએ.

હિન્દુસ્તાનની એક પ્રાદેશિક ભાષામાં લખાયેલી સર્વશ્રેષ્ઠ નવલકથા તે ઓરિયાભાષાની ફકીર મોહન સેનાપતિની નવલ *છમાંના આઠ ગુંઠા (સિક્સ એકરસ એન્ડ અ હાફ)* છે. (સાહિત્ય એકેડમી, ૧૯૫૬) આ લગભગ વીસમી સદીની શરૂઆતમાં સ્વદેશી, બોયકોટ અને ભાગલાં વિરોધી ચળવળનાં આરંભ વખતે જ એટલે કે ૧૯૦૪ ની આસપાસ લખાયેલી.

અંગ્રેજી ભાષાનું પ્રાધાન્ય નવઉપનિવેશવાદી દલાલ સંસ્કૃતિનાં પુર્નગઠન અથવા વિજ્યોલ્લાસનાં બીજાં પર્વ એટલે કે ઇંદિરા ગાંધીનાં પુર્નઆગમન ૧૯૮૧ ની આસપાસના વર્ષોથી માની શકાય. ત્યાં સુધી દેશનાં ભૂખરાં રંગનાં દલાલો દબાઈ દબાઈને બોલતાં અને સંભાળીને ચાલતાં. ત્યારપછી, અંગતમિલકિયતની અર્થવ્યવસ્થાનાં હજાર ફાયદાં દાખવવા, દેશનાં બુદ્ધિજીવીઓ તલપાપડ થઈ ગયાં. તેઓને ૧૯૪૭ થી અમલમાં આણેલી નોકરશાહી સત્તાધીશોનાં પૂંજીવાદને, સમાજવાદી અર્થવ્યવસ્થાનું મહોરું પહેરાવીને, નિંદા કરવાનું ફાવતું થયું.

આજે કરોડો ટનનાં કાગળો પર આ કહેવાતાં, સમાજવાદની નિંદા ચારેતરફથી થઈ રહીં છે. કોઈને સાચાં સમાજવાદની વ્યાખ્યા કે ઓળખ કરવાનો વખત જ નથી. નોકરશાહી એ ચલાવેલો સાશકવર્ગનો પૂંજીવાદ એ જ સમાજવાદ, એવું ગૃહીત ધરી લેવામાં આવ્યું છે.

ખરું પૂછાઓ તો, સમાજવાદનો, આવાં બિભત્સ, ભ્રષ્ટ થયેલાં, શાસન કર્તાઓનાં એકાધિકાર વાળી, અર્થરચના સાથેનો, કોઈ સંબંધ નથી. સમાજવાદ તો લોકશાહી ને તેની ચરમસીમાએ પહોંચાડે છે. પ્રત્યેકની પાસેથી તેની યથાયોગ્ય શક્તિથી ઉત્પન્ન થયેલું ગ્રહણ કરવું, અને હરેકની જરૂરિયાત પ્રમાણે તેને આપવું. આ સમાજવાદનો મૂળભૂત સિદ્ધાંત છે. લોકશાહી અને આર્થિક વ્યવસ્થા પરનાં યોજનાબદ્ધ લોકતંત્ર થી જ ખરેખરો સમાજવાદ ફલિત થાય. અંગત મિલકિયતનાં પૂંજીવાદને વ્યક્તિ સ્વાતંત્ર્યનું ઓઠું પહેરાવીને સામાજીક વિષમતા અને શોષણ કદી દૂર ન થઈ શકે. આ લખાણ આપણાં દેશને અને માનવસમાજને આગેકૂચ કરવામાં, ભારતની આર્થિક વ્યવસ્થાને સબળ કરવામાં, અને શોષણ-દમન નાં સામ્રાજ્યનો અંત લાવવામાં, મદદરૂપ થઈ પડશે. તેવી આશા વ્યક્ત કરીને હું મારાં વાચકની રજા લઉંછું.

ooo

## વિનાયક પુરોહિત : એક જીવનરેખા

જન્મ : ૧૯૨૭, કલકત્તા ખાતે

અગસ્ત ૧૯૪૨ ની ચળવળના સ્વાતંત્ર્ય સૈનિક; ખોપરી ભાંગી તે શીવાજી ઉધાનના કિનારે ૯.૯.૪૨ ના રોજે, પોલિસના અત્યાચારના લીધે; ત્રણ વખત ધરપક્કડ : પહેલી વાર પોલીસ સીપાહીને મશાલ વડે જાળવાના પ્રયાસ સારૂ; બીજી વાર પ્રતિબંધિત સાહિત્યના ઉત્પાદન અને વિતરણના કારણે; ત્રીજીવાર ગુનાહ પૂર્વેની નિવારક ગિરફતારી, વર્લી જેલ ખાતે, મુંબઈમાં.

કામદાર યુનિયનના કાર્યકર્તા ૧૯૪૮ થી ૧૯૫૨; સામાન્ય મંત્રી, બોમ્બે પ્રેસ એમ્પલોઈઝ યુનિયનના સમાજવાદી પક્ષના સભાસદ તરીકે; ફરી સમાજવાદી પક્ષ સાથે જોડાણ ૧૯૫૬ માં જ્યારે રામમનોહર લોહિયાએ તે પક્ષની પુનઃરચના કરી.

સ્નાતક, ૧૯૪૮ માં મુબઈની એલિફિસ્ટન કોલેજ દ્વારા, બી. એ. ઓનર્સના વિષયો : ઈતિહાસ, રાજકારણ અને અર્થશાસ્ત્ર; પી. એચ. ડી. ના નિબંધનુ શિર્ષક : હિન્દુસ્તાનના સંક્રાંતિકાળની કલાઓ, વીસમી સદી, બે ભાગ, ૧૪૫૦ પૃષ્ઠ; જે છાપ્યું પોપ્યુલર પ્રકાશને ૧૯૮૬-૮૮ ના વર્ષોમાં; જ્યેષ્ઠ સંશોધક, યુજીસી અને આઈસીએસએસઆર, દીલ્હી, ૧૯૭૬-૮૦; આમંત્રિત પ્રોફેસર, ફીલ્મ અને ટેલિવિઝન ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડીયા, પુના; અને પંજાબ યુનિવર્સિટિ, ચંદીગઢ, ૧૯૮૦-૨; નિરિક્ષક, આટર્સ કાઉન્સીલ ઓફ ગ્રેટ બ્રિટન ૧૯૮૧; મહેમાન-પ્રોફેસર, યાલ્મર્સ ઈન્સ્ટીટ્યુટ ઓફ ગોથેનબર્ગ, અને રોયલ ટેક્નીકલ ઈન્સ્ટીટ્યુટ, સ્ટોકહોમ, સ્વીડન, ૧૯૮૧; મહેમાન વિજ્ઞાનિક, સીએસઆઈઆર, દીલ્હી, ૧૯૮૦-૨; સલાહગાર, આઈએલઓ પ્રકલ્પ, પાલઘર, મહારાષ્ટ્ર, ૧૯૮૩-૮૫.

કલા, સ્થાપત્ય, સંગીત, નૃત્ય, નાટ્ય, અલચિત્ર અને સાહિત્યના ક્ષેત્રોના વિવેચક; અને મુંબઈ, વીએના, બર્લિન, બ્રસેલ્સ, ફ્રેંકફર્ટ, કાહીરા, લાગોસ, શીકાગો વગેરે સ્થળોના ટી.વી. અને રેડિઓ પરના પ્રચારક; અમદાવાદના *સંસ્કૃતિ*, મુંબઈ અને દીલ્હીના *ડીઝાઈન*, મુંબઈના *ટાઈમ્સ*, *ફ્રી પ્રેસ* અને *ઈન્ડીયન એક્સપ્રેસ;* કલકત્તાના *હિન્દુસ્તાન સ્ટેન્ડર્ડ;* મુંબઈના *ધર્મયુગ*, મુંબઈના *સમકાલીન;* વગેરે નિયતકાલિકાઓ ના વિવેચક અને લેખક.

વર્ધા ખાતે ગીતાઈ મંદીરના સ્થપતિ, ૧૯૬૫-૭૫

લોહિયાના અને સમાજવાદી પક્ષના મુખપત્ર મેનકાઈન્ડને પુનઃજીવીત કર્યું ૧૯૯૫ થી ૨૦૦૧, પુના ખાતે.

● મેનકાઈન્ડ માસિક ની ગ્રંથમાળા અવારનવારના નિબંધોની :

આ બધા અંગ્રેજીમાં

૧. પૃથ્વીના સમગ્ર પડ પર યુરોપીય ધોળાઓનો ઓળો; જાન્યુઆરી ૨૦૦૪

૨. બીનદલાલી વૃતાંત : અંગ્રેજ શાહીવાદે ચલાવેલી હિન્દુસ્તાનની લૂંટ; નવેમ્બર ૨૦૦૪

૩. ૧૯૭૫ પછી વિશ્વમાં ત્રિપુટીનું અધિપત્ય; જુન ૨૦૦૫

૪. સાર્ક અને આસિયાને ૧૦° ઉત્તર રેખાંશની કા નહેર બાંધવી જોઈએ, જુલાઈ ૨૦૦૫

૫. એક છલ્લોછલ છલકાતા જીવનની કહાણી, ૧૯૨૭-૨૦૦૫, પ્રકરણ પહેલું :- વિવરાણની એક શરૂઆતની સમાલોચના

૬. એક છલ્લોછલ છલકાતા જીવનની કહાણી, ૧૯૨૭-૨૦૦૫, પ્રકરણ બીજું :- જ્યારે અંગત જીવન રાષ્ટ્રના સામાજીક જીવન માં વિલિન થાય છે.

ગુજરાતીમાં

૭. કલાનો સર્વસામાન્ય સામાજીક ઉદભાવ, ઉપભોગ અને ઉપયોગ.

૮. ભારતની ભૌગોલીક વિશિષ્ટતાઓ અને તેને આધારે રચાયેલી અર્થ. રાજકીય અને સામાજીક વ્યવસ્થા.

હવે પછી અંગ્રેજીમાં

૯. માછીમારીના ઉદ્યોગનો વિકાસ, યુરોપીયન દરિયાઈ સામરિક શક્તિનો ઉદય, અને યુરોપની જાહોજલાલી : ૧૦૯૮-૨૦૦૫

● વિનાયક પુરોહિતના અન્ય પ્રકાશનો :

અંગ્રેજીમાં

ભારતના સંક્રોતિકાળની કલાઓ : વિસમી સદી, બે ભાગ, ૧૪૫૦ પૃષ્ઠ,
પોપ્યુલર પ્રકાશન, મુમ્બઈ, ૧૯૮૬-૮૮

કલા અને રાજકારણનું સમાજશાસ્ત્ર, એક દસ પુસ્તિકાઓનો સેટ, ૧૯૮૯-૯૨

ભારતીય ચલચિત્રનું સમાજશાસ્ત્ર, ૧૯૯૦

ગુજરાતીમાં

સ્ટીલ ફ્રેમ, એક ત્રિઅંકી નાટક, ૧૯૯૧

ત્રિભેટો, એક ત્રિઅંકી નાટક, ૧૯૯૪

Purohit-Guj-05